શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૨મું
જુલાઈ : ૨૦૧૭ • અંક : ૧
પાના નં. : ૧ • (કુલ પેજ : ૪૨)

૧૫ જુલાઈ, ૨૦૧૭ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૭-૨૦૧૭ કિંમત : રૂા. ૧૮/-




તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Girlie™

Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House, Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.

મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૪૦૦૯૬૯-૭૦

- ફિક્સ ડીપોઝિટ ઉપર આકર્ષક વ્યાજદરો
- બચત તથા કરંટ ખાતા માટેની યોજના
- રૂા. ૧ કરોડ સુધીની લોન ધિરાણની વિવિધ યોજનાઓ અને વ્યાજનો દર

FD ના ખાતેદાર માટે ૯૦ થી ૬૫% સુધી OD માત્ર ૧ % વધુ વ્યાજ થી તેમજ થર્ડ પાર્ટી OD માટે પણ માત્ર ૧% વધુ વ્યાજ.

વિવિધ સાઈઝના લોકર ફક્ત ગ્રાહકો માટે વગર વ્યાજની ડીપોઝિટથી



SILICON®
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

**Customer Care:** 09376327182, 09375021100
**Email:** info@silicon-group.com; coordinator@silicon-group.com
**Web.:** www.silicon-group.com

Navinbhai Patel
Director
Mob. : 9825034905

Ramjibhai Patel
Ratanshibhai Patel

PATIDAR

PATIDAR PACKERS PVT. LTD.

Wooden Boxes Crafts & Pallets.
Mfrgs. & Specialist in Seaworthy Packaging.

Opp. Ahmedabad Steel Craft, Near G.V.M.M., Odhav Road, Ahmedabad - 382 415.
Ph.: 079 - 22901233, 22902433, 22900933

Aashish Dinesh Mehta

Vikas Infrastructure
Land Developers & Investors

804, Aakridi Heights, Opp. Aangan Party Plot,
Nr. Prerna Tirth Derasar, Satellite, Ahmedabad-15.

(M) : 93741 31715, 94288 26997

Email : vikas_infra@rediffmail.com

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004

પ્રેરણા સ્ત્રોત
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્

શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com shreeraghuvansham@gmail.com

મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન... કર્ણાવતીની દાબેલી થી જ શોભે...

મણીનગરના પ્રખ્યાત
કર્ણાવતી™ દાબેલી સેન્ટર





આપકા સ્વાદ... હર પલ યાદ...

Our Main Branch

Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower,
Uttamnagar, Maninagar, Karnavati - 380 008.

Drive-In-Road
LL /12, Indraprastha Tower, Nr. Himalaya Mall, Drive - In - Road, Bodakdev, Ahmedabad- 380052.

Bopal
A -01 & 02, New York Arcade, Nr. Bhavya Park, Opp. Inductherm, Bopal, Ahmedabad.

★ Food's Regent Spice Products (Mfg. Dabeli Instant Masala)
6,7,8, Ground Floor, Karmam Avenue, Opp. Surya City,
B/h.Hirabhai Tower, Maninagar, Ahmedabad.

Mahendra Sangoi
Chairman, M.D.

RAMDEV GROUP

Mfg. of
Cement Concrete Blocks & Pavers
Builders and Developers

Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E). Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

વર્ષ-૩૨ ● અંક - ૧

૧૫ જુલાઈ, ૨૦૧૭

**માનદ્ સલાહકાર**

શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**

**અશોક મહેતા - મુખ્ય તંત્રી**

મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦

**દિનેશ આર. મહેતા**

મો. ૯૯૨૪૩૪૨૬૨૮

**ભોલાભાઈ ગોલીબાર**

ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**

**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**

મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮

**શ્રી ભરત ઓઝા - સભ્ય**

મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩

**શ્રી સુનીલ દાવડા - સભ્ય**

મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**

વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.



'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી


## આ અંકમાં....

### વિભાગ-૧ :-


**તંત્રી લેખ**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સર્વગ્રાહી પ્રવૃત્તિઓ પર એક દૃષ્ટિપાત ..... **અશોક મહેતા**....૪

**કચ્છ**

- કચ્છી ચલણ અંગે જર્મન પ્રકાશન ..... **બાબુલાલ ગોર**....૭
- કચ્છના મહાબંદર કંડલાનું નામ બદલવાનું અવ્યવહારુ સૂચન ..... **વી. જે. ઠાકર** નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક....૮

**વિચાર મંથન**

- જીભ ટૂંકી રાખો... લાંબુ જીવો ..... **દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ**....૯
- વ્યવસાયમાં અનુભવની મહત્તા ..... **હરિદાસ કે. ઠક્કર 'હરિ'**....૧૦

**સમાજની ક્ષિતિજો**

- સગોત્ર લગ્ન ઉચિત - અનુચિત! ..... **ભીમજી નાકરાણી**....૧૧ તંત્રી : 'સરદાર જ્યોત', 'ઉમિયા દર્શન'

**અતીતમાં નજર**

- અતીતની અટારીએથી – ૩ : 'કોંગ્રેસનો આરંભ' ..... **ભાવાનુવાદ : ભરત ભટ્ટ**....૧૨

**સ્વાસ્થ્ય**

- શા માટે યોગ જરૂરી છે? ..... **ડૉ. મિહિર એમ. વોરા**....૧૪
- માનસિક સ્ટ્રેસની શરીર પર અસર (સારવાર) – ૫ ... ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક....૧૫ ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક

**લઘુકથા**

- બસની અંદર ..... **બાબુલાલ ગોર**....૧૭
- રસ્તો ..... **જગદીશ જાની**....૧૭
- 'ટકોરો' ..... **રજનીકાંત ઓઝા**....૧૭

**રેકોર્ડ**

- પાસબુકમાં નવી એન્ટ્રી! ..... **ભોલાભાઈ ગોલીબાર**....૧૮

**મેઘ ધનુષ**

- લઘુ કાવ્યો ..... **અરુણા અરુણ ઠક્કર**....૨૧
- ટેવ ..... **મુકુંદ કે. મહેતા**....૨૧
- મિત્રતા ..... **અદિતિ વસા**....૨૧

**વિવિધતા**

- પ્રતિભાવ ..... ૨૨
- અન્ય સંસ્થાના સમાચાર ..... ૨૪
- વિવિધ માહિતી ..... ૨૫
- શબ્દ શોધ : ક્રમાંક-૬૨ ..... **પ્રદીપ જોશી**....૨૭
- ગુરુર્દેવો મહેશ્વર તસ્મૈ શ્રી ગુરવે નમઃ ..... **મહાભાઈ આર. વોરા**....૨૮


### વિભાગ-૨ :-


- પરિવાર સમાચાર ..... ૩૧
- સમાજ સમાચાર ..... ૩૩
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ..... ૩૭

તંત્રીલેખ

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સર્વગ્રાહી પ્રવૃત્તિઓ પર એક દૃષ્ટિપાત



અશોક મહેતા

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેના સ્થાપનાકાળથી અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારોને એક તાંતણે બાંધી રાખવા પ્રયત્નો કરતો રહેલ છે. તેથી તે તેની સમાજોપયોગી પ્રવૃત્તિઓ માટે હંમેશાં કાર્યરત રહેતો આવેલ છે. વર્ષોના અનુભવ પછી કચ્છનો કોઈ સામાન્ય પ્રશ્ન હોય તો તેના ઉત્તમોત્તમ પરિણામો આવે તેવા પ્રયાસો કરતો રહે છે. છેલ્લે છેલ્લે તેની મુખ્ય પ્રવૃત્તિઓમાં નવનિર્વાચિત કચ્છી ધારાસભ્યશ્રીઓનું બહુમાન, ઉચ્ચ દરજ્જે ઉત્તીર્ણ થયેલ સમાજના બાળકોનું સરસ્વતી સન્માન, શૈક્ષણિક હેલ્પ લાઈન, કચ્છી નૂતન વર્ષની ઉજવણી, નવરાત્રિની ઉજવણી તેમજ માસિક મુખપત્ર ‘કચ્છશ્રુતિ’નું નિયમિતપણે પ્રસારણ રહેવા પામેલ છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ તેની નિયમિત પ્રવૃત્તિઓ બની જવા પામેલ છે.

- **કચ્છશ્રુતિ :**

  તાજેતરના ભૂતકાળમાં આ સમાજે તેની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારી દીધેલ છે. સૌ પ્રથમ તો તેના માસિક મુખપત્ર ‘કચ્છશ્રુતિ’નું કલેવર બદલી તેને ઉત્કૃષ્ટ સામાયિક બનાવવા પ્રયાસ આદરી દેવામાં આવેલ. સવિશેષપણે અવારનવાર માહિતીપ્રદ વિશેષાંકો બહાર પાડવામાં આવે છે. ઓક્ટોબર-૨૦૧૪માં **કચ્છી કંપા વિશેષાંક** બહાર પાડવામાં આવેલ હતો કે જેમાં સાબરકાંઠા, અરવલ્લી, ખેડા તથા મહીસાગર જિલ્લાના લગભગ ૧૫૪ કંપાઓની માહિતીનો સમાવેશ કરવામાં આવેલ હતો. એક અંદાજ પ્રમાણે કચ્છી કડવા પાટીદારોના ગુજરાતના આ વિસ્તારમાં લગભગ ૬૦૦ કંપા આવેલ છે. બાકી કંપાઓની માહિતી પ્રસારિત કરવાની બાકી રહે છે. જુલાઈ-૨૦૧૫માં **માહિતી વિશેષાંક** બહાર પાડવામાં આવેલ કે જેમાં કચ્છ વિશેની અલભ્ય માહિતીઓનો સમાવેશ કરવામાં આવેલ હતો. નવેમ્બર-૨૦૧૫માં **દીપોત્સવી વિશેષાંક** બહાર પાડવામાં આવેલ કે જેમાં ગુજરાતના આંતરરાષ્ટ્રીય કક્ષાના અંદાજિત ૨૦૦ મહાનુભાવોના ફોટા પ્રસારિત કરવામાં આવેલ હતા. ઓગસ્ટ-૨૦૧૬માં **રાષ્ટ્રગીત વિશેષાંક** અને સપ્ટેમ્બર-૨૦૧૬માં **રાસ-ગરબા વિશેષાંક** બહાર પાડવામાં આવેલ હતા કે જેના પડઘા માત્ર કચ્છીઓમાં નહીં પરંતુ અમદાવાદ સ્થિત અને અન્યત્ર વસવાટ કરતા અનેક ગુજરાતી સમુદાયોના પડેલ હતા અને આ અંક મેળવવા તેઓએ પણ પડાપડી કરેલ હતી. છેલ્લે ડિસેમ્બર-૨૦૧૬માં **કરન્સી નાબૂદી વિશેષાંક** બહાર પાડવામાં આવેલ હતો કે જેમાં અનેક આર્થિક તજજ્ઞોના કરન્સી નાબૂદી અંગેના માહિતીસભર લેખોને પ્રસારિત કરવામાં આવેલ હતા. કચ્છશ્રુતિની પ્રતિભાવ કોલમ પર આપણે નજર ફેરવશું તો તેમાં જનસમુદાયની અગ્રીમ વ્યક્તિઓએ રજૂ કરેલ અભિપ્રાયો જ તેની સફળતાનો પુરાવો આપી દેશે. શ્રી કચ્છી સમાજ - અમદાવાદ માટે આ એક સરાહનીય પ્રવૃત્તિ બની રહેવા પામેલ છે.

- **કચ્છી વિસામો :**

  જો કે ૨૦૧૪ના અંત ભાગમાં રૂા. ૧૦ કરોડની પ્રોજેક્ટ કિંમતનો એક પ્રોજેક્ટ – કચ્છી વિશ્રામ ગૃહ હાથ પર લેવામાં આવેલ પરંતુ સમયની અવધિમાં નાણાં એકત્રિત ન થઈ શકવાના કારણે એ સમયે એ પ્રોજેક્ટ ડ્રોપ રાખવો પડેલ હતો. અગર એ શક્ય બન્યું હોત તો સમાજને **અતિથિ ભવન, વિદ્યાર્થી હોસ્ટેલ તથા કચ્છ ઇન્ફોર્મેશન સેન્ટર** પ્રાપ્ત થઈ શકત.

- **સાંપ્રત પ્રશ્ન :**

  સપ્ટેમ્બર-૨૦૧૫માં કચ્છશ્રુતિમાં એક નવી કોલમ – સાંપ્રત પ્રશ્ન સ્વરૂપે શરૂ કરવામાં આવેલ કે જેમાં સમગ્ર ભારતીય સમાજના પ્રવર્તમાન પ્રશ્નો પર વિવિધ વિદ્વાનોએ પોતાના અભ્યાસપ્રદ લેખો મોકલી આપેલ હતા અને તેને કચ્છશ્રુતિમાં પ્રસારિત કરી કચ્છશ્રુતિને તેટલું સમૃધ્ધ બનાવવાના પ્રયાસો કરવામાં આવેલ હતા.

- **સામાજિક કાર્યકરોનું સન્માન અને કચ્છીયતની પ્રતિભા પુસ્તકનું પ્રસારણ :**

જુલાઈ-૨૦૧૬માં સરસ્વતી સન્માનની સાથે સાથે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ અને અન્ય ૩૦ જેટલા કચ્છી ઘટક સમાજોના બે-બે ચુનંદા કાર્યકરોના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો કે જેણે આમ સમાજમાં ખૂબ જ ચાહના પ્રાપ્ત કરેલ હતી. ધરતી પર પગ રાખીને, કોઈ પણ જાતની નામનાની અપેક્ષા વગર કાર્ય કરતા વિવિધ કચ્છી ઘટક સમાજના પાયાના ૬૨ જેટલા કાર્યકરોનું જાહેરમાં સન્માન કરવાથી તેઓ સહુની પ્રતિભા સારી રીતે ઉપસી આવેલ હતી. આ પ્રસંગે આ ૬૨ કાર્યકરોની ગાથા રજૂ કરતી **'કચ્છીયતની પ્રતિભા'** પુસ્તકનું વિમોચન કરાવી તેનું વિતરણ પણ ત્યાં જ શરૂ કરી દેવામાં આવેલ હતું.

- **સરસ્વતી સન્માન – ૧૦ વર્ષના નકરાની યોજના :**

ધોરણ-૧૦, ધોરણ-૧૨, ઉચ્ચ અભ્યાસ અને વિશિષ્ટ પ્રતિભાઓનો અગાઉ વાર્ષિક નકરો રાખવામાં આવતો હતો, તેના બદલે તેમાં ફેરફાર કરી વર્ષ ૨૦૧૬થી **૧૦ વર્ષના નકરાની યોજના** દાખલ કરવામાં આવેલ હતી કે જેને સમાજના ખમતીધર પરિવારો તરફથી ખૂબ જ સારો સહકાર પ્રાપ્ત થઈ શકેલ હતો. અને આ નકરાની યોજના શરૂના સમયે જ પૂર્ણ થઈ જવા પામેલ હતી.

- **શ્રી કચ્છી સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટી :**

માર્ચ-૨૦૧૬થી **શ્રી કચ્છી સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટી**ની રચના શરૂ કરી દેવામાં આવેલ હતી. તેના પ્રમોટર સભ્યો તથા બીજા ૧૦૦ની સંખ્યામાં જનરલ સભ્યો નક્કી કરી કો.ઓ. બેંકમાં તે નામનું ખાતું ખોલાવી સોસાયટી રજિસ્ટ્રાર પાસે રજિસ્ટ્રેશન માટેની વિધિ શરૂ કરી દેવામાં આવેલ હતી. સોસાયટી રજિસ્ટર થયા બાદ તેને તરતમાં કાર્યરત કરી દેવામાં આવનાર છે.

- **નોટબુક વિતરણ તથા દીપોત્સવી મિષ્ટાન્ન :**

એપ્રિલ-૨૦૧૬થી ખૂબ જ કિફાયતી દરની નોટબુક એટલે કે લગભગ ૭૫ ટકા કન્સેશન દરની નોટબુક વિતરણ યોજના શરૂ કરી દેવામાં આવેલ હતી કે જે યોજનામાં લગભગ ૧,૦૦,૦૦૦ નોટોનું વિતરણ સમાજ દ્વારા કરવામાં આવેલ હતું. સાથે સાથે દીપોત્સવી તહેવાર નિમિત્તે દરેક ઘરની જરૂરિયાત મુજબના મિષ્ટાન્ન, ફરસાણ, ડ્રાયફ્રુટ વગેરેની કિફાયતી દરની વિતરણ યોજના શરૂ કરી દેવામાં આવેલ હતી કે જેને સમાજના વિવિધ ગ્રુપના પરિવારો તરફથી અતિ સુંદર પ્રતિસાદ સાંપડ્યો હતો.

- **સરસ્વતી સન્માન યોજનાનું વિસ્તૃતિકરણ :**

ઓગસ્ટ-૨૦૧૬થી સરસ્વતી સન્માન યોજનાનું વિસ્તૃતિકરણ કરી તેમાં **ધોરણ-૧થી ધોરણ-૯ સુધીના બાળકો** તેમજ **ડિપ્લોમા અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ**નો પણ સમાવેશ કરી લેવાનું નક્કી કરી લેવામાં આવેલ હતું. તેનો અમલ વર્ષ ૨૦૧૭થી જ શરૂ કરી દેવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ યોજનાને પણ સમાજ તરફથી આર્થિક રીતે ખૂબ જ સુંદર સહકાર પ્રાપ્ત થઈ શકેલ છે.

- **રૂા. ૫૦,૦૦૦/- સુધીની વગર વ્યાજની લોન :**

સમાજમાં નાના પાયે ખંતપૂર્વક વ્યાપાર કરતા કે નાનો ગૃહ ઉદ્યોગ કે અન્ય વ્યવસાય ચલાવતા નાના વ્યવસાયકારને મદદરૂપ થવા રૂા. ૫૦,૦૦૦/- સુધીની **વગર વ્યાજની લોન** ધીરાણ કરવાનું વર્ષ ૨૦૧૬થી નક્કી કરી લેવામાં આવેલ હતું. આ માટે કેટલાક લોકોની અરજી આવી ચૂકેલ છે. આ યોજનામાં પ્રથમ તબક્કે રૂા. ૧૦ લાખનું રોકાણ કરવાની સમાજની ધારણા છે. એ સામે લગભગ તેટલી જ રકમ વગર વ્યાજે સમાજના ખમતીધર પરિવારો તરફથી સમાજને પ્રાપ્ત થવાનું પણ નક્કી થઈ ચૂકેલ છે.

- **ઓર્ગન ડોનેશન માટે ગોડ ફાઉન્ડેશનની રચના :**

અમદાવાદની લબ્ધપ્રતિષ્ઠિત સિમ્સ હોસ્પિટલના કચ્છી કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહે ડિસેમ્બર-૨૦૧૬માં ગુજરાતનું

પ્રથમ હાર્ટ પ્રત્યારોપણ કર્યા બાદ તેઓશ્રીની પ્રેરણાથી ઓર્ગન ડોનેશનની ઝુંબેશ શરૂ કરવાના અનુસંધાને એક અલગ પ્રકારની સંસ્થા - **ગ્રીન ઓર્ગન ડોનર્સ ફાઉન્ડેશન (ગોડ ફાઉન્ડેશન)**ની રચના કરવામાં આવેલ છે. તેનું બંધારણ ઘડી તેના ટ્રસ્ટની રચનાને ફાઈનલ ઑપ આપી દેવામાં આવેલ છે. આ ટ્રસ્ટના નેજા હેઠળ શ્રેણીબધ્ધ મીટિંગો ભરી આ બાબતે રસ ધરાવતા સમાજના અનેક કાર્યકરોને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. ટ્રસ્ટ રજિસ્ટર થયે તેની એક્ચ્યુઅલ કાર્યવાહીનો આરંભ કરી દેવામાં આવનાર છે.

- **લાઈબ્રેરી :**

  વર્ષ ૨૦૧૬માં સમાજની ઓફિસમાં જ એક લાઈબ્રેરીની સ્થાપના કરી તેમાં લગભગ ૧૦૦૦થી પણ વધુ પુસ્તકો વસાવી દેવામાં આવેલ છે. દાતાશ્રીના મુખ્ય નામથી તેનું નામકરણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સંચાલિત **"ઠાકોરભાઈ ગૂર્જર લાઇબ્રેરી"** નિર્ધારીત કરવામાં આવેલ છે. સમાજના અનેક સ્થળેથી તેમજ મુંબઈ અને કચ્છથી ઉત્તમ કક્ષાના ભેટ પુસ્તકોનો તેના પર વરસાદ વરસી રહેલ છે.

- **નામ - સરનામા - ટેલિફોન ડિરેક્ટરી :**

  છેલ્લા બે વર્ષથી સમાજની **નામ - સરનામા - ટેલિફોન ડિરેક્ટરી**ની કાર્યવાહી ચાલી રહેલ છે. પરંતુ જોઈએ તે ઝડપે માહિતી પ્રાપ્ત થઈ શકતી ન હોવાથી તે કાર્યવાહી થોડી લંબાઈ જવા પામેલ છે. નજદીકના ભવિષ્યમાં આ પ્રોજેક્ટ સંપન્ન થવાની ગણના રાખવામાં આવેલ છે.

- **કોમ્પ્યુટરાઈઝેશન :**

  કચ્છશ્રુતિના સભ્યપદના મેઈલિંગ લિસ્ટને તથા કચ્છી સમાજના સભ્યપદના લિસ્ટને કોમ્પ્યુટરાઈઝ કરી લેવાની કાર્યવાહી લગભગ પૂર્ણતાને આરે આવી ચૂકેલ છે. આવતા દિવસોમાં આ કાર્યવાહી પણ સંપન્ન કરી દેવાની ગણના રાખવામાં આવેલ છે.

- **હાથ પર અપૂર્ણ રહેલ કાર્યવાહી :**

  તાજેતરના ભૂતકાળમાં જ ઉપર વર્ણવેલ કાર્યવાહી હાથ પર લેવામાં આવેલ છે અથવા તો તેને સંપન્ન કરી દેવામાં આવેલ છે. તેમ છતાં ભવિષ્યમાં પણ હજુ અનેકવિધ કાર્યવાહી કરવાની બાકી રહે છે કે જેના માટે તાજેતરમાં પ્રયાસ કરવામાં આવેલ હોવા છતાં કોઈ કારણસર એ કાર્યવાહી હાથ પર લઈ શકાયેલ ન હતી અથવા તો તેને પૂર્ણ કરી શકાયેલ ન હતી. આ કાર્યવાહીમાં મુખ્યત્વે નીચે મુજબની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે : (૧) કચ્છ વાઈબ્રન્ટ સમિટ તથા B2B સમિટ, (૨) અમદાવાદ હાટ ખાતે કચ્છી હેન્ડિક્રાફ્ટ મેળો, (૩) વિદ્યાર્થી હોસ્ટેલ, (૪) વિદ્યાર્થિની હોસ્ટેલ, (૫) હાયર એજ્યુકેશન માટે અથવા વિદેશ જવા માટે વિદ્યાર્થીઓને લોન અપાવવી, (૬) ગૃહ ઉદ્યોગને પ્રોત્સાહન, (૭) અમદાવાદની વિવિધ નામાંકિત હોસ્પિટલો સાથે સમાજના સભ્યોનું ટાઈ-અપ, (૮) બચત યોજનાનું સંપૂર્ણપણે અમલીકરણ, (૯) અગાઉ સ્થપાયેલ યુથ ફોરમને રીવાઈવ કરવી, (૧૦) દર વર્ષે કચ્છ ઍવોર્ડ આપવાની શરૂઆત કરવી, (૧૧) શ્રી કચ્છી સમાજ - અમદાવાદના તથા કચ્છશ્રુતિના સભ્યપદમાં વધારો કરવાની ઝુંબેશ આદરવી.

- **તદ્દન નવીન કાર્યવાહી :**

  કચ્છી યુવક-યુવતીઓ માટે જોબ પ્લેસમેન્ટની કાર્યવાહી શરૂ કરવી તથા મેટ્રિમોનિઅલની કાર્યવાહી ભવિષ્યમાં શરૂ કરવાનો ઈરાદો રાખવામાં આવે છે.


શ્રી કચ્છી સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓ પર અવારનવાર સર્વગ્રાહી દૃષ્ટિ રાખવી જોઈએ તે ગણનાએ સમાજના કાર્યોની અત્રે વિસ્તૃતપણે છણાવટ કરવામાં આવેલ છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

*'સાચું તે મારું' – આ વાતને સ્વીકારે તેનો ક્યાંય કદી ઝઘડો નહિ થાય.*

કચ્છ

# કચ્છી ચલણ અંગે જર્મન પ્રકાશન



બાબુલાલ ગોર

ભારત દેશ આઝાદ થયો તે પહેલાનાં રાજાસાહી યુગ દરમ્યાન કચ્છ રાજ્યને પોતાનું સ્વતંત્ર ચલણ હતું. ભારતમાં બહુ ઓછા રાજ્યો હતા જેમને પોતાનું સ્વતંત્ર ચલણ બહાર પાડવાનો વિશેષાધિકાર હતો. કચ્છના માજી રાજવી ખેંગારજી પહેલાએ તાંબાનો દોકડો અને ઢીંગલો છાપ્યા હતા. ત્યારબાદ મહારાવશ્રી ભારમલજીએ ઇ.સ. ૧૬૧૭માં મોઘલ બાદશાહ જહાંગીર પાસેથી કચ્છી કોરી છાપવાનો અધિકાર મેળવતાં સૌપ્રથમ "જહાંગીરી કોરી" છાપવાની શરૂઆત કરી.

**આમ મહારાવશ્રી ખેંગારજી પહેલાએ કચ્છી ચલણ છાપવાની શરૂઆત કરી. તે પરંપરાને કચ્છનું ભારતવર્ષમાં વિલીનીકરણ થયું ત્યાં સુધી કચ્છના માજી મહારાવશ્રી મદનસિંહજીએ ચાલુ રાખેલ.** કચ્છી ચલણમાં ધાતુના સિક્કા છાપવા માટે ખાસ કરીને સોનું ચાંદી અને તાંબું વપરાતા હતા. રાવ શ્રી ખેંગારજી પહેલા (ઇ.સ. ૧૫૧૦-૧૫૮૮) થી ૧૯૪૮ સુધીમાં કોરી, દોકડો, ત્રાંબીઓ, ઢીંગલો, પાયલો, આધિયો, ઢબુ, રૂપિયો નામે સિક્કા છપાયા હતા.

કચ્છી હસ્તકલા, લોક સંસ્કૃતિ, લોકજીવન આજે વિશ્વભરમાં ઉચ્ચ નામના મેળવતી થઈ છે! તે સાથે કચ્છી ચલણ અને સિક્કા પણ એટલા જ નામાંકિત થયા છે અને તેનો અભ્યાસ કરવા અવારનવાર દેશ-વિદેશના લોકો કચ્છમાં આવતા હોય છે. આમ, કચ્છમાં પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવા માટે કચ્છી ચલણ અને સિક્કા પણ એક અગત્યનું માધ્યમ છે.

છેલ્લા કેટલાક વર્ષોથી શ્રીમાન નોબર્ટ બાર્ટોનિસ્ક નામના એક જર્મન પ્રવાસી કચ્છની મુલાકાત લેતા હતા. તેમણે પોતાના શોખ માટે કચ્છી સિક્કા પર ઊંડો અભ્યાસ કરી "DASGELD KUTCH (THE MONEY OF KUTCH)" નામનું એક પુસ્તક જર્મન ભાષામાં પ્રકાશિત કર્યું છે.

**કચ્છી ચલણ - સિક્કા પરથી જર્મન ભાષામાં પુસ્તક પ્રગટ થયું હોય તેવો આ પ્રથમ કિસ્સો છે.** વ્યવસાયે ઇજનેર એવા શ્રી બાર્ટોનિસ્કનો જન્મ ઇ.સ. ૧૯૩૪માં પોલેન્ડના સીસેશિયા શહેરમાં થયો હતો. ૧૯૫૧થી જર્મનીના સ્ટોલબર્ગ નામના શહેરમાં સ્થાયી થયા છે. તે છેલ્લા ૨૫ વર્ષથી ભારતીય સિક્કાઓનો અભ્યાસ કરી રહ્યા છે.

આ પુસ્તકના પ્રારંભમાં કચ્છનો ઇતિહાસ, ભૌગોલિક સ્થાન, કચ્છી લોકો, તેમનું રોજિંદું જીવન, કચ્છી લોક સંસ્કૃતિ, કચ્છના જાડેજા વંશનો ઇતિહાસ અને તેમણે કચ્છી ચલણ - સિક્કાઓ છાપવા માટે જે રસ લીધો હતો તેની વિગતવાર માહિતી, સિક્કાની ડિઝાઇન, સંજ્ઞા, પ્રતીકો, માપ, વજન, ધાતુ વગેરેની સંપૂર્ણ માહિતી જર્મન ભાષામાં પ્રગટ કરી છે. ત્યારબાદ ચલણી નોટના ફોટોગ્રાફ્સ તેમજ કોર્ટ ફી સ્ટેમ્પસના ફોટોગ્રાફ્સ પ્રકાશિત કર્યા છે. આ ઉપરાંત માજી મહારાવશ્રી મદનસિંહજી સુધીના જે રાજવીઓએ કચ્છી ચલણ અને સિક્કા છાપ્યા છે તે રાજવીઓના ફોટોગ્રાફ્સ પણ પ્રગટ કર્યા છે. અન્ય ઉપયોગી માહિતી પણ આ પુસ્તકમાં આપી છે. તદુપરાંત, કચ્છી ચલણ પર એક વિશેષ માહિતી આપતું કેટલોગ પણ તેમાં આપેલ છે.

જર્મનીના આ અભ્યાસી નોબર્ટ બાર્ટોનિસ્કને કચ્છી ચલણ, સિક્કા પર જરૂરી માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવા માટે શ્રી દિલીપભાઈ વૈદ્ય, શ્રી આર.આર. ગોસ્વામી, શ્રી ઉમેશભાઈ પી. જડિયા, રાજવી પરિવારના શ્રી ભૂપતસિંહજી એમ. જાડેજા, માહિતી ખાતું (ગાંધીનગર)ના શ્રી એ.ડી. દેસાઇ તેમજ ઓફિસ ઓફ ધ હાઉસહોલ્ડ કોન્ટ્રાક્ટર શ્રી એચ. એમ. મહારાવ સાહેબ ઑફ કચ્છે સહકાર આપ્યો હતો.

*પુસ્તકના લેખકનું સરનામું :*

MR. NORBERT BATRONITSCHEKY
WURSELLENER STREET,
50, D-2222
STOLBERG, GERMANY.

*૬૫, ભાનુશાલી નગર,*
*કર્મભૂમિ એપાર્ટમેન્ટની સામે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૭૪ ૦૭૪૩૨*

*ગીતામાં કહેવાયું છે કે કર્મ પૂરતો જ તારો અધિકાર છે. તેમાંથી ફળની પ્રાપ્તિ માટે આસક્તિ રાખવી નહીં.*

કચ્છ

# કચ્છના મહાબંદર કંડલાનું નામ બદલવાનું અવ્યવહારું સૂચન



વી. જે. ઠાકર
નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક

કચ્છ સૌરાષ્ટ્રનાં નાના રજવાડાઓ દ્વારા પોતાના રાજ્યના જુદા જુદા ક્ષેત્રોમાં મહત્તમ વિકાસ માટે દૂરંદેશી નીતિઓ અપનાવેલ, તે કાબિલે દાદ હતી. અને તેના પરિપાકરૂપે કચ્છ સૌરાષ્ટ્રના દરિયા કિનારાને લાગુ પડતાં જે તે વખતનાં રજવાડાઓએ નિષ્ણાતો રોકી તાંત્રિક અભિપ્રાયો અને અભ્યાસને આધારે પોતપોતાના સ્ટેટ માટે ઓછામાં ઓછા એક બંદરનો વિકાસ કરી વેપાર ઉદ્યોગ અને વાહન વ્યવહારને વેગ આપેલ. કચ્છ સ્ટેટ જેવા મોકાનું દરિયાઇ સ્થાન ધરાવતા રાજ્યમાં તો માંડવી - મુંદ્રા તુણા જેવા બંદરો સૈકાઓથી વિદેશ વેપારથી ધમધમતાં હતાં. તેમાં જે તે વખતનાં રાજવીઓની પાયાની કામગીરી હતી. કચ્છ સ્ટેટના જે તે વખતનાં રાજવીએ માંડવી બંદર ઉપર ઉતરતા માલની જકાત અન્ય રાજ્ય કરતાં ૫૦% જેટલી ઓછી રાખી તેના પરિણામે વિદેશથી આવતો કચ્છ - સૌરાષ્ટ્ર ગુજરાત માટેનો તમામ માલસામાન માંડવી બંદરે ઉતરતો અને ત્યાંથી અન્ય રાજ્યમાં જતો. આ હતો ફ્રી ટ્રેડ ઝોનનો કન્સેપ્ટ કે જે પ્રથમ કચ્છ રાજ્યે અપનાવી વિદેશ વેપાર અને જકાતની આવકમાં બીજા તમામ રાજ્યોને પાછા રાખી દીધેલ.

અંગ્રેજોના મૂળ જેમ જેમ આપણા દેશમાં જામતા ગયા તેમ અંગ્રેજો દ્વારા સ્થાનિક રાજવીઓનાં રાજકુમારોને સારું શિક્ષણ અને સંસ્કાર તથા રાજનીતિની તાલીમ આપતી કૉલેજ સંસ્થાઓ ઊભી કરી, જે પૈકી રાજકોટની રાજકુમાર કૉલેજે કચ્છ સોરાષ્ટ્રનાં ઉત્તમ વહીવટકર્તા રાજકુમારોની અમૂલ્ય ભેટ છેલ્લા સો વર્ષમાં આપી છે. **કચ્છમાં ખેંગારજી બાવાના વખતમાં ૧૬૬ વર્ષ પહેલા કંડલા બંદરની ખાડીનું સર્વેક્ષણ અંગ્રેજી એન્જિનિયર પાસે કરાવી ૧૯૨૭-૩૧ દરમિયાન કંડલા બંદરની સ્થાપના કરી રાજસ્થાન, મધ્યપ્રદેશ તથા ઉત્તર પ્રદેશ માટે માલની આયાત નિકાસનાં નવા દ્વાર ખોલ્યા.** આની સાથે સાથે ભવિષ્યનાં વિકાસ માટે પણ સર્વે તથા અભ્યાસ ચાલુ રાખી નવા કંડલાની બ્લ્યુ પ્રિન્ટ પણ તેમના સ્ટેટના એન્જિનિયર શ્રી જાદવજી બુધ્ધભટ્ટી તથા વિદેશી નિષ્ણાતોને સાથે રાખી, સર્વે કરાવી હંસસ્થલક્રીક નજીક નક્કી કરેલ. **એટલે કંડલાની સ્થાપના તથા ભવિષ્યના વિકાસનો પ્લાન કચ્છના તે વખતના રાજવી શ્રી ખેંગારજી ત્રીજાએ પોતાના દૂરંદેશી નીતિના પરિપાકરૂપે વર્ષોનાં ભગીરથ પ્રયાસો – સર્વેથી માંડીને અમલીકરણ સુધી અને ભવિષ્યની જરૂરિયાત મુજબ બ્લ્યુ પ્રિન્ટ સુધીનું કામ પ્રજાવત્સલ રાજવીએ કરી એક સુંદર વિશ્વકક્ષાનું કંડલા બંદર ધમધમતું કર્યું.** આવે સમયે છીછરી રાજનીતિ અપનાવી, નામકરણ બદલવાનું સૂચન કેટલું હાસ્યાસ્પદ ગણાય?

- **થોડું લખ્યે ઝાઝું સમજવું**

**આ પ્રસંગે કચ્છના એક મજુર છોકરાની વાત યાદ આવે છે. સાવ અભણ. મજુરી કામે મુંબઈ ગયેલ. માંડવીના કલ્યાણજી ભણસાલી.** દરરોજ દસ પૈસાની મજુરી ગોદી વિસ્તારમાં મળતી. એક દિવસ એક અંગ્રેજ અફસર શ્રી એન્ડરસનનો સંપર્ક કલ્યાણજીને થયો. આ અફસર મુંબઈથી થાણા વચ્ચે પ્રથમ રેલવે લાઈન નાખવા ભારત આવેલ. પોતે સ્થાનિક પરિસ્થિતિથી અજાણ હોઈ કલ્યાણજીને પોતાની સાથે ગાઈડ તરીકે રહેવા અને નાનું મોટું કામ કરવા રાખ્યો. કલ્યાણજી તરફ અફસરને વિશ્વાસ વધતો ગયો અને મુંબઈ - થાણા રેલવે લાઈનનું માટી કામ માટે મજુરોની શોધ કરી તેમની પાસે કામ કરાવવાનું કામ સોંપ્યું. આ કામ શ્રી કલ્યાણજીએ સમય કરતા છ માસ વહેલું પૂરું કરી આપ્યું. મુંબઈ - થાણા રેલવે લાઈન તૈયાર થઈ ગઈ અને થાણા નજીક મુંબઈ તરફ જગ્યા પસંદ કરી ત્યાં શમિયાણા તૈયાર કરાવી **ભારતથી પ્રથમ મુંબઈ-થાણા રેલવેના ઉદ્‌ઘાટનનો સમારંભ તા. ૧૬-૦૪-૧૮૫૩ના રોજ યોજવામાં આવ્યો. ત્યારે શ્રી એન્ડરસને પોતાના પ્રવચનમાં આ જગ્યાનું નામ "કલ્યાણ" જાહેર કર્યું અને જણાવ્યું કે આ રેલવે લાઈનનો પાયાનો પથ્થર કલ્યાણજી છે અને એના નામ ઉપરથી આ જગ્યા - સ્ટેશનનું નામ કલ્યાણ જાહેર કર્યું.**

**એક નાના મજુરની કામગીરીની કેટલો મોટો રીવોર્ડ! આપણા આજના રાજકર્તા અને તે વખતનાં સામાન્ય અંગ્રેજ અફસર વચ્ચે કેટલો ફેર...**

થોડું લખ્યે ઝાઝુ વાંચજો...

*૧૭, નટવર પાર્ક, મોરબી-૨.*
*મો. ૯૪૨૮૨ ૮૧૪૧૭*

વિચાર મંથન

# જીભ ટૂંકી રાખો... લાંબુ જીવો....



દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ

જીવનના કેટલાંક કડવા સત્યોને કચરાની જેમ જાજમ નીચે છૂપાવેલાં રાખવાં પડે છે. અપલક્ષણોની ઉજવણી કરાતી નથી. 'વીસમાં વર્ષમાં અમારા મંગળ પગલા...' એવી જાહેરાત કદી કોઈ ચોરે છાપામાં આપી નથી. કોઈ ખિસાકાતરુની ષષ્ઠી પૂર્તિ ઉજવાય છે ખરી? કોઈ રાજકારણીએ પોતાના કૌભાંડોની રજતજયંતિ નિમિત્તે જંગી રેલીનું આયોજન કર્યું હોય એવું સાંભળ્યું છે? માણસને ગોલ્ડ મેડલ મળે ત્યારે ફોટો છપાય છે અને ગુંડાગીરી કરતાં પકડાય ત્યારે ય ફોટો છપાય છે. પણ ગુંડા અને ગોલ્ડ મેડાલિસ્ટમાં ગોડસે અને ગાંધીજી જેટલો તફાવત છે. ગુંડાએ હાથકડી પહેરીને પોલીસ સાથે ફોટો પડાવવો પડે છે. ગોલ્ડ મેડાલિસ્ટનો જાહેરમાં સન્માનપૂર્વક ફોટો પાડવામાં આવે છે. ફોટો પડાવવાનું સહેલુ છે. ફોટાને લાયક બનવા ખાસ્સું મથવું પડે છે. સ્વામી નારાયણ સંપ્રદાયનું એક પુસ્તક 'ઘરસભા' વાંચવા મળ્યું. એમાં એક સુંદર ઘટના વર્ણવી છે. દારૂના એક બહુ મોટા બારનો માલિક મરણ પામ્યો. મરણ પછી એનું વીલ વાંચવા મળ્યું. એની કરોડોની મિલકત એણે પત્નીને આપી હતી, પણ એક શરત મૂકી હતી. શરત એ હતી કે દર વર્ષે એની મરણ તિથિના દિને પત્નીએ શહેરના તમામ અખબારોમાં એવી જાહેરાત આપવી કે : 'મેં મારી જીભ થોડી ટૂંકી રાખી હોત તો મારા પતિ ઘણુ લાંબુ જીવ્યા હોત!' વાત સાચી છે. દુનિયાનું ગમે તેવું કિંમતી અમૃત પણ માણસને તેની પત્નીની જીભના ઝેરથી બચાવી શકતું નથી. પત્ની ખૂબ રૂપાળી હતી. પણ પતિ માટે એ ઝેર પાયેલી છૂરી હતી. તેના મોઢામાં જીભને સ્થાને રામપુરી ચપ્પુ હતો.

જીભ વિષે એક બહુ પ્રચલિત ટકોર એ છે કે 'જીભને હાડકું નથી હોતું પણ તે ભલભલાના હાડકાં ખોખરા કરાવે એવી શક્તિ ધરાવે છે!' કહે છે કોકને મારી નાખવો હોય તો રિવોલ્વરની જરૂર પડે છે. કોઈને સળગાવી દેવો હોય તો પેટ્રોલની જરૂર પડે છે. પણ લોહી ન નીકળે એ રીતે કોઈનું ખૂન કરવું હોય તો ત્રણ ઈંચની તલવાર કાફી છે. એ તલવારનું નામ છે જીભ! ટીવી પર વાઈલ્ડ લાઈફના પ્રોગ્રામમાં અમે ઘણીવાર જોયું છે. **વાઘણ જે દાંતથી શિકાર કરે છે તે જ દાંત વડે પોતાના બચ્ચાંને પકડીને બીજા સ્થળે લઈ જાય છે. જીભ પણ એવી બેવડી ભૂમિકા ભજવે છે. એ મધમીઠા શબ્દો બોલી જાણે છે અને એની પાસે હળાહળ ઝેરનો પણ સ્ટોક હોય છે.** એવા એક ઝેરનો નમૂનો આ રહ્યો. યુદ્ધમાં ખૂબ બહાદુરીભરી કામગીરી બજાવવા બદલ એક લશ્કરી જવાનને રાષ્ટ્રપતિના હસ્તે પરમવીર ચક્રનું સન્માન એનાયત થયું. રાત્રે જવાને પોતાની ડાયરીમાં લખ્યું : 'આજે લાખો માણસની મેદનીમાં એક બહાદુર મર્દ તરીકે મારું સન્માન કરવામાં આવ્યું એનો આનંદ હૈયે બે પાંચ મિનિટ રહ્યો. પણ એક સ્ત્રીએ મને 'નામર્દ' કહ્યો હતો એ શબ્દનો ચચરાટ પંદર વર્ષ પછી આજે પણ હું ભૂલી શક્યો નથી! હું તેને ચાહતો હતો પણ તેનો હાથ ઝાલવાની હિંમત બતાવી શક્યો નહોતો. તેણે ઝેર ઘોળવું પડ્યું હતું. મરતાં પૂર્વે એક પત્રમાં તે લખી ગઈ હતી : 'આપણે આ જન્મે ન મળી શક્યા...આવતા જન્મે પણ હું તારી જ પ્રતિક્ષા કરીશ. પણ ભગવાનને પ્રાર્થના કરું છું કે તે તને થોડો મર્દ બનાવે!' મારા લશ્કરી મિત્રોએ કહેલું : '**યુદ્ધ જીતવા મર્દાનગીની જરૂર પડે છે, પણ પ્રેમમાં તો દીવાનગી જોઈએ. સમાજ સામે લડવાની હિંમત જોઈએ.** તારા કરતાં તે વધુ 'મર્દ' નીકળી. તું ન મળી શક્યો તો તારા વિના જીવવા કરતાં એણે મોતને વહાલુ કરી લીધું પણ અન્ય કોઈ જોડે જીવી જવાનું પસંદ ના કર્યું. સમાજમાં પ્રેમની એવી 'મર્દાનગી'ને કોઈ પરમવીર ચક્રથી નવાજતું નથી!'

જરા વિચિત્ર લાગે એવી વાત છે પણ પ્રેમ કરતાં નફરતની સ્મૃતિ ચીરકાલિન હોય છે. એક મિત્રે કહેલું, 'મારા પ્રારંભિક દાંપત્યકાળમાં મેં ગુસ્સે થઈને પત્નીને એક તમાચો મારી દીધો હતો. પત્નીના ગાલ પર પાંચ આંગળા પડી ગયા હતા. બાર કલાકમાં એ નિશાન ભૂસાઈ ગયેલા, પણ એ ઘટનાને બાર વર્ષ થયા તો પણ પત્નીના દિલમાંથી પાંચ આંગળાના નિશાન મટ્યા નથી. પ્રેમ કરતી વેળા પત્નીના વાળમાં મેં કેટલીય વાર વેણી નાખી આપી હતી. પણ વેણી વિસરાઈ ગઈ હતી, પેલો તમાચો યાદ રહી ગયો છે. કદાચ ચુંબન અને તમાચા વચ્ચે એજ ફરક છે. બન્નેનું ઘટના સ્થળ એક જ હોય છે - ગાલ! પણ ચુંબનથી ગાલ ગુલાબી થઈ જાય છે. તમાચાથી રાતોચોળ! ચુંબન મોગરાની મહેક જેવું હોય છે. માણ્યું ના માણ્યું ત્યાં ખતમ! તમાચો દાઝેલા દેહના જૂના ઘાની જેમ દિલના આલબમમાં આઘાત બની વર્ષો સુધી સચવાઈ રહે છે!' સાંસારિક જીવનમાં પ્રેમનું મૂલ્ય અનેકગણું વધારે છે. **દરેક છીપલાંમાં મોતી હોતાં**

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૮ ઉપર)**

વિચાર મંથન

# વ્યવસાયમાં અનુભવની મહત્તા



હરિદાસ કે. ઠક્કર 'હરિ'

જવાહરલાલ નહેરુથી રાજીવ ગાંધીનો ક્રમ પાંચમો આવે. રાજાશાહી ન હોવા છતાં આવા વંશવાદનો લોકશાહીમાં સબળ પ્રતિકાર શા માટે થઈ શકતો નથી?

આપણે રાજકારણની વાત નથી કરતા એટલે આ કથિત વંશવાદને જુદી દૃષ્ટિએ મૂલવીએ તો દેખાશે કે પેઢી દર પેઢી વડીલોના અનુભવોનો મહત્તમ લાભ સંતાનોને પ્રાપ્ય હોય ત્યારે તેની કાર્યક્ષમતામાં મહત્ત્વનો વધારો થઈ જાય છે.

ઈતિહાસની વાત કરીએ તો બાર-ચૌદ વર્ષના કુંવરનો રાજતિલક કરવામાં આવે ત્યારે તેને વડીલોનું માર્ગદર્શન મેળવવું પડે પણ સમય જતાં જાતે જ કુશળ વહીવટકર્તા બની જાય અને સફળ રાજવી સાબિત થાય.

આજે પ્રત્યેક ડૉક્ટરની મોટાભાગે એક જ ખ્વાહીશ હોય છે કે, કોઈપણ ભોગે, પોતાના સંતાનો માટે, ડૉક્ટરી લાયકાતના ડિગ્રી સર્ટીફિકેટ્સ મેળવવા અને પોતાનું દવાખાનું સંતાનને સોંપવું એવું સ્વપ્ન મોટાભાગના ડૉક્ટરોનું હોય છે. પછી ભલે ને સંતાનમાં એ વિષયની રસ-રૂચિ હોય કે ન હોય!

સંતાનના રસ-રૂચિ જાણ્યા વિના તેને કઈ લાઈન લેવડાવવી એ માવતરો નક્કી કરે તે યોગ્ય ન ગણાય. પરંતુ પોતાના અનુભવોનો લાભ મળે એ માટે પોતાના જ વ્યવસાય પ્રત્યે રસ-રૂચિ સંતાનોમાં પેદા કરવી તે ઉમદા સુઝબુઝ માંગી લેતી આવડત ગણાય.

એક સદી પહેલાંની વાત કરીએ તો મોટાભાગના યુવકો વારસાગત વ્યવસાય જ અપનાવતા. બાર-ચૌદ વર્ષની વયથી જ તેઓ બાપદાદાના વ્યવસાયમાં સહાયક બની અનુભવ મેળવતા. પાંચ-સાત વર્ષમાં તો પ્રેક્ટિકલ સહિતનું સંપૂર્ણ જ્ઞાન મેળવી લેતા. આ પ્રથાનો મોટામાં મોટો ફાયદો એ હતો કે માવતરોને (આઠ-દસ) સંતાનોનો શિક્ષણ ખર્ચ ભોગવવો નહોતો પડતો. ને તેમ છતાં દરેક સંતાનને યોગ્ય રીતે પગભર - સક્ષમ કરી શકાતું હતું.

**આજે માત્ર એક-બે સંતાનોને જ ભણાવવા અને નોકરી અપાવવાના ખર્ચમાં માવતરો તણાઈ રહેતા હોય છે.** પોતાના તન-મન-ધનની બધી જ તાકાત સંતાનોને વેલસેટ કરવામાં ખર્ચાઈ જાય એવા વર્તમાનને ભૂતકાળ સાથે મૂલવી તો જુઓ!

વર્તમાનની વાત કરી તો આજે જમાનાની ગતિ સાથે કદમ મિલાવવા ભણતર ખૂબ જ જરૂરી છે. અંગ્રેજી અને કમ્પ્યુટરનું સંપૂર્ણ જ્ઞાન અતિ આવશ્યક છે. એ બધું ખરું પણ તેમ છતાં અનુભવની ઉપેક્ષા કરવી એ બાબત યોગ્ય નથી. માત્ર શિક્ષણ મેળવવા સંતાનોને કુમળી વયે ઘરથી દૂર કરવા પણ ઉચિત નથી.

નાની વયના સંતાનો જો એકલવાયા 'હોસ્ટેલ'માં રહે તો માવતરો વૃધ્ધાશ્રમમાં કેમ ન રહી શકે? એવો તર્ક બાળમાનસમાં જ રોપાઈ જાય છે.

આજના માવતરો સંતાનો માટે સમય નથી ફાળવી શકતા. એ સંતાનો મોટા થતાં, માવતર માટે સમય ન જ ફાળવે.

આજે દરજી, સુથાર, સોની, પ્લમ્બર, વેલ્ડર, વાયરમેન, કુંભાર અને હજામ જેવા કારીગરી વ્યવસાયીઓ પોતાના ધંધાને વફાદાર રહી, કેટલાક ડબલ ગ્રેજ્યુએટ નોકરિયાતોથી વધુ કમાણી કરતા હોવા છતાં તેમના સંતાનો વેસ્ટર્ન કલ્ચરની અસર હેઠળ વ્હાઈટ કોલર જોબ મેળવવા, બાપીકા ધંધાની ઉપેક્ષા કરી, બાપના ખર્ચે કહેવાતું શિક્ષણ મેળવી, નોકરી માટે ફાંફા મારતા હોય અને બેકારીના રોદણા રડતા હોય ત્યારે એવા અક્કલ વગરની નકલને રવાડે ચડેલાઓની દયા જ ખાવી રહી.


આજે પણ મોટી મોટી વ્યાપારી પેઢીઓ એમના સંતાનો ચલાવતા હોય અને નાના-મોટા વ્યવસાય કરનાર વેપારીઓ પોતાના સંતાનને પોતાના વ્યવસાયમાં જ પલોટતા હોય તેમને મોટેભાગે દુઃખી થવાનો વારો આવતો નથી. તો બીજી બાજુ, આધુનિકતાના નામે દીવા સ્વપ્નમાં રાચનારાઓ યોગ્ય ઉંમરે લગ્નજીવનમાં પણ પ્રવેશી શકતા નથી. વેલ-સેટ થવાના સ્વપ્નમાં જ પાંત્રીસી વટાવી જાય છે.

એકંદરે અનુભવના જ્ઞાન ઉપરાંત ઉચ્ચ શિક્ષણ પણ મેળવવું જોઈએ. પરંતુ અનુભવજ્ઞાનની અવેજીમાં તેના વિકલ્પે શિક્ષણનું સ્થાન અસંભવિત છે. જો કે એમાં પણ અપવાદ હોઈ શકે.

*'શ્રી ગણેશ નિવાસ', બસ સ્ટેન્ડ સામે,*
*શ્રી સત્યનારાયણ મંદિરની બાજુમાં,*
*મસ્કા, તા. માંડવી, કચ્છ-૩૭૦ ૪૭૧.*
*મો. ૯૯૨૪૯ ૯૭૨૨૬*

સમાજની ક્ષિતિજો

# સગોત્ર લગ્ન ઉચિત - અનુચિત!



**ભીમજી નાકરાણી**
તંત્રી : 'સરદાર જ્યોતિ', 'ઉમિયા દર્શન'

થોડા સમય પહેલાં સૌરાષ્ટ્રનાં એક ગામમાં ખેડૂત પરિવારના એક આગેવાને સગોત્ર વેવિશાળનો પ્રસંગ ઉજવ્યો હતો. મામા-ફઈના દીકરા-દીકરીનું સગપણ કર્યું. અને આ સગપણ માત્ર બે વર્ષના બાળકોનું! જે બાળકોને સગપણ, લગ્ન, સમાજ કે સમાજની સાન-ભાન નથી એવા બે બાળકોના ભોગે થોડી પબ્લિસીટી અને ક્રાંતિકારી પગલાંની વાત તદ્દન વાહિયાત અને વજૂદ વગરની લાગે છે. સગોત્ર લગ્નની પરંપરા કાઠી, દરબાર, ક્ષત્રિય, મુસ્લિમ, રાજપુત અને અન્ય સમાજમાં સદીઓથી ચાલી આવે છે. તેની પાછળના કારણો ઘણા ઊંડા છે અને આવા કેટલાક કારણો, પછીથી રીવાજ બની ગયા છે. તેનાથી ફાયદો કે નુકસાન તેની સરખામણી શક્ય નથી અને કરવી પણ ન જોઈએ. આ બધા સમાજ પણ જેમજેમ જાગૃત બનતા જાય છે, શિક્ષિત થતા જાય છે તેમ તેમ આ કુરિવાજમાંથી તેઓ પણ દૂર થતા જાય છે. છતાં આવી બધી પરંપરાઓને તૂટતા વાર લાગે. નૃવંશ શાસ્ત્ર અને આયુર્વેદ વિજ્ઞાન સગોત્ર લગ્નને યોગ્ય ગણતું નથી, કેમકે જીનેટિકલી કોઈક પ્રશ્નોના કારણે ના પાડવામાં આવી હશે. જેમના સમાજમાં આવું કંઈક ચાલે છે તેમનો દાખલો આપીને કોઈ પ્રશ્નના મૂળમાં ગયા વિના આંધળા અનુકરણને 'ક્રાંતિકારી' પગલું ગણાવવું તે નરી મૂર્ખતા છે. અને કોઈક વ્યક્તિગત રીતે આવેલા વિકૃત વિચારને સામાજિક ક્રાંતિમાં ખપાવનારા આગેવાનોના માનસિક વલણનો અભ્યાસ કરવો પડે. હજીયે આપણે ત્યાં અંધશ્રદ્ધા કાળ ચાલે છે. દોરા, ધાગા, ભૂત, પલિત, ભુવા યુગ આથમ્યો નથી. જેમ જેમ માણસ સમૃદ્ધ થતો જાય છે તેમ તેમ મંદિરો વધતા જાય છે. આશ્રમો ઉગતા જાય છે. જીવતા ભગવાનનો રાફડો ફાટ્યો છે, માનવતા નામે દૂર ભાગતી પ્રજા ધર્મ-સંપ્રદાય કે દેવી-દેવતાના નામે 'ટોળા બંધ' ભેગા થાય છે. ચમત્કારોની વાતો કરનારા સામયિકો ચાલે છે. વિજ્ઞાનનો લાભ લેનારી પ્રજા જ અવિજ્ઞાની બનતી જાય છે. જે નથી દેખાતો તેને શોધે છે અને સામે છે તેને વેડફે છે. આ વાસ્તવિક સ્થિતિ છે. આવી પરિસ્થિતિમાં એક નવી વાત ઉમેરાય, છેલ્લા ૨૦૦૦ વર્ષમાં જે જ્ઞાતિ-જાતિમાં બન્યું નથી, બનવા પાત્ર નથી, સ્વીકાર યોગ્ય નથી, તેવા સગોત્ર બાળ વેવિશાળ 'પેટે ચાંદલા' ની ઘાતક પરંપરાની યાદ આપે છે. દીકરાઓની તંગી નથી. દીકરાઓ યોગ્યતા કેળવતા નથી. દીકરીઓ ભણે છે, દીકરાઓ ભણતા નથી. અને મા-બાપને દીકરીઓને શહેરમાં પરણાવવી છે. દીકરીઓની ઉણપ દેખાવાના આવા કારણોને સમાજે શોધવા પડે, તેનો અભ્યાસ કરવો પડે, તેના મૂળમાં પડેલા સડાને દૂર કરવા પ્રયત્નો કરવા પડે તો સત્ય સામે આવે અને તેનો ઉપાય થઈ શકે. બે વર્ષના બાળકોના સગોત્ર વેવિશાળ કરવાથી, સામાજિક અસમાનતાનો વકરેલો પ્રશ્ન ઓછો થાય તે શક્ય નથી. પગે ગુમડું થાય તો તેટલા ભાગમાં કાપો મૂકી ઉપચાર કરાય, આખો પગ કાપી નાંખવાની મૂર્ખતા કરનારને શાબાશી આપવા જેવું કંઈક સમાજમાં બન્યું છે. તેને રવાડે ચડી-આંધળુકિયા કરનારાઓ ચેતે, કેમકે આ સામાજિક સડો થવા જઈ રહ્યો છે. જે તે સમાજે ભેગા મળી વિચાર વિમર્શ કરી આ સડાનું ઓપરેશન કરવું જોઈએ. સગોત્ર વેવિશાળ કે લગ્ન, નાની કે મોટી ઉંમરે કરવાની વાતને ક્યારેય માન્યતા આપી શકાય નહીં. 'ગુજરાત સમાચાર'ની બુધપૂર્તિમાં જાણીતા વિચારક જય વસાવડાએ અનાવૃત્તમાં આ ઘટનાની વૈજ્ઞાનિક-પૌરાણિક પુરાવા સાથે ટીકા કરી છે. પણ ખાટલે મોટી ખોટ છે કે જે સમાજમાં આ ઘટના બની છે એ સમાજના લોકો ભણેલા કે અભણ-વાંચવાના નામે મીંડું છે. વાંચન અને વિચાર તેમને ખપતા નથી. ત્યાં જયભાઈની વાતનો પ્રતિભાવ મળે કેવી રીતે? વાંચે તો વિચારવું પડે ને? અને વિચારે તો...સાચી દિશા તરફ સમાજ આગળ વધે. પણ કમનસીબી છે! સંપત્તિ ખૂબ છે. સંસ્કારની શોધ ચાલુ છે. નહીંતર એવી ભૂલ થાય નહીં. અને થાય તો આવડો મોટો સમાજ ચૂપ રહે નહીં! પણ સમજણ ક્યાં?

સગોત્ર લગ્ન ન થાય, તેના કારણો વિશે તો તજજ્ઞોની બેઠક કરવી પડે. છતાં જે કંઈ તથ્યો તારવાયા છે તે જોતા આ પરંપરા, આ ઘટના રિવાજ બને તે પહેલાં સમાજે જાગવું જ જોઈએ અને ફરી આવી કોઈ ઘટના દ્વારા માનવ મૂલ્યોનું અધઃપતન ન થાય તે વિચારવાની જવાબદારી સમગ્ર સમાજની રહે છે. કુરિવાજો વધી રહ્યા છે, શિક્ષણ સાથે સમાજનો નાતો તૂટી રહ્યો છે, સંસ્કૃતિ હણાઈ રહી છે. દેખાદેખીનો અગ્નિ બધું 'સ્વાહા' કરવા ભડભડી રહ્યો છે. સ્વજનો જાગો, ઊઠો, વિચારો, સત્યની સાથે રહી અસત્યને જાકારો આપો.

*મો. ૯૭૨૩૩૩૬૪૮૨*

અતીતમાં નજર

અતીતની અટારીએથી-૩

# કોંગ્રેસનો આરંભ

• વ્યોમેશચંદ્ર બૉનરજી •

*'કચ્છ શ્રુતિ'ના માસ મે-૨૦૧૭ના અંકથી 'અતીતની અટારીએથી' એક નવી લેખમાળા શરૂ કરવામાં આવી છે. તે પૈકી 'ઈંગ્લેન્ડની હિંદ પ્રત્યેની ફરજ' અને 'ઈલ્બર્ટ બીલ હિંદને જગાડે છે' નામક બે લેખો આ અગાઉ પ્રસિધ્ધ થયા છે. પ્રસ્તુત લેખમાં ઐતિહાસિક સંદર્ભમાં 'કોંગ્રેસનો આરંભ' શિર્ષક હેઠળ નવી વિગત જાણવા મળશે.*

*– તંત્રી મંડળ*

## ઐતિહાસિક સંદર્ભ :

ગયા લેખમાં આપણે જોયું કે ઈલ્બર્ટ બીલના સંદર્ભમાં હિંદીઓને એક સંગઠનની જરૂર જણાઈ. એવું સંગઠન કે જે રાષ્ટ્રજોગું હોય. પરિણામે ડિસેમ્બર ૧૮૮૩માં પ્રથમ રાષ્ટ્રીય સંમેલન યોજાયું કે જેમાં ફિરોઝશાહ મહેતાએ સભાને સંબોધી હતી. આ સંમેલન સાથે એ વિચાર અને વાત ફેલાઈ રહ્યાં હતાં કે એક એવા રાષ્ટ્રીય સંગઠનની જરૂર છે જે વિચારવિમર્શ કરવા અને સરકાર સમક્ષ વાત રજૂ કરવા માટે હિંદના વતનીઓને યોગ્ય મંચ અને બળ પૂરું પાડે.

શ્રી પટ્ટાભી સીતારામૈયાનાં 'હિસ્ટ્રી ઑફ ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ' બોમ્બે, પદ્મા પબ્લિકેશન્સ, ગ્રંથ-૧, ૧૯૪૭, પૃષ્ઠ-૧૧ માં આ કોંગ્રેસ સંસ્થાના ઉદ્‌ભવ વિષે જણાવ્યા મુજબ – "કોણે એક અખિલ હિંદ કોંગ્રેસના વિચારને જન્મ આપ્યો, એ એક રહસ્ય રહ્યું છે. ખેર, જે કોઈએ આ વિચારને જન્મ આપ્યો હોય અને જે કાંઈ એનું ઉદ્‌ભવસ્થાન હોય, આપણે એ કહી શકીએ કે આવા એક સંગઠનની જરૂર જણાતી હતી અને તેની તરફેણમાં હવા હતી. તેથી જ શ્રી એલન ઓક્ટેવિયન હ્યુમે બીડું ઝડપ્યું." ઈંગ્લેન્ડની રેડિકલ પાર્ટીના સંસ્થાપકના પુત્ર અને ઈંડિયન સિવિલ સર્વિસના નિવૃત્ત સભ્ય એવા હ્યુમ એક અંગ્રેજ હતા કે જેઓએ હિંદમાં જ રહેવાનું ચાલુ રાખ્યું. કોંગ્રેસના મહામંત્રી તરીકે તેઓએ ઘણાં વર્ષ સેવા બજાવી. એવી માન્યતા પણ પ્રવર્તે છે કે, 'એ વખતની વણસતી પરિસ્થિતિ, ક્રાંતિના ભડકામાં ન પરિણમે તે માટે હ્યુમે કોંગ્રેસની રચના કરી.'

કોંગ્રેસના ઉદ્‌ઘાટન સમયની પ્રથમ બેઠક ગોકુલદાસ તેજપાલ બોર્ડિંગ સ્કુલ, સંસ્કૃત કૉલેજ અને લાઈબ્રેરી, મુંબઈ ખાતે યોજાઈ. આખા દેશના અલગ અલગ ભાગમાંથી આવેલા ૨૭ પ્રતિનિધિઓએ આ બેઠકમાં હાજરી આપી. તેઓમાં દાદાભાઈ નવરોજી, મહાદેવ ગોવિંદ રાનડે, ફિરોઝશાહ મહેતા, કે.ટી. તેલંગ, દિનશા મહેતા અને એવા બીજા અનેક મહાનુભાવો હાજર હતા. એમાં બે મુસ્લિમ મહાનુભાવો પણ હાજર હતા – આર. એમ. સયાની અને એમ. એમ. ધરમસી. કલકત્તાના આગેવાન બેરિસ્ટર વ્યોમેશચંદ્ર બૉનરજી આ પ્રથમ કોંગ્રેસ બેઠકના અધ્યક્ષ સ્થાને ચુંટાયા હતા. આ લેખમાં તેઓએ અધ્યક્ષ સ્થાનેથી કરેલા સંબોધનનો ભાવાનુવાદ અહીં રજૂ કરવામાં આવ્યો છે.

## વક્તાનો પરિચય :

*વ્યોમેશચંદ્ર બૉનરજીનો જન્મ ડિસેમ્બર ૨૯, ૧૮૪૪માં કિડરપુર, કલકત્તા ખાતે થયો હતો. પાઠશાળામાં પ્રારંભિક શિક્ષણ શરૂ કરી, ઓરીએન્ટલ સેમિનરીમાં અભ્યાસ કરીને ૧૮૬૨માં કારકુન તરીકે ડબલ્યુ.પી.ગીલેંડર્સની પેઢીમાં જોડાયા. ૧૮૬૪માં તેઓને બારમાં સ્થાન મળ્યું. ૧૮૬૮માં કલકત્તા પાછા ફરી કાયદાકીય કામકાજ શરૂ કર્યું અને અનુભવે હાઈકોર્ટના એક સફળ બેરિસ્ટર બન્યા. સુરેન્દ્રનાથ બેનરજીના જાણીતા વકીલ તરીકે પેરવી કરી. તેઓ ઉદારમતવાદી હતા અને તેઓના પત્નીના ખ્રિસ્તી ધર્મ પરિવર્તનનો તેઓને વાંધો ન હતો.*

*રાજકીય દષ્ટિએ તેઓ મવાળ હતા અને તેઓને બ્રિટીશ સંસ્થાઓ અને માળખું પસંદ ન હતા. ભલે તેઓને રાજકીય આંદોલનો પસંદ ન હતા, પરંતુ તેઓના ભાષણ અને લખાણમાં તેઓએ હિંદીઓ માટે લોકશાહી અધિકારોની માંગ ઉઠાવી હતી. ઈંગ્લેન્ડના વિદ્યાર્થીકાળ દરમ્યાન તેઓએ દાદાભાઈ નવરોજી સાથે મળીને 'લંડન ઈન્ડિયન સોસાયટી'ની શરૂઆત કરી હતી, તેમાં દાદાભાઈ પ્રમુખ અને પોતે સેક્રેટરી હતા. વ્યોમેશચંદ્ર બૉનરજી ઈંડિયન નેશનલ કોંગ્રેસની બ્રિટીશ કમિટીના પણ સભ્ય હતા, જેના પદાધિકારીઓ તરીકે નામાંકિત અંગ્રેજો હતા.*

*વ્યોમેશચંદ્ર બૉનરજી ઈન્ડિયન નેશનલ કોંગ્રેસની સર્વપ્રથમ બેઠક (૧૮૮૫)ના અને ફરીવાર ૧૮૯૨ની બેઠકના અધ્યક્ષ થયા હતા. ૧૯૦૨માં તેઓએ ઈંગ્લેન્ડ જઈ ત્યાંની પ્રિવિ કાઉન્સિલમાં કાયદાકીય વ્યવસાય શરૂ કર્યો હતો. બ્રિટીશ પાર્લામેન્ટમાં ચૂંટાઈને પ્રવેશવાના તેમના બે પ્રયત્નો નિષ્ફળ રહ્યા. ૧૯૦૬માં તેઓનું નિધન થયું.*

## વ્યોમેશચંદ્ર બૉનરજીના વક્તવ્યનો ભાવાનુવાદ

**(મુંબઈ, ડિસેમ્બર ૨૯, ૧૮૮૫)**

છેલ્લા થોડા દિવસથી બહારની દુનિયામાં સતત પૂછાતા પ્રશ્નનો જવાબ આપવાનો સમય હવે પાકી ગયો છે. પ્રશ્ન છે – આ મોટી નેશનલ કોંગ્રેસના હેતુ અને ધ્યેય શા છે? આ પ્રશ્નનો જવાબ લાંબી વિગતે આપવાનો દેખાડો હું નહીં કરું. કોઈ એક વક્તા કરતાં, હું માનું છું કે, આ પ્રશ્નનો ઉત્તર આ બેઠકનું કામકાજ વધુ અસરકારક રીતે આપી શકશે. પરંતુ ટુંકમાં હું કહીશ કે કોંગ્રેસના હેતુનું નીચે જણાવેલા મુદ્દાઓમાં મોટેભાગે વર્ગીકરણ કરી શકાય :

(i) (બ્રિટીશ) સામ્રાજ્યના અલગ અલગ ભાગમાં રહી આપણા દેશના ભલા માટે ખંતથી કાર્યરત લોકો વચ્ચે વ્યક્તિગત ઘનિષ્ટતા અને મૈત્રી પ્રોત્સાહન આપી વધારવા.

(ii) સીધા મૈત્રીપૂર્ણ અને વ્યક્તિ - વ્યક્તિ વચ્ચેના સંવાદ દ્વારા આપણા સૌ દેશપ્રેમીઓ વચ્ચે જાતિ, જ્ઞાતિ, રંગ કે પ્રદેશ આધારિત પૂર્વગ્રહો શક્ય એટલા દૂર કરવા અને તેઓના લાડીલા લૉર્ડ રીપનના વહીવટ દરમ્યાન રાષ્ટ્રીય એકતાની જે લાગણી ઉદ્‌ભવી હતી તેનો વધુ વિકાસ થાય અને મજબૂત બને.

(iii) આજના સમયના અતિ મહત્ત્વના અને તરત ધ્યાન માંગી લેતા સામાજિક પ્રશ્નો પર હિંદના શિક્ષિત વર્ગોના પરિપક્વ અભિપ્રાયો પર વિગતવાર ચર્ચા વિચારણા કરી તેનો એક સત્તાવાર હેવાલ તૈયાર કરવો.

(iv) આવતા બાર મહિના દરમ્યાન હિંદી રાજકારણીઓએ લોકોના જાહેર હિત માટે કઈ દિશામાં એ કઈ રીતે કાર્યરત રહેવું હિતાવહ છે તે નક્કી કરવું.

કોઈપણ પૂર્વગ્રહરહિત સમજુ વ્યક્તિને આ હેતુઓ સામે કશો વાંધો ન હોઈ શકે. છતાં પણ, એકથી વધુ પ્રસંગે, જેમણે ડહાપણ દર્શાવવાની જરૂર હતી એવા સજ્જનોએ આ પ્રસ્તાવિત કોંગ્રેસની આકરી ટીકા કરી હતી – જાણે કે તે કાવતરાબાજ અને બિનવફાદાર લોકોનો માળો હોય. આપણી સૌની વચ્ચે આગલા દિવસે થયેલી, અનૌપચારીક લાંબી ચર્ચાઓનો હવાલો લેતા, અહીં હાજર દરેક સજ્જનની લાગણીનો પડઘો પાડતા, મને કહેવા દો કે મારા અને મારી આસપાસના મારા મિત્રોથી વધુ વફાદાર અને સુમેળભર્યા હિતેચ્છુઓ બ્રિટીશ સરકારને નહીં મળે, જે હું સારી રીતે જાણું છું. શાંતિપૂર્વક વ્યવસ્થિત રીતે આપણા કલ્યાણને સંબંધિત મહત્ત્વના પ્રશ્નો પર ચર્ચા કરવા મળવામાં, આપણે ઈંગ્લેન્ડના બંધારણે પ્રજાના દૃષ્ટિકોણ સત્તાધીશો સમક્ષ રજૂ કરવા માટે નિર્દેશેલા માર્ગ પર જ આપણે ચાલીએ છીએ. હિંદના ભલા માટે ગ્રેટ બ્રિટને ઘણું કર્યું છે અને તે બદલ આખો દેશ તેમનો યોગ્ય રીતે આભારી છે.

ગ્રેટ બ્રિટને આપણને કાયદો અને વ્યવસ્થા, રેલવે અને સવિશેષ તો અંદાજી ન શકાય તેવા પશ્ચિમી કેળવણીના આશિર્વાદ આપ્યા છે. પરંતુ હજી ઘણું કરવાનું બાકી છે. જેમ જેમ લોકોનું શિક્ષણ વધશે અને ભૌતિક સમૃદ્ધિ વધશે, તેમ તેમ રાજકીય બાબતોમાં તેમની સુઝબુઝ વધશે અને તે સાથે રાજકીય વિકાસમાં આપણી પ્રગતિ માટેની મહેચ્છા તીવ્રતર થતી જશે. મને લાગે છે કે જે સિદ્ધાંતો પ્રમાણે યુરોપમાં પ્રજા પર વહીવટ ચલાવવામાં આવે છે, એ મુજબ જ આપણા દેશમાં પણ પ્રજા પર રાજ્યવહીવટ ચલાવાય તેવી ઈચ્છા દર્શાવવી એ કોઈ જ રીતે બ્રિટીશ સરકાર પ્રત્યેની આપણી વફાદારી સાથે અસંગત નથી. આખરે આપણા સૌની એક જ મહેચ્છા છે કે સરકારીતંત્રનો પાયો વિસ્તરે અને હિંદના વતનીઓની એમાં યોગ્ય અને કાયદેસર સહભાગીતા હોય. હું માનું છું કે આ કોંગ્રેસમાં અહીં જે કાંઈ ચર્ચા વિચારણા થશે તે સત્તાધીશો અને જનસામાન્ય – એ બંને માટે લાભકારક નીવડશે.

***નોંધ*** : જે ઐતિહાસિક સંદર્ભમાં કોંગ્રેસની આ પ્રથમ બેઠક ૧૮૮૫માં યોજાઈ, તેને ખ્યાલમાં રાખીને એ ધ્યાનમાં લેવું ઘટે કે કોંગ્રેસની શરૂઆતના વર્ષોમાં 'સ્વાતંત્ર્ય' કે 'સ્વરાજ્ય' તેમના એજન્ડામાં ન હતા. પ્રારંભમાં આજીજી, વિનવણી અને યાચકવૃત્તિથી સરકાર સમક્ષ રજૂઆત કરવાની નીતિ પરથી સ્વરાજ્યના મુદ્દા પર આવતા કોંગ્રેસને બીજાં વીસ વર્ષ લાગ્યા હતાં. જો કે એ સમજવું જરૂરી છે કે તેના પ્રારંભથી જ કોંગ્રેસ એક આગેવાન રાજકીય સંસ્થા તરીકે ઉભરી હતી. એ સંસ્થાની ગતિવિધિઓને કારણે હિંદના લોકોની રાજકીય ચેતના ઝડપથી જાગૃત થવા લાગી અને અંગ્રેજ સત્તાધીશોને તેનો ભય લાગવા માંડ્યો હતો.

***ભાવાનુવાદ : ભરત ભટ્ટ***
***મો. ૯૯૦૯૯ ૧૦૦૯૨***

*મૈં ગીરા થા તો, બહોત લોગ રૂકે થે લેકિન,*
*સોચતા હૂં, મુજે આયે થે ઉઠાને કિતને?*

સ્વાસ્થ્ય

# શા માટે યોગ જરૂરી છે?



ડૉ. મિહિર એમ. વોરા

યોગ શા માટે જરૂરી છે? તે જોઈએ તો યોગથી શારીરિક ફાયદાઓ ખૂબ થાય છે જેમકે આખા શરીરની કામ કરવાની ક્ષમતામાં વધારો થાય છે. નિયમિત યોગ કરવાથી અકાળે થતા મૃત્યુની શક્યતામાં નોંધપાત્ર ઘટાડો થાય છે. હૃદયની કાર્યક્ષમતામાં વધારો થાય છે અને હૃદયને લોહી પહોંચાડતી નવી નવી ધમનીઓ વિકસે છે જેથી એક ધમનીના અવરોધ સમયે કુદરતી રીતે જ બીજી ધમની બાયપાસ તરીકે કામ આપે. યોગ શરીરમાં ચરબીના ચયાપચય ઉપર અસર કરે છે જેથી ધમનીમાં ચરબીનો જમાવ (એથેરોસ્ક્લેરોસિસ) થવાની ગતિ અટકી જાય કે ધીમી પડી જાય છે. પરિણામે હૃદયરોગ થવાની અને હાર્ટ ઍટેકથી મૃત્યુ થવાની શક્યતા ઘટે છે. ઘણા લોકોને મનમાં એવો પ્રશ્ન થાય છે કે, આ યોગ કરવાનું શું કામ છે? ખાઓ-પીઓ અને મજા કરો. દુર્ભાગ્યે આવા લોકો જ લાંબાગાળે બેઠાડું જીવન અને શ્રમવિહીનતાને કારણે મેદસ્વીપણું, હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ અને હૃદયરોગનો ભોગ બનતા હોય છે. **જગતની ૬૫% વસતિ જરૂર કરતાં ઓછી શારીરિક સક્રિયતા દાખવે છે અને બેઠાડું જિંદગી જીવે છે. જેને કારણે દર વર્ષે ૨૦ લાખ લોકોનાં અકાળે મૃત્યુ થાય છે.** માત્ર શરીરને પૂરતી યોગ આપવાની આળસ અથવા બિનઅનુકૂળતા આટલા બધા લોકોના મોતનું કારણ બને છે. બેઠાડું જીવનશૈલી એ વિશ્વમાં સ્વાસ્થ્ય માટે જોખમી અને મૃત્યુ તથા અપંગતા (નિર્યોગ્યતા) માટે જવાબદાર પ્રથમ દસ પરિબળમાં સ્થાન પામે છે. યોગને કારણે ઈન્સ્યુલિનની જરૂરિયાત ઘટે છે, લોહીનાં ગ્લુકોઝ પર નિયંત્રણ આવી શકે છે અને ડાયાબિટીસ થવાની શક્યતા ઘટે છે. યોગના કારણે સ્નાયુઓ ઉપરાંત હાડકાં અને સાંધાની મજબૂતી પણ વધે છે. નિયમિત યોગ કરનાર કમરના દુઃખાવાને થતો અટકાવે છે અને દુઃખતી કમરને રાહત મળે છે. નિયમિત યોગ કરનાર વ્યક્તિનું સરેરાશ વજન તંદુરસ્ત વજનની મર્યાદામાં જળવાઈ રહે છે. હાઈ બ્લડપ્રેશર થતું જ અટકાવવામાં અને વધી ગયેલ બ્લડપ્રેશરને કાબૂમાં રાખવામાં સહાય મળે છે. નિયમિત યોગ કરનારાઓને આંતરડાનું કેન્સર (અને કદાચ સ્તન કેન્સર પણ) થવાની શક્યતા ખૂબ ઘટી જાય છે. વૃદ્ધ વ્યક્તિના શરીરનું સંતુલન જાળવવામાં અને હરફર ચાલુ રાખવામાં યોગ ખૂબ ઉપયોગી થાય છે. જો તરુણાવસ્થાથી યોગ કરવાની ટેવ પાડવામાં આવે તો તમાકુ જેવી કુટેવ પડવાની શક્યતા ઓછી રહે છે. શારીરિક સક્રિય બાળકો શાળાની પરીક્ષામાં વધુ સારો દેખાવ કરી શકે છે. નાનપણથી જ શારીરિક શ્રમ મળે એવી જૂથ રમતોમાં રમવાથી બાળકમાં સામાજિક ગુણોનો સારો વિકાસ થાય છે. તે ઉપરાંત બાળકોમાં યોગની એક કાયમી ટેવ પડે છે, જે મોટી ઉંમરે ખૂબ ઉપયોગી થાય છે. નિયમિત યોગને કારણે ઘણા લોકો ચિંતા અને હતાશા (ડિપ્રેશન)માંથી મુક્ત થઈ શકે છે. યોગથી આત્મવિશ્વાસ વધતો જાય છે, મનની શાંતિ અને પ્રફુલ્લિતતા જળવાઈ રહે છે અને માનસિક સ્વાસ્થ્ય સુધરે છે. બેઠાડું જીવન શરીરમાં શક્તિ (કેલરી)નો વ્યય ઘટાડી નાખે છે, ચરબીનો ભરાવો થવા દે છે પરિણામે જાડાપણું થવાની શક્યતા વધે છે. ઈન્સ્યુલીનની અસરકારકતા ઓછી કરે છે પરિણામે ડાયાબિટીસ થવાની શક્યતા વધી જાય છે. કેટલાક અભ્યાસો જણાવે છે કે અઠવાડિયે ૫૦૦ કેલેરી જેટલી યોગ ઘટવાથી ડાયાબિટીસની શક્યતા ૬ ટકા જેટલી વધે છે. લોહીમાં કોલેસ્ટેરોલનું પ્રમાણ વધતું જાય છે, જે હૃદયરોગ થવા માટે જવાબદાર છે. બેઠાડું જીવન જીવતી વ્યક્તિમાં હૃદયરોગ થવાની શક્યતા ૧.૯ ગણી વધી જાય છે. અમેરિકન અભ્યાસો જણાવે છે કે બેઠાડું લોકોમાંથી ૩૫ ટકા લોકોને હાર્ટ ઍટેક આવવાની શક્યતા માત્ર નિયમિત યોગ કરવાથી અટકી શકે છે. બેઠાડું જિંદગીને કારણે હાડકાં નબળાં પડે છે જેને ઓસ્ટીઓપોરોસિસ કહે છે. પરિણામે હાડકાંના ફ્રેક્ચર થવાની શક્યતા ખૂબ વધી જાય છે.

બેઠાડું જિંદગીને કારણે આંતરડાનાં કેન્સર થવાની શક્યતા વધી જાય છે. બેઠાડું જિંદગીને માનસિક હતાશા (ડિપ્રેશન) સાથે સીધો સંબંધ છે. નિયમિત યોગ આત્મવિશ્વાસ વધારે છે તથા હતાશા દૂર કરે છે. અમેરિકામાં થતા કુલ મૃત્યુ પામતા લોકોના ૧૨ ટકા જેટલા લોકો યોગ ન કરવાને કારણે કમોતે મરે છે. એક સરખી ઉંમર માટે બેઠાડું જીવન

*(અનુસંધાન : જુઓ પાના નં.-૧૬ ઉપર)*

સ્વાસ્થ્ય

# માનસિક સ્ટ્રેસની શરીર પર અસર – (સારવાર) (૫)




ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના લેખમાં આપણે જાણ્યું કે સ્ટ્રેસ એટલે શું? હકારાત્મક સ્ટ્રેસ તથા નકારાત્મક સ્ટ્રેસ તથા સ્ટ્રેસની શારીરિક પ્રક્રિયા વિશે પણ જાણકારી મેળવી. માનસિક સ્ટ્રેસના નિર્માણ માટે બાહ્ય પ્રસંગ કે બાહ્ય ઘટના કરતાં વ્યક્તિનો પ્રતિભાવ અને પ્રતિક્રિયા વધારે મહત્ત્વના છે. સ્ટ્રેસના નિર્માણ માટે આંતરિક પરિબળ વધારે મહત્ત્વનું છે. પ્રસંગ કે ઘટના ૧૦% ભાગ ભજવે છે જ્યારે વ્યક્તિનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા ૯૦% ભાગ ભજવે છે. સ્ટ્રેસના લક્ષણો – શારીરિક, ભાવનાત્મક તથા માનસિક વિશે પણ જાણકારી મેળવી.

આ અંકમાં આપણે જાણકારી મેળવીએ કે સ્ટ્રેસ કાબૂમાં કઈ રીતે રાખી શકાય જેથી આ ૨૧મી સદીના સૌથી ઘાતક શસ્ત્રથી આપણે દૂર રહીએ.

- **સારવાર :**

અન્ય શારીરિક બીમારીઓની જેમ માનસિક સ્ટ્રેસની બીમારીની સારવાર નીચેની પદ્ધતિઓથી કરવામાં આવે છે :

૧. **દવાઓ :** માનસિક સ્ટ્રેસમાં થયેલ રાસાયણિક, હોરમોનલ તથા ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો માટે દવાઓ દ્વારા સારવાર અપાય છે.

૨. **મનોવિશ્લેષણ, કાઉન્સેલિંગ :** મનોવિશ્લેષણ તથા કાઉન્સેલિંગ દ્વારા સ્ટ્રેસની બીમારી તરફ ધકેલતા ખામીયુક્ત વ્યક્તિત્વ તથા અભિગમ તથા ખામીયુક્ત સામાજિક વ્યવહાર તથા અન્ય પરિબળો વિશે દર્દી સાથે ચર્ચા કરાય છે. મનોવિશ્લેષણ - કાઉન્સેલિંગની આ વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા દર્દી આ નકારાત્મક પરિબળો પ્રત્યે સજાગ બને છે અને વ્યક્તિત્વ તથા અભિગમમાં સમજણપૂર્વક, જાગૃતપણે બદલવા સક્રિય પ્રયત્ન કરે છે. જેથી લાંબાગાળાના યોગ્ય પરિણામ પ્રાપ્ત થાય છે.

**૧. દવાઓ દ્વારા સારવાર :**

સ્ટ્રેસ પ્રતિરોધક દવાઓ (Anti stress Medication) ગુણકારક દવાઓ છે. વિવિધ પ્રકારની સ્ટ્રેસ પ્રતિરોધક દવાઓ ઉપલબ્ધ છે. વ્યક્તિગત રીતે, રોગના લક્ષણો અનુસાર, યોગ્ય માત્રામાં આ દવાઓ આપવામાં આવે છે.

(૧) શારીરિક બીમારીમાં (ડાયાબિટીસ, થાઈરોઈડ વગેરે) શરીરમાં રસાયણની (ઈન્સ્યુલિન, થાઈરોક્ષીનની) માત્રા ઓછી થાય છે. જેથી રોગના (ડાયાબિટીસ, થાઈરોઇડના) લક્ષણો દર્દીમાં જોવા મળે છે. (૨) દવાઓ દ્વારા રસાયણની (ઈન્સ્યુલિન, થાઈરોક્ષીનની) માત્રા નોર્મલ કરાય છે. જેથી રોગ પર કાબૂ મેળવાય છે. લક્ષણો નાબૂદ થાય છે.

(૧) સ્ટ્રેસની બીમારીમાં (મનની અન્ય બીમારીઓમાં પણ) શરીરમાં રસાયણની (એડ્રિનાલીન, સીરોટોનિન, ગામા એમિનો બ્યુટીક એસિડ) માત્રા વધઘટ થાય છે. જેથી રોગના (સ્ટ્રેસ ડિસઓર્ડરના) લક્ષણો દર્દીમાં જોવા મળે છે. (૨) દવાઓ દ્વારા આ રસાયણોની માત્રા નોર્મલ કરાય છે. જેથી રોગ પર કાબૂ મેળવાય છે. લક્ષણો નાબૂદ થાય છે.

જેવી રીતે ડાયાબિટીસ, થાઈરોઈડના દર્દીને ઇન્સ્યુલિન, થાઈરોક્ષીનની જરૂરત છે એ દર્દી એનો બંધાણી (Addict) નથી, તેવી જ રીતે સ્ટ્રેસની બીમારીના દર્દીને પણ આ દવાઓની જરૂરત છે. શરીર આ રસાયણો યોગ્ય માત્રામાં બનાવતા નથી. દર્દી એનો બંધાણી (addict) નથી. શરીરની જરૂરત છે (Need of the Body).

- **ઔષધોપચારના સામાન્ય નિયમો :**

૧. દવાઓ નિયમિત લેવી જોઈએ.

૨. દવાઓની માત્રા મનોચિકિત્સક વ્યક્તિગત દર્દી પ્રમાણે તથા રોગના લક્ષણો મુજબ નક્કી કરે છે.

૩. મનોચિકિત્સકની સલાહ વગર, પોતાની જાતે કે સગાવહાલાંની સલાહ મુજબ દવાઓમાં વધારો કે ઘટાડો કરવો નહીં.

૪. દવાઓની અસર આવતાં થોડો સમય લાગે છે. દવાઓ શરૂ કર્યા બાદ આશરે બે અઠવાડિયા પછી દવાની અસરનો ખ્યાલ આવશે.

૫. દર્દીને સારું લાગવા માંડે તો પણ મનોચિકિત્સકની સલાહ પ્રમાણે કોર્સ પૂરો કરવો અગત્યનું છે. જેથી બીમારીનો ઉથલો ટાળી શકાય.

૬. દવાઓ અધવચ્ચેથી છોડવી નહીં. આથી બીમારીનો ઉથલો થવાના સંજોગો વધી જાય છે તથા ફરીથી નવેસરથી સારવાર ચાલુ કરવી પડે છે.

- **દવાઓની સારવારથી સ્ટ્રેસનો સામનો કરવાની ક્ષમતામાં વધારો :**

સ્ટ્રેસ પ્રતિરોધક દવાઓથી શરીરમાં રસાયણો, હોરમોન્સ તથા ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ થાય છે. આથી દર્દીની માનસિક ક્ષમતા વધે છે, મનોબળ વધે છે. મનને ખલેલ પહોંચાડના પરિબળોનો સામનો કરવાની ક્ષમતા વધે છે. (૧) મુશ્કેલ પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણય કરી, (૨) કરેલા નિર્ણયને અમલમાં મૂકવા માટેની ઊર્જાનું નિર્માણ થાય છે. (૩) નિર્ણય અલમમાં મૂકાતા યોગ્ય સકારાત્મક પરિણામ મળે છે. (૪) આત્મવિશ્વાસમાં વધારો થાય છે.

- **કેસ સ્ટડી :**

૫૮ વર્ષના દીપકને સ્ટ્રેસ ડિસઓર્ડરની બીમારી થયેલ. યોગ્ય મનોચિકિત્સા દ્વારા સારો સુધારો થયેલ. તબિયત સુધરી હતી.

સારવાર દરમિયાન દીપકના નાના ભાઈ તથા એના કુટુંબને ગંભીર કાર અકસ્માત થયેલ. સદ્‌ભાગ્યે બધા બચી ગયા હતા. પરંતુ ગંભીર શારીરિક ઈજાઓ થયેલ. નાના ભાઈને છાતીની પાંસળીઓમાં ફ્રેક્ચર થયેલ. એની પત્ની બે દિવસ બેભાન (કોમામાં) રહી હતી. લોહી ખૂબ વહી ગયું હતું. દીકરાને પગમાં ફ્રેક્ચર થયેલ.

સારવાર પહેલાનો દીપક હોત તો આ સમાચાર સાંભળીને નર્વસ થઈ જાત. રડીને બેસી રહેત. અન્ય કુટુંબીજનોએ દીપકને સંભાળવો પડત.

આ ગંભીર પરિસ્થિતિમાં હતાશ થઈ નિષ્ક્રિય બેસી રહી ચિંતા કરવાને બદલે દીપકે પરિસ્થિતિનો સક્રિય રીતે સામનો કર્યો. ત્વરીત યોગ્ય નિર્ણય લઈ ત્રણેયની સારવાર કરવાની વ્યવસ્થા કરી. નાના ભાઈ તથા એના દીકરાની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરી ફ્રેક્ચર માટેની યોગ્ય સારવારની વ્યવસ્થા કરી. ભાઈની પત્ની માટે પણ લોહીની વ્યવસ્થા કરી લોહી ચડાવ્યું. આને લીધે ત્રણેયની તબિયતમાં ઝડપથી સુધારો થયો.

અકસ્માત માટેની યોગ્ય પોલીસ કાર્યવાહી પણ કરી.

સારવારથી સ્ટ્રેસનો સામનો કરવાની ક્ષમતામાં (Stress Management) વધારો થયો.

- **મનોવિશ્લેષણ (Psychotherapy) :**

મનોવિશ્લેષણ તથા કાઉન્સેલિંગની પ્રક્રિયામાં દર્દી સક્રિય રીતે ભાગ લે એ ખૂબ અગત્યનું છે. આ એક સક્રિય પ્રક્રિયા (Active Participation) છે.

મનોવિશ્લેષણની પ્રક્રિયા દર્દી યોગ્ય રીતે સમજી શકે તથા પોતાના માટે યોગ્ય નિર્ણય લઈ શકે એ માટે દર્દીની મનની સ્થિતિ નોર્મલ હોવી ખૂબ અગત્યની છે. અત્યારની પરિસ્થિતિમાં પોતાના માટે શું યોગ્ય છે એ સમજવાની ક્ષમતા દર્દીમાં હોવી એ મનોવિશ્લેષણની પદ્ધતિ માટે એક નિયમ છે. દર્દી પોતે મનોવિશ્લેષણની પ્રક્રિયા ન સમજી શકે ત્યારે મનોવિશ્લેષણની સારવાર આપવી એ પથ્થર પર પાણી રેડવા જેવું છે.

સામાન્ય રીતે દર્દીની પ્રથમ સારવાર દવાઓ દ્વારા કરાય છે. દવાઓની સારવારના સારા પરિણામો ત્વરિત મળે છે. દર્દીની મનની સ્થિતિ નોર્મલ થાય, દર્દીમાં યોગ્ય નિર્ણયો કરવાની ક્ષમતા આવે ત્યારબાદ મનોવિશ્લેષણની પધ્ધતિથી સારવાર સાથે શરૂ કરાય છે.

મનોવિશ્લેષણની પણ અલગ અલગ પધ્ધતિઓ તથા ટેકનિક છે જેના વિશે હવે પછીના લેખમાં ચર્ચા કરીશું.

*(ક્રમશઃ)*

***E-mail : drmanilalgada@yahoo.com***
***E-mail : diptishah999@yahoo.co.in***

## શા માટે યોગ જરૂરી છે?

**(અનુસંધાન : પાના નં.-૧૪ ઉપરથી ચાલુ)**

જીવનાર વ્યક્તિની સરખામણીએ કસરતી શરીર ધરાવનાર અને યોગ કરનાર વ્યક્તિઓમાં મૃત્યુના દરનું પ્રમાણ ત્રીજા ભાગનું હોય છે. તાજેતરમાં થયેલા અનેક અભ્યાસો જણાવે છે કે બેઠાડું જિંદગીને માનસિક હતાશા ડિપ્રેશનની બીમારી સાથે સીધો સંબંધ છે. આજકાલ જે હદે માનસિક હતાશા અને અન્ય તકલીફો વધી રહી છે એ જોતાં આ અભ્યાસ ઘણું અગત્યનું માર્ગદર્શન આપે છે. આખો દિવસ બેઠાં બેઠાં દુનિયાભરના વિચારો અને ચિંતા કર્યા કરતો માણસ શારીરિક શ્રમ બિલકુલ છોડી દે ત્યારે માનસિક સંતુલન ગુમાવી દે એવી શક્યતાઓ ઘણી વધારે રહે છે. યોગ કરવાથી વ્યક્તિને માનસિક સુખશાંતિનો અનુભવ થાય છે અને આત્મવિશ્વાસ વધે છે.

તો આજે જ નહીં, કાયમ માટે યોગને અપનાવીને આપણા શરીરને રોગમુક્ત બનાવીએ. ■

## લઘુકથા : બસની અંદર

*– બાબુલાલ ગોર*

બસ થોભી.

ખીચોખીચ ભરેલી બસમાંથી એક પ્રવાસી ઉતર્યો. મા અને દીકરી એમ બે પ્રવાસીઓ ચડ્યા. દીકરીના હાથમાં એક ડબલું હતું. તેમાં વઘાર માટે થોડું તેલ હતું. માના હાથમાં રાશનની નાનકડી પોટલી હતી. નિઃસહાયતા અને ગરીબીની જાણે સાક્ષાત મૂર્તિઓ.

કેટલાક પ્રવાસીઓ કાનફુસિયાં કરી રહ્યા હતા, "અડબુથ! ગીર્દીમાં ગીર્દી વધારે છે!"

ત્યાં તો કોઈનો ધક્કો વાગ્યો અને છોકરીના હાથમાં રહેલ ડબલું પડી ગયું અને બધું તેલ ઢોળાઈ ગયું.

"અરેરે...! અડબુથ! બસ બગાડી! કપડાં પણ બગડશે." ચોખલીયા પ્રવાસીઓ તાડુક્યા. મોંઘા મૂલનું તેલ ઢોળાયું અને વધારામાં ગાળો સાંભળવી પડી. મૂંગી ગરીબી આર્તનાદ કરી રહી.

ત્યાં તો જીર્ણ વસ્ત્રધારી એક પ્રવાસી છોકરીના હાથમાં વીસ રૂપિયાની ચલણી નોટ આપતાં જ પ્રવાસીની ગીર્દીમાં સરકી ગયો.

મા-દીકરી આભારવશ તેને નીરખીને જુવે તે પહેલાં તો ઉતરવાનું સ્થળ આવતા બસ થોભી અને મા-દીકરીને ઉતરવું પડ્યું.

*૬૫, ભાનુશાલી નગર, કર્મભૂમિ એપાર્ટમેન્ટની સામે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૭૪ ૦૭૪૩૨*

*બીજાનો વિચાર કરીને જો બધા જીવે તો ઘરમાં સ્વર્ગ સર્જાય.*

## લઘુકથા : રસ્તો

*– જગદીશ જાની*

ટેકરીનો ઢાળ ઉતરતા દૂરથી જ લાખાએ બાજ નજરે જોયું. મેળો બરાબર જામ્યો હતો. મેળાની હકડેઠઠ મેદનીને જોતાં જ તે ખુશ થયો. લાખો આંગળીનો ઇલમી હતો. મેળામાં લોકોની ઉમટતી મેદનીને જોઈને તેના હાથની આંગળીઓ ફરકવા લાગી. મેળાની ભરચક ભીડમાં આજે માલદાર ખિસ્સાં લાખાના હાથે હળવા થવાના જ. અને હૈયે હૈયું દળતી ભીડમાં મેળો મહાલતી યુવતીઓની ડોક પર ઝુલતી સોનાની ચેઈન, મંગળસુત્ર કે નકશીદાર નેકલેસની 'ચીલઝડપ' આજે લાખાને હાથે સીફતથી થવાની.

મેળાની મેદનીમાં ભળી જવા મેળાને રસ્તે ચોર પગલે તે આગળ વધ્યો. એણે બીડી સળગાવી, ને રૂખીના શબ્દો તેને દઝાડી રહ્યા : "લાખા! હું હાચું કવ છું તું ગોરખધંધાનો આ રસ્તો મેલી દે. નીકર ભગવાનની લાઠીમાં અવાજ ની હોતો. કામુકો ઉપાડી જ લે હે." "લાખા, આ જીવતર તો ચાર દનનો મેળો સે... કાળા કામો કરવા કરતાં મે'નત નો રોટલો ખાંઈ તો જ આ મનખા અવતાર પરમાણ. નીકર પેટ તો કાગડા - કૂતરાય ભરે સે."

લાખાને રૂખી પર મનોમન ગુસ્સો આવી ગયો. એણે કડવાશથી બીડી ફેંકી દીધી. અને શિકારને ઝડપી લેવા ઘાસમાં સરકતા કાળોતરા સાપની જેમ લોક મેદનીમાં સરકતો લાખો મેળાને રસ્તે ધસી રહ્યો.

રૂખીના શબ્દો ફરીથી એના કાનમાં પડઘાયા...

– અને મેળાની મેદનીથી દૂર સરી જઈ એણે 'રસ્તો' બદલી નાખ્યો.

*૪૯, રાધે રેસિડેન્સી, અર્બુદાનગરની પાછળ,*
*અંતરજાળ, આદિપુર, કચ્છ. મો. ૯૫૮૬૫ ૪૪૫૨૨*

## લઘુકથા : ટકોરો

*– રજનીકાંત ઓઝા*

– રાત્રે સપનામાં મને મારો મિત્ર ઉત્કર્ષ મળી ગયો. ઉત્કર્ષ મારો નાનપણનો જીગરી દોસ્ત. અમે સાથે હરતા ફરતા, ફિલ્મો જોવા જતા અને ઘણીવાર નાની નાની વાતમાં ઝઘડતા પણ હતા. પરંતુ એક દિવસ અચાનક ઉત્કર્ષ દેખાયો નહીં. મેં તેને મળવાની ઘણી કોશિશ કરી પણ ઉત્કર્ષ ક્યાંય ન મળ્યો. છેવટે હું તેના ઘેર ગયો તો ઘરને પણ તાળું લાગેલું હતું. મેં પાડોશીને પૂછ્યું તો જાણવા મળ્યું કે ઉત્કર્ષના પપ્પાની બદલી થઈ ગઈ છે અને હવે તે શહેર છોડીને ચાલ્યા ગયા છે.

મને ઉત્કર્ષ પર ખૂબ ગુસ્સો આવ્યો હતો. અરે! જતા જતા મને જાણ તો કરવી હતી!! મને ઉત્કર્ષ વગર ગમતું ન હતું. પરંતુ આજે રાત્રે સપનામાં અચાનક જ ઉત્કર્ષ મને મળી ગયો. અમે બંને એકબીજાને ભેટી પડ્યા અને ખૂબ રડ્યા. અને પછી મેં ઉત્કર્ષને પૂછ્યું, 'અરે યાર તું ક્યાં છો?' ઉત્કર્ષ મને કંઈ જવાબ આપે તે પહેલા જ દરવાજા પર ટકોરો પડ્યો અને મારું સપનું તૂટી ગયું!!

દરવાજો ખોલ્યો અને જોયું તો દરવાજા પર ઉત્કર્ષ ઊભો હતો! મારા આનંદનો પાર ન રહ્યો...!! ઉત્કર્ષે મને કહ્યું, 'ગુડ મોર્નિંગ.'

*મલ્લ શેરી, સોનીવાડ પાસે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

રેકોર્ડ

# પાસબુકમાં નવી એન્ટ્રી!



ભોલાભાઈ ગોલીબાર

પ્રિયા અને હિતેશના લગ્ન થયા. લગ્ન પછી પ્રિયાની મમ્મીએ એને ૧૦૦૦ રૂપિયા જમા કરી એક નવા ખાતાની પાસબુક આપી. માએ દીકરી પ્રિયાને સલાહ આપતાં કહ્યું, 'પ્રિયા, આ પાસબુકને લગ્નના રેકોર્ડ તરીકે રાખજે. જ્યારે કંઈ સારું થાય તો બેન્કમાં તારા ખાતામાં પૈસા જમા કરાવી પાસબુકમાં એની સામે ખુશીની એન્ટ્રી કરાવી દેજે. શરૂઆત મેં કરી દીધી. હવે આ પાસબુકને તું હિતેશ સાથે પૂરી કરજે.'

પ્રિયાએ માના ઘરેથી પાછા ફરી આ વાત એના પતિ હિતેશને કહી. હિતેશને પણ આ વિચાર પસંદ આવી ગયો. એ બન્ને વિચારવા લાગ્યા કે હવે બીજી એન્ટ્રી ક્યારે થશે? થોડા સમય પછી કંઈક આ રીતે એન્ટ્રી થવા લાગી.

★ ***૭ ફેબ્રુઆરી :*** ૧૦૦ રૂપિયા. લગ્ન પછી હિતેશના જન્મ દિવસની પહેલવહેલી પાર્ટી...

★ ***૧ માર્ચ :*** ૩૦૦ રૂપિયા. પ્રિયાના પગારમાં વધારો થયો.

★ ***૨૦ માર્ચ :*** ૨૦૦ રૂપિયા. પ્રિયા અને હિતેશ બાલી ટાપુ પર સાથે ફરવા ગયા.

★ ***૧૫ એપ્રિલ :*** ૨૦૦૦ રૂપિયા. પ્રિયા અને હિતેશ મમ્મી-પપ્પા બન્યા.

ઘણાં વરસો સુધી એન્ટ્રી થતી રહી. પણ સમય બદલાયો. બાળકના જન્મના થોડા સમય પછી બન્ને અંદર-અંદર નાની-નાની વાતોને લઈને ઝઘડવા લાગ્યા. બન્નેએ એકબીજાથી વાત કરવાનું ઓછું કરી દીધું. બન્નેને એવું લાગવા લાગ્યું કે હવે બન્ને એક સાથે નહીં રહી શકે. બન્ને વચ્ચેનો પ્રેમ ઓછો થઈ ગયો છે. બંને ઉત્તર-દક્ષિણ જેવા થઈ ગયા છે. પ્રિયા એની મમ્મીને મળવા ગઈ. પ્રિયાએ એની મમ્મીને પોતે હિતેશથી અલગ થવા માંગે છે એ વાત કહી.

માએ પ્રિયાને કહ્યું, 'આ કોઈ મોટી વાત નથી. તું જે ચાહે એ જ કર. પણ પહેલા એક કામ કર. તારા લગ્નવાળી પાસબુક લઈ આવ. કારણ કે હવે એનો કોઈ ઉપયોગ નથી રહ્યો અને એટલે હવે ખાતું નક્કામું થઈ ગયું છે. એટલે પહેલા ખાતું બંધ કરાવી દે.'

પ્રિયાને માની વાત સાચી લાગી. એ બેન્કમાં ગઈ. લાઈનમાં ઊભા રહી પોતાનો વારો આવે એની રાહ જોવા લાગી. આ દરમ્યાન એને થયું કે લાવ, પાસબુકને તો જોવા દે. એ પાસબુકના પાના ઉથલાવવા લાગી. એક એક કરી પાના ઉથલાવતાં ઉથલાવતા એનું મન ખુશીથી ભરાઈ ગયું. એની આંખોમાં ખુશીના આંસુ આવી ગયા. એણે ઘરે આવી એના પતિના હાથમાં પાસબુક આપતા કહ્યું કે છૂટાછેડા લેતા પહેલા જાવ, જઈને આ ખાતું બંધ કરાવી દો.

આગલા દિવસે હિતેશે પાસબુક પાછી પ્રિયાને આપી. એમાં પાંચ હજાર રૂપિયાની એક નવી એન્ટ્રી હતી. એમાં સામે લખેલું હતું કે, 'આજ મને ખબર પડી કે આટલા વરસમાં મેં તને કેટલો પ્રેમ કર્યો છે.' એ પ્રિયાને ગળે વળગીને રડવા લાગ્યો. બંનેએ હરખાઈને એકબીજા સામે જોઈને પાસબુકને નવી એન્ટ્રી માટે મૂકી દીધી.

***ગોલીબાર પબ્લિકેશન્સ,***
***કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,***
***એશિયન પેઈન્ટ્સ ગોડાઉનની બાજુમાં,***
***બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.***
***ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧***

***પિંઢજે ઠેકાણે વડા મિડે, જ કરિયેં પિંઢ પિંઢજો કમ***
***હરિ કરશન ચેંતા ગીતામેં, સ્વકર્મ આય સચ્ચો ધરમ.***

ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં કર્મયોગ મહિમા સમજાવતા કહ્યું છે કે, સ્વકર્મ અર્થાત્ વ્યક્તિ જ્યાં હોય ત્યાં જે ફરજ બજાવવાની એના ફાળે આવી હોય તે સાચી નિષ્ઠાથી બજાવે એ જ સાચો ધર્મ છે.

***હરિદાસ કે. ઠક્કર, 'હરિ' - મસ્કા, કચ્છ***

## લઘુ કાવ્યો

*અરુણા અરુણ ઠક્કર, ભુજ - કચ્છ*

આંસુ વગર
કેમ ચાલશે?
રડવું તો પડશે જ.
જ્યારે જ્યારે
હૃદય પર ભાર વધશે
આંખોની પાળ તૂટશે,
આંસુને કેમ સાચવવા?
રડવું તો પડશે જ.

ના કોઈ,
સવાલ હશે,
ના કોઈ જવાબ હશે!
તારું અને મારું
મિલન
બસ,
લાજવાબ હશે.

શોધી રહી છું
કણ-કણમાં
સ્વપ્ન મારું
ખોવાયું છે
રણમાં
આવડો મોટો
રેતનો દરિયો
કેમ શોધું?
આ રજકણમાં...?

છાંયડામાં પ્રેમ
ક્યાં લખાયો છે,
આપણા નસીબમાં!
એ જ તડકો
એ જ બપોર
આવ મળીએ,
ખીલતા રહીએ,
ધૂપમાં
ગુલમહોર બનીને.

સારું છે
બધું આપણું છે,
આપણી વચ્ચે
ક્યાં તારું-મારું છે?
એટલેસ્તો
આપણો સંબંધ
શુભ છે
સુચારું છે.

દબદબો
એ તમારી ચાહતનો
અકબંધ રહી ગયો
ધોરી નસમાં!
વહ્યા કરે છે એ
અવિરત છે... છલોછલ..
પ્રણય નશો
નસેનસમાં...

## ટેવ

*જરૂરિયાત ને ટેવની વચ્ચે*
*મોટું અંતર છે.*
*ટેવ પડી તો જશે નહીં જલ્દી*
*ગુંદર જેવી ચીપકે*
*જરૂરિયાત છે, જુદી વસ્તુ*
*એનો ટૂંકો ગાળો,*
*સમય અગર સાનુકુળ ના હોય તો*
*એને લગામ લાગે.*
*જરૂરિયાત - સંકોરી શકશો*
*દ્રઢ મનથી જો વિચારશો.*
*ટેવ પડી જશે તો જશે નહીં જલ્દી*
*પૂરી કરે જ આરો.*
*"અલ્પ" ટેવને, જરૂરિયાતને*
*જુદે ત્રાજવે જોખો*
*મક્કમ થઈને સમય પ્રમાણે*
*ટેવને પડતા રોકો.*

**મુકુંદ કે. મહેતા "અલ્પ" - આદિપુર, કચ્છ**

## મિત્રતા

મિત્ર તું સૂર્યનો પ્રકાશ છે,
મિત્ર તું ચંદ્રની ચાંદની છે.
જીવનનો સુખ તારા વગર અધૂરો છે.
મારું હૃદય તારા એક અવાજથી ભરપૂર છે.
ઈન્દ્રધનુષ પર બેસીને ગપ્પા લગાવવા
એ મિત્રતા છે.
હૈયાના ટુકડાને હાથમાં લઈને એકબીજાને ભાવુક કરવું
એ પરસ્પરની મિત્રતા છે
જ્યારે મિત્ર દુઃખમાં હોય ત્યારે એવા એવા નુસ્ખા
આપવાના કે એ રડવાનું જ ભૂલી જાય
એ સાચી મિત્રતા છે.
જીગરના ટુકડાંને સાઈકલની બાસ્કેટમાં મૂકી
ડબલ સીટ કરીને દુનિયાની સેર કરવી,
કદાચ.... એ જ ખરા દિલની મિત્રતા છે.

**અદિતિ વસા - અમદાવાદ**

# પ્રતિભાવ

## 'કચ્છશ્રુતિ' માસ જૂન-૨૦૧૭ અંકના પ્રતિભાવ

જૂન-૨૦૧૭ના અંકમાં સૌથી વિશેષ માહિતીવાળો લેખ નર્મદા નદીના પાણી અંગેના લેખક મા.શ્રી અશોકભાઈ મહેતાનો લાગ્યો છે. મનનીય લેખ છે. જ્યારે શ્રી કીર્તિભાઈ ખત્રીએ 'કચ્છ જિલ્લાના સંદર્ભમાં ઉદ્યોગો અને સામાજિક દાયિત્વ' વિશે ચોખ્ખીચટ માહિતી આપી છે. જ્યારે હું જે કૉલેજમાં ભણ્યો છું એ શ્રી રામજી રવજી લાલન કૉલેજ વિશે શ્રી સંજય પી. ઠાકરે પણ માણવાલાયક હકીકતો લખી છે. 'વિવિધ માહિતી' વિભાગમાં જીવનમાં જાણવા જેવી માહિતીઓ આપેલી છે. એ લેખ તેમજ 'વર્તમાન પત્રોના આધારે' વિભાગમાં પ્રસિધ્ધ થયેલ અમૂલ્ય માહિતીઓ મારા માટે અલભ્ય છે. એવી જ માહિતી 'ગુજરાતી શાહજહાં' વિશે મોરબીના મણિ મંદિર વિશે બહોળી અને અલભ્ય માહિતી અપાઈ છે. મેં એ મણિ મંદિર બે વખત જોયું છે. એટલે તે વાંચવામાં મજા પડી હતી. વળી 'વતનના વાવડ'માં પણ દરરોજના સમાચાર ન વાંચતા વાચકો માટે ઘણી બધી આઈટમો પ્રસિધ્ધ થઈ છે. આખો અંક એક જ બેઠકે વાંચ્યા પછી મન પ્રફુલ્લિત થઈ ઉઠ્યું છે. સર્વે લેખકો અને સંપાદક મંડળને ખૂબ જ અભિનંદન આપું છું.

*ધનજી ભાનુશાલી 'કડક બંગાલી' - ભુજ, કચ્છ*
*મો. ૯૩૨૭૬ ૫૭૯૩૦*

★

'કચ્છશ્રુતિ' માસ મે ના તંત્રીલેખમાં તંત્રીશ્રીએ જોબ ક્રિએશન બાબત સારી છણાવટ કરી છે. ૫૦ વર્ષ પહેલાની અને આજની પરિસ્થિતિમાં મોટો તફાવત છે. તે વખતની સીમિત તકોની જગ્યાએ આજે અનેક શાળાઓમાં વિવિધ અભ્યાસક્રમો મળે છે, પણ છતાં બેકારી વધી રહી છે. એનું એક કારણ વસ્તી વધારાનું પણ છે, એ બાબત તંત્રીશ્રીએ ધ્યાનમાં નથી લીધી લાગતી.

આ ઉપરાંત પણ ઘણા પરિબળો બેકારી વધારવામાં ભાગ ભજવે છે.

ભારતમાં હાલ જે જે ક્ષેત્રમાં જોબ મળે છે એમાં મુખ્ય (૧) સરકારી ક્ષેત્ર – જેમાં વહીવટી અને પબ્લિક સેક્ટર એમ બે વિભાગો આવે, (૨) ખાનગી ક્ષેત્ર જેમાં નાના વ્યાપારીઓ, નાના મધ્યમ ઉદ્યોગો તથા કોર્પોરેટ ક્ષેત્ર અને (૩) સર્વિસ સેક્ટર. જેમાં સરકારી અને ખાનગી સેવાઓ આવે.

સરકારી વહીવટ મોટો છે. વધારેમાં વધારે નોકરીઓ સરકાર આપે છે. ઉચ્ચ કક્ષાના અફસરોથી લઈને ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓનું મોટું જાળું છે. ઉપરાંત રેલવે, બેંકો તથા પબ્લિક સેક્ટરની કંપનીઓ કરોડો કર્મચારીઓને કામ આપે છે. આમ છતાં પ્રશ્ન એ છે કે શું સરકાર બધાને કામ આપી શકે? પાછું બધાને સરકારી નોકરીઓ જોઈએ છે કારણ સ્પષ્ટ છે. એકવાર કાયમી થયા એટલે જિંદગીભરની નિરાંત! આથી ત્રીજા - ચોથા વર્ગની ભરતીમાં પણ ઉચ્ચ શિક્ષિત લોકો લાખોની સંખ્યામાં અરજીઓ કરે છે. વધારામાં જો મલાઈદાર જગ્યા હોય તો ભાવ બોલાય છે.

ખાનગી ક્ષેત્રની વાત કરીએ તો નાના અને મધ્યમ ઉદ્યોગો સારા પ્રમાણમાં નોકરીઓ આપી શકે, પણ ઉદ્યોગ સ્થાપવામાં જ સરકારી કાયદાઓ, વિવિધ પરવાનગીઓ મેળવવામાં જ ૧-૨ વર્ષ નીકળી જાય. મજુર કાયદાઓ પણ પરેશાન કરે! જો કે હવે આમાં ફેરફાર થઈ રહ્યો છે, પણ પૂરતો નથી. નાના વ્યાપારીઓ પણ ઠીકઠીક રોજગારી આપી શકે, પણ સરકાર તેને પણ અનેક પ્રતિબંધો અને કાયદાઓની જાળમાં ગૂંચવી નાખે છે. ફોર્મો ભરો, પરવાનગીઓ લો, રીટર્ન ભરો, અનેક જાતની વિગતો આપો અને જરાક ભૂલ કરી તો દંડ!

કોર્પોરેટ ક્ષેત્રમાં જેમ જેમ નવા ઉદ્યોગો સ્થપાય છે તેમ નોકરીઓ વધે છે તેમ ઓટોમેશન, રોબોટિક્સ વિ. કારણે નોકરીઓ કપાય પણ છે. ઉદ્યોગોને સમય સાથે ચાલવું જ પડે છે.

ત્યારબાદ સેવા ક્ષેત્ર (સર્વિસ સેક્ટર) આવે છે. આ ક્ષેત્રમાં નોકરીઓ ઉપરાંત સ્વરોજગારીને પણ પુષ્કળ અવકાશ છે. અહીં પણ સરકાર સર્વિસ ટેક્ષનું જાળું પાથરીને બેઠી છે.

આમ ખાનગી ક્ષેત્રમાં પણ સરકારી કાયદાઓ, દખલગીરીઓ અને ટેક્ષના કારણે નોકરીઓને અસર થાય છે એમ લાગે છે.

આ થઈ નોકરી આપનારાની વાત. હવે નોકરી શોધનારાઓની હાલત જોઈએ.

દર વર્ષે શાળાઓ, કૉલેજોમાંથી લાખોની સંખ્યામાં યુવાનો બહાર પડે છે. અહીં મુખ્યત્વે વિજ્ઞાન, વાણિજ્ય અને કલા – એમ ત્રણ ક્ષેત્ર છે. મોટી બેરોજગારી વિજ્ઞાનના, તેમાંય ઈજનેરી ક્ષેત્રમાં વધારે દેખાય છે એમ તંત્રીશ્રીનું કહેવું છે અને મહદ્ અંશે સત્ય છે, એટલે એની જ વાત કરીશું.

વરસોવરસ બહાર પડતા ઈજનેરોને માત્ર પુસ્તકિયું જ્ઞાન મળે છે. કોઈપણ રીતે પાછળ ડિગ્રીનું પૂછડું લગાડીને તેઓ જોબ શોધવા નીકળે છે. ઉત્તર ભારતમાં તો જ્ઞાન વગર પણ

ડિગ્રીઓ મળતી હોય છે! આમાં કેટલાક લાગવગો લગાડીને સરકારી નોકરીઓમાં જઈ શકે છે, બાકીના બેકારોની વસ્તીમાં વધારો કરે છે. પાસ થયેલો ઇજનેર મશીન ઉપર વિવરણ લખી શકે છે, જે મશીન તેણે જોયું પણ ન હોય એવું બને! આવા લોકોને અનુકૂળ જોબ નથી અને જોબને અનુકૂળ શિક્ષણ નથી.

એન્જિનિયરીંગ કૉલેજોની હાલત જોઈએ. એક સમય હતો જ્યારે આ શાખામાં પ્રવેશ મુશ્કેલ હતો. હાલ ખાનગીકરણના કારણે ગુજરાતમાં જ ૬૫,૦૦૦ બેઠકોમાંથી ૪૦,૦૦૦ જ ભરાય છે. એટલે કેટલીક કૉલેજો બંધ થઈ રહી છે. આવી જ હાલત ભારતભરમાં છે.

ભારત સરકારના જ આંકડાઓ મુજબ કૉલેજોમાંથી બહાર પડતાં ૬૦%ને નોકરીઓ મળતી નથી. ઇજનેરી કૉલેજોને યોગ્યતાનું પ્રમાણપત્ર આપવા માટે ભારત સરકારનું "નેશનલ એક્રેડિટેશન બોર્ડ" (N.A.B.) છે. ભારતની ૮૫% ઇજનેરી કૉલેજો આ પ્રમાણપત્ર વગર ચાલે છે! આ કૉલેજોમાં નવું સંશોધન કે વિસ્તરણ થતું જ નથી.

ઇજનેરી શાખાના છાત્રને વેકેશનો દરમિયાન કોઈ એક કારખાના કે પ્રોજેક્ટમાં પ્રત્યક્ષ કામ (ઇન્ટર્નશિપ) કરવાની હોય છે. વરસોવરસ બહાર પડતા ઇજનેરોમાંથી માત્ર ૧% છાત્રો જ આ તકલીફ લે છે!

એક વિદેશી સંસ્થાના સર્વે મુજબ ભારતના ૧૫% ઇજનેરી ગ્રેજ્યુએટો જ નોકરીને લાયક હોય છે! બાકીના બધાને મહેનત કરવી નથી. ટેબલ-ખુરશી, પંખા, એ.સી.માં બેસીને સાહેબગિરી કરવી છે!

કોઈપણ શાખાનો ઇજનેર જો હાથ કાળા અને કપડાં મેલા કરવા તૈયાર ન હોય તો એ વિદ્યા એના કોઠે ચડે એ શક્ય નથી.

ભારતમાં, ખાસ કરીને ગુજરાતમાં બેકાર ઇજનેરોની વસ્તી વધારવામાં નાસમજ મા-બાપો પણ મોટો ભાગ ભજવે છે. જો છોકરો સારા માર્ક લાવે તો તેને આર્ટમાં રસ હોવા છતાં દબાણ કરીને એન્જિનિયરીંગમાં ધકેલે છે.

સદ્‌ભાગ્યે સરકાર આ બાબતમાં જાગૃત થઈ હોય એવું દેખાય છે. અભ્યાસક્રમ બદલવાની, N.A.B.નું પ્રમાણપત્ર ફરજિયાત કરવાની અને પ્રવેશ માટે ભારતભરમાં એક જ પરીક્ષા લેવાની તૈયારી થઈ રહી છે, જે યાદશક્તિ આધારિત ન હોઈ સર્જકતા અને સમજણ આધારિત હશે. આના અમલની રાહ જોઈએ.

આ એક ફેકલ્ટીની વાત થઈ. આવી જ હાલત મહદ્ અંશે કોમર્સમાં M.B.A.ની થઈ છે. અમુક પ્રતિષ્ઠિત સંસ્થાઓ બાદ કરતાં M.B.A. ડિગ્રી ધારીઓ પણ પુસ્તકિયા જ્ઞાન સાથે બહાર પડે છે. બારમું પાસ છોકરો કોઈ ઉદ્યોગ કે વાણિજ્યની સંસ્થામાં જોડાઈ ૩ વર્ષમાં M.B.A. ડિગ્રીધારી કરતાં વધારે સક્ષમ હોય છે.

આમ બેકારી અને જોબ ક્રિએશનનો પ્રશ્ન માત્ર સરકારનો નથી. સમાજ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ પણ સરખા જ જવાબદાર છે. અમુક જગ્યાઓએ તો પરીક્ષાઓ મજાક બની ગઈ છે. ત્યાં થોડી કડકાઈ રાખી તો બોર્ડ પરીક્ષામાં ૬૫% નાપાસ થયા અને ટોપ ગ્રેડવાળા બોટમમાં આવી ગયા!

સરકાર અને સમાજ આ બાબતમાં જરૂરી જાગૃતિ બતાવે એવી આશા રાખીએ.

*(આમાં ટકાવારીના આંકડા પ્રતિષ્ઠિત વર્તમાનપત્રોના આધારે લીધેલ છે.)*

***મગનલાલ સંઘવી - અમદાવાદ***

★

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ'માં પ્રતિમાસ જાણવા - માણવા જેવા લેખો, કાવ્યો સહિત વિભિન્ન રસપ્રદ સરસ સામગ્રી વાંચવા મળે છે તેથી આનંદ થાય છે. આ માટે લેખકશ્રીઓ તથા મુખપત્રના તંત્રી મંડળને ધન્યવાદ.

આપ સર્વેને તથા શ્રી કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ પ્રસંગે અભિનંદન, શુભેચ્છાઓ.

જૂન-૨૦૧૭નું 'કચ્છશ્રુતિ' બાય પોસ્ટ રૂમઝુમ કરતું મારા કરકમળમાં આવી પહોંચ્યું કે તરત જ સાનંદ પૂરો અંક એક જ બેઠકે વાંચી ગયો. અતિશય આનંદ થયો. સરદાર સરોવર (નર્મદા) યોજનાને ઉજાગર કરતો દેદીપ્યમાન લેખ, સુંદર - આકર્ષક મુખપૃષ્ઠ તથા એ સંદર્ભે સર્વશ્રી અશોકભાઈ મહેતા, ડી.કે. પટેલ, મનોજભાઈ સોલંકીના લેખો દ્વારા સરસ માહિતી મળી. આ સર્વે લેખો દ્વારા કચ્છી જનતાની ભીતરની લાગણીને વાચા મળી છે. તદુપરાંત સર્વશ્રી કીર્તિભાઈ ખત્રી, સંજયભાઈ ઠાકર સહિતના લેખકશ્રીઓ, સર્વશ્રી સર ફિરોજશાહ મહેતા, અશ્વિનભાઈ ઝીંઝુવાડિયા, પ્રા. સૂર્યકાંતભાઈ ભટ્ટ, ચંદ્રકાંતભાઈ પટેલ 'સરલ', ડૉ. મણિલાલભાઈ ગડા, ડૉ. દીપ્તિબહેન શાહ, એન.જે. ગોલીબાર, આર.સી. શાહ, અરવિંદભાઈ સોમૈયા, ભરતભાઈ ઓઝા વગેરેની વાંચન સામગ્રી તેમાં છે. આમ, સમુચિત અંકને સર્વના અર્કયોગથી સમૃધ્ધ - સુંદર રૂપ આપી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, તે સરાહનીય છે. 'કચ્છશ્રુતિ'ને પ્રાપ્ત થઈ રહેલ આ કલમ સથવારો પ્રતીતિ કરાવે છે કે 'કચ્છશ્રુતિ', સર્વદેશીય, સર્વ પ્રકારની વાંચન સામગ્રીને સ્થાન આપે છે. આ કામગીરી માનદ્ સલાહકાર હંસરાજભાઈ કંસારા તથા તંત્રી મંડળના સર્વે સદસ્યશ્રીઓની લગન અને જહેમતને આભારી છે, જે ખરેખર કાબિલેદાદ છે. સર્વે સહયોગીઓને ધન્યવાદ. 'કચ્છશ્રુતિ' સદૈવ ઉન્નતિના શિખર સર કરતું રહે એવી શુભેચ્છા.

***બાબુલાલ ગોર - ભુજ, કચ્છ***

***મો. ૯૪૨૭૪ ૦૭૪૩૨***

# અન્ય સંસ્થાના સમાચાર

## શ્રી કચ્છી લેવા પટેલ સમાજ - અમદાવાદ

### અષાઢી બીજ : કચ્છી નવા વર્ષ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમની ભવ્ય રજૂઆત સાથે ઉમંગભેર ઉજવણી

કચ્છી નવા વર્ષ - અષાઢી બીજ નિમિત્તે શ્રી કચ્છી લેવા પટેલ સમાજ - અમદાવાદ દ્વારા તા. ૨-૭-૨૦૧૭ના રોજ ભવન્સ કૉલેજ કેમ્પ, ખાનપુર ખાતે એક કાર્યક્રમનું સુંદર રીતે આયોજન કરવામાં આવ્યું હતું. નવા વર્ષના પ્રસંગે સમાજના સભ્યોએ પરસ્પર અભિનંદન પાઠવીને સર્વે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. કાર્યક્રમની શરૂઆતમાં મંચસ્થ સમાજના પ્રમુખ શિવજીભાઈ માવજીભાઈ શીયાણી તથા અન્ય હોદ્દેદારશ્રીઓ, સમાજ અગ્રણી શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ પટેલ તેમજ આમંત્રિત મહેમાનોએ દીપ પ્રાગટ્ય કર્યું હતું. ત્યારબાદ પ્રસંગને અનુરૂપ વંદના અને સ્તુતિ કરવામાં આવી હતી.

કચ્છી નવા વર્ષની ઉજવણી અંતર્ગત સમાજના બાળકો તથા યુવક - યુવતીઓમાં છુપાયેલી પ્રતિભા અને તેમની કલા કારીગરીને પારખવા એક સાંસ્કૃતિક કાર્યક્રમનું ખૂબ સુંદર અને ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાના મોટા બાળકો, યુવક-યુવતીઓએ વિવિધ પ્રકારની આઈટેમ્સની રજૂઆત કરીને ઉપસ્થિત શ્રોતાજનોની પ્રશંસા મેળવી હતી. આ સમારંભમાં સમાજના પરિવારજનોની બહોળી સંખ્યામાં હાજરી હતી અને સૌએ આનંદ અને ઉલ્લાસપૂર્વક કાર્યક્રમ માણ્યો હતો.

કલાકારોને બિરદાવવા દાતાશ્રીઓ દ્વારા સારા પ્રમાણમાં દાનની રકમ જાહેર થઈ હતી.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ વતી ઉપરોક્ત કાર્યક્રમમાં સર્વશ્રી અશોકભાઈ મહેતા, મનુભાઈ કોટડિયા તથા દિનેશભાઈ આર. મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

## લોકસેવા ટ્રસ્ટ

### IAS, IPS, GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગો માટે વધુ ફી લેનારથી ચેતો

આજકાલ અમદાવાદ, ગાંધીનગર અને ગુજરાતના નાના-મોટા શહેરોમાં F.Y., S.Y., T.Y. ના અભ્યાસ સાથે UPSC - GPSC ની તૈયારી કરાવવાના નામે રૂા. ૫૦,૦૦૦/-થી માંડી રૂા. દોઢ લાખ જેવી તગડી ફી ઉઘરાવતી સંસ્થાઓ ખોટા દાવા કરી વાલી અને યુવાનોની સાથે બનાવટ કરી રહ્યા છે. આ બાબતે તમામ જનતાએ સાવધ રહેવું જરૂરી છે. આવા કોર્સની વાર્ષિક ફી માત્ર રૂા. ૧૫,૦૦૦/- જેટલી હોય છે અને આ તાલીમ માત્ર શનિ-રવિમાં જ લઈ શકાય છે. આ સિવાય કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે આપણા સમાજમાં યુવાનોને તૈયાર કરી યોગ્ય ફી અને માર્ગદર્શન મળે તેવી સંસ્થામાં તૈયારી માટે મૂકવા જોઈએ. એ.સી. ક્લાસરૂમ કે ભૌતિક સુવિધાઓ કરતાં ફેકલ્ટી, મટીરિયલ અને અન્ય માર્ગદર્શનને ધ્યાનમાં રાખીને તાલીમ વર્ગની પસંદગી કરવી જોઈએ. ગુજરાતમાં સૌપ્રથમ ૨૦૦૧થી લોકસેવા ટ્રસ્ટ દ્વારા F.Y., S.Y., T.Y. પાસ ઉમેદવારો માટે ૨૦૦૭ સુધી રૂા. ૧,૦૦૦/-માં તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા હતા. આજે પણ આ સંસ્થા એટલે કે પ્રાઇમ એકેડેમિ, નવરંગ સ્કૂલ ખાતે ખૂબ ઓછી ફી માં શ્રેષ્ઠ તાલીમ વર્ગો ચલાવી અનેક યુવાનોને તૈયાર કરીને મોટી સફળતા હાંસલ કરી છે. કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા બાબતે માહિતી અને માર્ગદર્શન માટે મો. ૯૭૨૩૩ ૩૬૪૮૨ ઉપર સંપર્ક કરવા વિનંતી છે, એમ લોકસેવા ટ્રસ્ટની એક પ્રેસનોટમાં જણાવાયું છે.

*જેની ભાષામાં સભ્યતા હોય, એના જીવનમાં ભવ્યતા આવે.*

*ગજ મુખા છણેઓ ગિરા, હરિ કિડિયું ખેયાં લખ,*
*લખું જીવ ધરાણ! ભૂખ્યો ન હાથી લિખ.*

હાથીના મુખેથી કોળિયો પડ્યો તે ખાઈને લાખો કીડીઓ ધરાઈ ગઈ તો પણ એક કોળિયો ઓછો ખાવાથી હાથીના આહારમાં કંઈ જ ફરક ન પડ્યો. એ જરાય ભૂખ્યો ન જણાયો. તાત્પર્ય એ જ કે અતિ શ્રીમંતો પોતાના ફાલતુ ખર્ચમાં એક-બે ટકાનો કાપ મૂકી હજારો ભૂખ્યાને ભોજન આપી શકે. *હરિદાસ કે. ઠક્કર, 'હરિ' - મસ્કા, કચ્છ*

# વિવિધ માહિતી

## ઓઝોન વાયુ કેવો હોય?

સૂર્ય પ્રકાશના તીવ્ર અને હાનિકારક અલ્ટ્રાવાયોલેટ કિરણોને પૃથ્વી સુધી પહોંચતા અટકાવનાર ઓઝોન સ્તરમાં ઓઝોન વાયુ હોય છે. ઓઝોન વાયુ પૃથ્વી પરની જીવસૃષ્ટિને અલ્ટ્રાવાયોલેટ સાથે રક્ષણ આપે છે. ઓઝોન વાયુ કેવો અને શેનો બને તે જાણો છો?

ઓઝોન એ ઓક્સિજનનું બીજું રૂપ છે. આપણે શ્વાસમાં લઈએ છીએ તે ઓક્સિજનમાં ઓક્સિજનના બે અણુ હોય છે જ્યારે ઓઝોનમાં ઓક્સિજનના ત્રણ અણુ હોય છે. ઓઝોન ભૂરા રંગનો તીવ્ર ગંધવાળો વાયુ છે. તે પાણીમાં ઓગળી શકે છે અને સૂર્યની ગરમી અને રેડિયેશન સાથે પ્રતિક્રિયા કરે છે. પૃથ્વીની સપાટી પર ઓઝોન વધુ હોતો નથી. લગભગ ૧૫થી ૪૦ કિ.મી.ની ઊંચાઈના વાતાવરણમાં ઓઝોન હોય છે. ઓઝોન વાયુ અલ્ટ્રાવાયોલેટ કિરણોને શોષે ત્યારે ઓક્સિજન છૂટો પડે છે. ટૂંકી વેવલેન્થના અલ્ટ્રાવાયોલેટ કિરણો આ પ્રક્રિયા કરે છે. જ્યારે લાંબી વેવલેન્થના અલ્ટ્રાવાયોલેટ કિરણો ઓક્સિજનના અણુને છૂટા પાડી ઓઝોન બનાવે છે. આમ ઓઝોન સીટમાં ઓઝોન અને ઓક્સિજનનું રૂપાંતર થયા કરે છે એન સ્તર જળવાઈ રહે છે. ઓઝોનનું બીજું નામ ટ્રાઈઓક્સિજન છે. ક્રિશ્ચિયન ફેડરિક શોનબેન નામના વિજ્ઞાનીએ ઈ.સ. ૧૮૩૯માં ઓઝોનની શોધ કરી હતી.

## રંગોના વૈવિધ્યનું વિજ્ઞાન

સૃષ્ટિ રંગબેરંગી છે. પૃથ્વી પર અનાદિકાળથી રંગબેરંગી વનસ્પતિ, ફૂલો, પશુપક્ષીઓ અને પતંગિયા અસ્તિત્વમાં છે. પુરાણકાળમાં માણસ આ બધા રંગો જોઈ શકતો હતો અને માણી શકતો હતો. પરંતુ રંગ શું છે અને તે ક્યાંથી આવે છે તેનું જ્ઞાન નહોતું.

ભારતમાં ઈ.સ. પૂર્વે ૧૫મી સદીમાં રચાયેલા શ્રુતિગ્રંથોમાં રંગ વિશેની માહિતી જોવા મળે છે. સૂર્યદેવ સફેદ રંગના સાત ઘોડાના રથમાં ગતિ કરતા હોવાનું વર્ણન છે.

રંગોના વિજ્ઞાનની સૌપ્રથમ જાણ રોજર બેકન નામના વિજ્ઞાનીને થઈ. પાણી ભરેલા કાચના ગ્લાસમાં સૂર્યપ્રકાશથી પેદા થતા વિવિધ રંગ જોયા પછી તેણે તે અંગે સંશોધનો કર્યા. ૧૭મી સદીમાં ન્યુટને ત્રિપાર્શ્વ કાચમાંથી સૂર્યના કિરણો પસાર કરી જાંબલી, નીલો, વાદળી, લીલો, પીળો, નારંગી અને લાલ એમ વર્ણપટની શોધ કરી. તેને સ્પેક્ટ્રમ નામ આપ્યું. ત્યારબાદ પ્રકાશના કિરણની વિવિધ તરંગ લંબાઈના કારણે આપણી આંખને વિવિધ રંગ દેખાય છે તેવી શોધ થઈ. અંગ્રેજીમાં વાયોલેટ, બ્લ્યુ, સાયન, ગ્રીન, યલો, ઓરેન્જ અને રેડ રંગોના નામ નથી પરંતુ ગ્રીક સંસ્કૃતિના સંગીતના પ્રાચીન નોટેશન છે. ન્યુટને આ નોટેશનને પસંદ કરીને રંગોના નામ આપ્યા.

કેટલીક સપાટીએ કેટલાક રંગોનું શોષણ કરી માત્ર એક જ રંગને રીફ્લેક્ટ કરેછે એટલે તે વસ્તુ તે રંગની દેખાય છે. જાણીને નવાઈ લાગશે પરંતુ મોરપીંછ પતંગિયાની પાંખમાં રંગ હોતા જ નથી માત્ર કોશોની ગોઠવણી એવી હોય છે કે તે સૂર્યપ્રકાશના ચોક્કસ રંગના કિરણોનું જ રીફ્લેક્શન કરી તે રંગના દેખાય છે.

## બ્લડપ્રેશર એટલે શું?

આપણા શરીરમાં ધમની, શિરા અને રક્તવાહિનીઓ દ્વારા સતત ફરતું લોહી શરીરમાં શક્તિ પહોંચાડે છે. લોહીને શરીરમાં ફરતું રાખવા હૃદય સતત પંપની જેમ ધબકારા મારીને લોહીને ધકેલે છે. હૃદયના ધબકારાને કારણે લોહી રક્તવાહિનીની દીવાલ પર દબાણ પણ કરે છે. હૃદયના ધબકારાના પ્રમાણમાં આ દબાણમાં વધઘટ થાય છે. આ દબાણને બ્લડપ્રેશર કહે છે. લોહીમાં કોલેસ્ટેરોલના કણો બાઝી જાય, ધમનીની દીવાલ બરડ બને ત્યારે લોહીને આગળ વધવામાં તકલીફ પડે છે અને દીવાલ પર દબાણ વધી જાય છે. આ સ્થિતિને હાઈ બ્લડપ્રેશર કહે છે અને તે હાનિકારક છે.

હૃદય સંબંધી તકલીફોના નિદાન માટે ડૉક્ટર દર્દીઓનું બ્લડપ્રેશર સૌ પ્રથમ તપાસે છે. બ્લડ પ્રેશરના બે તબક્કા છે : લોહી હૃદયમાં પ્રવેશે ત્યારે પેદા થતા દબાણને ડાયસ્ટોલિક દબાણ કહે છે. સિસ્ટોલિક દબાણ ૦.૨૭ સેકન્ડ અને ડાયસ્ટોલિક દબાણ ૦.૫૩ સેકન્ડ રહે છે. વચ્ચેના સમયે હૃદય વિશ્રામ લે છે. સતત ધબકતું હૃદય દર ૦.૮ સેકન્ડે થોડો આરામ કરી લે છે. બ્લડપ્રેશર માપવાના સાધનથી ડૉક્ટર આ બંને દબાણની નાડીના ધબકારા સાથે સરખામણી કરી કોઈ અનિયમિતતા છે કે કેમ તેની તપાસ કરે છે.

## અવકાશનો અજાયબ પૂંછડિયો તારો : ધૂમકેતુ

સૂર્યમાળામાં ગ્રહો, લઘુગ્રહો અને કૂઈપર બેલ્ટના ખડકો ઉપરાંત પૂંછડિયા તારા તરીકે ઓળખાતા કોમેટ પણ સૂર્યની પ્રદક્ષિણા કરે છે. કોમેટ એ અવકાશના અજાયબ તારા છે. તેને પ્રકાશિત પૂંછડી હોય છે. તેને ધૂમકેતુ પણ કહે છે. કેટલાક દેશોમાં ધૂમકેતુ વિશે અનેક અંધશ્રદ્ધા પ્રચલિત છે. ધૂમકેતુથી ગભરાતા લોકો છત્રી, ગેસ માસ્ક વગેરે ખરીદવા નીકળી પડ્યાના ઉદાહરણ છે.

ધૂમકેતુના કેન્દ્રમાં બરફનો ગોળો હોય છે. તેમાં મિથેન, એમોનિયા અને કાર્બન ડાયોક્સાઇડ જેવા વાયુઓ હોય છે. તે વિશાળ કદનો તારો છે. તેની પ્રકાશિત પૂંછડી લાખો કિલોમીટર લાંબી હોય છે.

ધૂમકેતુ ચોક્કસ સમયગાળામાં પ્રદક્ષિણા કરે છે. પૃથ્વી પરથી કેટલાક ધૂમકેતુઓ જોઈ શકાય છે. સૌથી વધુ જાણીતો હેલીનો ધૂમકેતુ દર ૭૬ વર્ષે પૃથ્વી પરથી દેખાય છે. શુ મેકર, હેલ બીપ જેવા લગભગ ૩૦૦૦ જેટલા કોમેટ સૂર્યમાળામાં ઘૂમી રહ્યા છે.

## હજારો વર્ષ જૂના બીજમાંથી અંકુર

જીવજગતમાં વનસ્પતિ સૌથી લાંબુ આયુષ્ય ભોગવતું સજીવ છે. ઘણા વૃક્ષો હજારો વર્ષ જીવે છે પરંતુ જાણીને નવાઈ લાગશે કે હજારો વર્ષ પહેલાના સચવાયેલા બીજમાંથી પણ અંકુરો ફૂટે અને વૃક્ષ વિકાસ પામે. મૃત સમુદ્ર નજીક માઉન્ટપસાદાના ખોદકામ દરમિયાન ૨૦૦૦ વર્ષ જૂનું ખજૂરનું બીજ મળી આવેલું. વિજ્ઞાનીઓએ આ બીજ વાવીને ખજૂરીનું વૃક્ષ ઉછેર્યું. ચીનમાં ૧૨૦૦ વર્ષ પહેલાનું કમળનું બીજ મળી આવેલું તેમાંથી પણ કમળ ઊગી નીકળેલું.

વિશ્વનું સૌથી જૂનું વનસ્પતિનું અશ્મિ ગિન્કો બિલોબા છે. કરોડ વર્ષ અગાઉ જુરાસિક યુગમાં પણ આ વૃક્ષોનું પૃથ્વી પર અસ્તિત્વ હતું. આજે ચીનમાં ગિન્કી બિલોબાના વૃક્ષો થાય છે. તેના ઔષધીય ઉપયોગ પણ થાય છે.

## મરચાંની તીખાશનું વિજ્ઞાન

શાક માર્કેટમાં જાતજાતના મરચાં જોવા મળે. મરચાંની કુલ ૩૦૦૦ કરતાં વધુ જાત છે. બધામાં વધતી ઓછી તીખાશ હોય. મરચાં સૂકાય ત્યારે લાલ થઈ જાય છે. તેને ખાંડીને પાવડર સ્વરૂપે રસોઇમાં વપરાય છે. મરચાના ઘણા આયુર્વેદિક ગુણો પણ છે.

મરચાં લીલા હોય કે સૂકા, તીખા તો લાગે જ. મરચામાં કેપ્સેસીન નામનું દ્રવ્ય હોય છે. આ દ્રવ્યને રંગ કે ગંધ નથી પણ તીખો સ્વાદ છે. તીખો સ્વાદ વિશિષ્ટ છે. વિજ્ઞાનીઓએ મરચાંની તીખાશ માપવા સ્કોવીલ સ્કેલ શોધ્યો છે. મરચામાં રહેલ કેપ્સેસીનના પ્રમાણ પ્રમાણે તે કેટલા સ્કોવીલ યુનિટ તીખું છે તે જાણવા મળે છે.

આસામના ભૂત ઝોલકિયા મરચાં વિશ્વમાં સૌથી તીખા છે. તેની તીખાશ એક લાખ સ્કોવીલ યુનિટથી વધુ છે. આપણે રસોઈમાં સામાન્ય રીતે ત્રણથી ચાર હજાર સ્કોવીલ યુનિટ તીખા મરચા વાપરી શકીએ.

આસામના ભૂતજોલકિયા અને ટ્રીનીડાડના ટ્રીનીડાડ સ્કોર્પિયન મરચાં સૌથી વધુ તીખા છે. ત્યારબાદ ચોકલેટ હબાલોકિયા, ડોર્સેટ નાગા, સેવન પોટ હબાનેરો, નાગા વાઇપર અને કેરોલીના રીપર ખૂબ જ તીખા મરચાની જાત છે. કેપ્સેસીન પાણીમાં ઓગળતું નથી પરંતુ ચરબીમાં ઓગળે છે. મરચું તીખું લાગે તો દૂધનો ઘૂંટડો ભરવાથી જીભ ઉપરનું કેપ્સેસીન ઓગળીને દૂર થઈ જાય છે અને તીખાશ બંધ થઈ જાય છે. ૧૦૦થી ૧૦૦૦ સ્કોવીલ યુનિટના સૌથી ઓછા તીખા મરચાની જાતમાં બનાના પીપર, પાપરિકા થાઈમેન્ટોનો સમાવેશ થાય છે. ગોળ દડા જેવા કેપ્સીકમ મરચા બેલ પીપર કે સ્વીટ પીપર કહેવાય છે. તેમાં કેપ્સેસીન હોતું નથી એટલે તીખાશ પણ હોતી નથી.

## કપાસ, કાપડ અને કૃત્રિમ રેસા

ખોરાક પછી માણસની સૌથી મોટી જરૂરિયાત કપડાં છે. જ્યોર્જિયામાં ખોદકામ દરમ્યાન ૩૦,૦૦૦ વર્ષ કરતાંય જૂના કપડાના અવશેષો મળી આવ્યા છે. માણસ આદિકાળથી કાપડનો ઉપયોગ કરે છે. કાપડ કપાસ એટલે રૂમાંથી બને છે. કપાસના છોડ પર થતાં ફળમાં માવા સ્વરૂપે ફાઈબર હોય છે. તે પાકે અને સૂકાય ત્યારે રૂ બને છે. રૂનો મુખ્ય હેતુ કપાસના બીજને દૂર સુધી લઈ જઈ વંશવેલો વધારવાનો છે. માણસે તેનો કાપડ બનાવવા ઉપયોગ કર્યો છે. કપાસ ઉપરાંત ઉન અને રેશમના રેસામાંથી કાપડ બને છે. આધુનિક વિજ્ઞાને કૃત્રિમ રેસા પણ શોધ્યા છે. તેમાંથી વિવિધ જાતના કાપડ બને છે.

એસીટેટ અને ટ્રાયાસિટેર રેસામાંથી રેશમ જેવું સુંવાળું અને જાડું કાપડ બને છે. તે પડદા બનાવવા ઉપયોગી છે. નાયલોન જાણીતું કાપડ છે. વજનમાં હળવું અને પારદર્શક છે. તે જલ્દી મેલું થતું નથી. સૌથી વધુ ઉપયોગી પોલિએસ્ટરના રેસામાંથી ખૂબ જ ટકાઉ અને કરચલી ન પડે તેવું કાપડ બને છે. રેયોન પણ તેના જેવા જ મજબૂત રેસા છે. ગંજી વગેરે હોઝિયરી માટે સ્થિતિસ્થાપક સ્પેનડેસ્ક રેસા વપરાય છે.

## ક્રિકેટનો બોલ સ્વિંગ થવાનું વિજ્ઞાન

ક્રિકેટની રમતમાં ઘણા બોલરો બોલ ડાબી કે જમણી બાજુ ફેંકાય તેવી રીતે બોલિંગ કરતા હોય છે. સામાન્ય રીતે ફેંકાયેલો બોલ સીધી લીટીમાં જ ગતિ કરે પરંતુ બોલર પોતાની આવડતથી તેને સ્વિંગ કરી શકે છે. બોલ ફેંકાય ત્યારે તેની સપાટી પર હવાનું દબાણ લાગતું હોય છે. ભમરડાની જેમ ચક્રાકાર ફરતો દડો હવા ચીરીને આગળ વધે ત્યારે તેના પર લાગતા દબાણ પર બોલ વચ્ચેની સીલાઈ અસર કરે છે. બોલ ઉપર વચ્ચે સીલાઈ અને બંને તરફના ગોળાર્ધ લીસા હોય છે. બંને સપાટી સમાન લીસી હોય ત્યારે તેની પર થતું દબાણ સમાન રહે છે. બોલર બોલને તેની સીલાઈ ઊભી લીટીમાં રહે તે રીતે ફેંકે તો દડો સીધી લીટીમાં ગતિ કરે. દડાનો એક ભાગ ખરબચડો હોય તો તે બોલ એક તરફ ફંટાય. સ્વિંગ કરવા માટે બોલરો આ વાત યાદ રાખે છે. બોલને સ્વિંગ કરવા માટે બોલર બોલની સીલાઈ સહેજ ત્રાંસી રહે તેમ પકડીને બોલીંગ કરે છે. કેટલી ત્રાંસી અને કઇ દિશામાં રાખવી તે હોંશિયારીની વાત છે. ઝડપથી ફેંકાયેલો બોલ સ્વિંગ થતો નથી. એટલે બોલીંગ ધીમેથી કરવી પડે છે. ■

## જીવનનો ઉદ્દેશ

જીવનનો ઉદ્દેશ છે ગુણવિકાસ. ભગવાન સર્વગુણ સંપન્ન છે. દૂધમાં દૂધ ભળી જાય એ રીતે આપણે ભગવાન ભેળા ભળી જવાનું છે. આપણામાં જે કંઈ ગુણ હોય તેનો વિકાસ કરવો અને ભગવાનના ગુણોને ગ્રહણ કરવા.

ગુણગ્રહણ, ગુણવૃદ્ધિ, ગુણશીલન એ જ જીવનનું કર્તવ્ય છે. આખરે આપણે મહાપુરુષોને યાદ કરતી વખતે બીજું શું કરીએ છીએ? મહાપુરુષોમાંના પ્રખર ગુણને જ બિરદાવીએ છીએ ને?

હરિશ્ચંદ્રની સત્યનિષ્ઠા, ભીષ્મની ભીષ્મપ્રતિજ્ઞા, વશિષ્ઠની સૌમ્યતા, વિશ્વામિત્રનો પુરુષાર્થ. આમ, માનવ જીવનનો ઉદ્દેશ ગુણવિકાસ જ છે.

*– વિનોબા ભાવે*

# શબ્દ શોધ : ૬૨

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | | ■ |
| | ■ | ૫ | ૬ | | ■ | | ■ | ૭ |
| ૮ | | ■ | | ■ | ૯ | | ■ | |
| ■ | ■ | ૧૦ | | ■ | ■ | ૧૧ | | |
| ૧૨ | | | ■ | ૧૩ | | | ■ | |
| | ■ | ૧૪ | | | ■ | ■ | ૧૫ | ■ |
| ૧૬ | | | ■ | | ■ | ૧૭ | | ૧૮ |
| | ■ | ■ | ૧૯ | | | | ■ | |
| | ■ | ■ | ૨૦ | | ■ | ૨૧ | | |

## "મ" સ્પેશિયલ

### આડી ચાવીઓ

૧. ઉતારો, પડાવ (૩)
૩. માતાના મોઢા જેવા મોઢાવાળી પુત્રી (૪)
૫. વિમર્શ, વિચારણા (૩)
૮. એક રાશિ (૨)
૯. મશીનથી ચાલતી યંત્રશાળા (૨)
૧૦. પેંડા બનાવવા છે... તો શું જોઈએ? (૨)
૧૧. માણસ, મનુષ્ય (૩)
૧૨. સ્ત્રી, નારી (૩)
૧૩. "સાજન ____" (૩)
૧૪. બાધા (૩)
૧૬. અકબર - જહાંગીર વિ. કયા વંશના હતા? (૩)
૧૭. જન્મભૂમિ (૩)
૧૯. માલમત્તા, ધન, દોલત, પુંજી (૪)
૨૦. માતાજી કે દેવીનું મંદિર કે સ્થાન (૨)
૨૧. એક રાશિ (૩)

### ઊભી ચાવીઓ

૧. હંગામી મુકામ કરનાર (૩)
૨. સંઘરી રાખેલું પ્રાચીન કાળનું મડદું (૨)
૩. મમ્મીના બનેવી (૨)
૪. ઈસ્લામ ધર્મ પાળનાર (૫)
૬. છાંયડા માટે વળી - વાંસ વગેરે ખોડી, માથે વાંસ વિ. બાંધી ઉપર ઓછાડ કે ચંદરવો ઢાંકી કરવામાં આવતો ચોરસ કે લંબચોરસ ઘાટનો ખુલ્લા મકાન જેવો આકાર (૩)
૭. માણસાઈ (૪)
૧૦. સમૃધ્ધ, ભરપૂર (૪)
૧૨. મનને મોહનારું, સુંદર (૫)
૧૩. કચ્છના કુળદેવીનું કચ્છમાં સ્થાનક (૫)
૧૫. પ્રતિષ્ઠા, આબરૂ (૨)
૧૭. મરણ પાછળનો શોક (૩)
૧૮. કૃપા (૩)
૧૯. અહંભાવ, અસ્મિતા (૨)

### શબ્દશોધ : ૬૧નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગુ | જ | રા | ન | ■ | મ | ત | ■ | વે |
| જ | ■ | સ | ■ | એ | ક | લ | વી | ર |
| રા | ■ | ભ | ર | મા | ર | ■ | રા | ■ |
| ત | જ | ■ | મા | ન | ■ | બ | ધિ | ર |
| ■ | તા | વ | ■ | અ | ■ | ર | વી | ■ |
| હે | લ | ન | ■ | હ | વા | ■ | ર | બ |
| ■ | હ | ■ | સ | મ | ર | સ | ■ | ળ |
| અ | મ | દા | વા | દ | ■ | રો | ■ | ક |
| ગ્નિ | ■ | વ | લ | ■ | રા | જ | કો | ટ |

### શબ્દ શોધ : ૬૦/૬૧નો ઉકેલ મોકલાવનારના નામ

- મુકુંદ કે. મહેતા - આદિપુર
- નીલેશ વી. શાહ - ભુજ
- મનહર જે. વૈષ્ણવ - અમદાવાદ
- કીર્તિ એન. સંઘવી - અંજાર
- રશ્મિ એમ. સાવલા - ભુજ
- દીપક કે. પરમાર - ગાંધીનગર
- મહાભાઈ આર. વોરા - ભુજ
- કવન કેતન રાણા - ગાંધીનગર

*બધે 'Fit' થશો તો ક્યાંય 'Fight' નહીં થાય.*

## ગુરુર્દેવો મહેશ્વર તસ્મૈ શ્રી ગુરવે નમઃ

શિવનું સ્થાન ગુરૂ તરીકેનું છે. દેવેશી પાર્વતી પોતે સર્વશક્તિમાન મહાદેવી છે. છતાં પણ સાધકજનનાં કલ્યાણ માટે શિવને સાધનાનો ઉપાય પૂછે છે. એટલે જ પાર્વતી પોતે જ સાધક જન તરીકે શિવ પાસેથી ઉપદેશ લઈ રહ્યાં છે. સાધક આધ્યાત્મિક અને ધાર્મિક જ્ઞાન માટે તેમજ ઉપાસના કઈ રીતે કરવી તેનું માર્ગદર્શક જ્ઞાન મેળવવા માટે સદ્‌ગુરુ પાસે જાય છે.

ગુરૂનું શરીર માનવ દેહનું બનેલું છે તેમજ તેમનું દિવ્ય સ્વરૂપ ઈષ્ટદેવનું બનેલું છે. ગુરૂના ચાર પ્રકાર છે : ગુરૂ, પરમ ગુરુ, પરાત્પર ગુરુ, ચરમેષ્ઠિ ગુરુ. એક દેવાધિદેવ શિવ પોતે જ છે. તેનું સ્થાન કૈલાસ છે અને પોતે જ શિષ્યજનોના ઉધ્ધાર કરવા માટે અન્ય પ્રકારના ગુરૂઓમાં વ્યક્ત થાય છે.

આરાધ્યદેવ : શિવ આદરણીય યોગી પુરુષ છે. યોગીજનોના આરાધ્ય દેવ છે, કૈલાસમાં બિરાજમાન છે. સમાધિમાં લીન છે. લલાટ વચ્ચે ત્રીજું નેત્ર છે. પરમ જ્ઞાનનું સૂચક છે. ગળામાં કાળો ડાઘ છે. સર્પનાગ તેના ગળામાં વિંટળાયેલો છે. શરીર ભસ્મનો લેપ છે. એક બાજુ ત્રિશુલ તેમનું શસ્ત્ર છે. પાસે પ્રિય પત્ની પાર્વતી બેઠા છે. નંદી તેમનું વાહન છે. જટામાં ગંગા છે. હૃદયમાં રામ નામનો જપ ચાલુ છે. આપણે શિવ સ્વરૂપનું દર્શન કરતાં તેમના શરણે જઈએ અને શિવ આરાધના કરીએ. “તમે સર્વે દેવોના ઈસ મહેશ્વર છો માટે તમને નમસ્કાર... હું આપને શરણે આવ્યો છું... મને બચાવો... મારું રક્ષણ કરો.”

કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, દ્વેષ વગેરે બળીને ભસ્મ થઈ જાય છે. સદ્‌ગુરુ થવું સહેલું નથી. ગમે તે જન ગુરૂ બનીને બેસે, તેથી સાચી ગુરૂતા આવી જતી નથી. ઈષ્ટદેવ ગુસ્સે થશે તો ગુરૂ તેને શાંત કરશે પરંતુ ગુરૂ ગુસ્સે થશે, તો કોઈ તેનું સમાધાન નહીં કરી શકે.

દેહ પોતે જ દેવનું મંદિર છે. દેહને દેવ મંદિરને સ્વચ્છ રાખી, સ્નાન કરી બહારની શુધ્ધિ કરવી. દેવ બનીને દેવનાં પૂજન કરવા જોઈએ. પૂજનમાં ભાવના શુધ્ધ હોવી જોઈએ. ભાવનાની શુધ્ધિ એ જ સાચું સ્નાન છે.

- **ગુરૂતત્ત્વ :**

ગુરૂ એટલે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનાર તત્ત્વ. કામ, ક્રોધ, મોહ, મદ, લોભ અને અંધકારની આંટીઘૂંટીમાંથી બહાર લઈ આવીને આત્મકલ્યાણ વિશ્વ કલ્યાણનો રાહ બતાવનાર... ગુરૂત્વનું મહત્ત્વ ઘણું જ છે. ગુરૂ જ સત્ય છે, ગુરૂ જ શાસ્ત્ર છે, ગુરૂ જ વેદ છે, ગુરૂ જ સર્વસ્વ છે. એટલે જ દેવતાઓને પ્રણામ કરતાં પહેલાં ગુરૂને પ્રણામ કરવામાં આવે છે. ભક્ત કબીર કહે છે, “ગુરૂ ગોવિંદ દોનો ખડે કિસકો લાગું પાય. બલિહારી ગુરૂદેવ આપકી ગોવિંદ દિયો બતાય.” ગુરૂ નામ જ તારણહાર છે. ગુરૂનો મહિમા અપરંપાર છે. શાસ્ત્રો પણ ગુરૂનો મહિમા ગાય છે. ગુરૂ પૂર્ણિમાના દિવસે આપણે સદ્‌ગુરૂ દેવને નમસ્કાર કરીએ.

*મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ*

---

### જીભ ટૂંકી રાખો... લાંબું જીવો...

(અનુસંધાન : પાના નં.-૯ ઉપરથી ચાલુ)

**નથી, તેમ દરેક દંપતિ વચ્ચે પ્રેમ હોતો નથી, કેવળ અનુકૂલન હોય છે.** સમાજમાં લાખો પતિ પત્નીઓ ચહેરા પર સ્મિતનું મહોરુ ચઢાવીને જીવ્યે જાય છે. તેમનું ઐક્ય સંધ્યાટાણે ક્ષિતિજે સૂરજ અને સમુદ્રના મિલન જેવું આભાસી હોય છે. તેઓ ઔપચારિક રીતે ક્યારેક ‘આઈ લવ યુ’ પણ બોલી દેતા હોય છે પણ એ શબ્દો કાગળના ફૂલ જેવા (સુગંધ વિહોણા) હોય છે. પ્રેમ શબ્દોમાં નહીં, દિલમાં હોય છે. શબ્દો તો લાગણીના વાહક માત્ર હોય છે. પ્રત્યેક માણસના દિલમાં બે ખાતા ચાલતાં હોય છે. દિલના લોકરમાં લાગણીનું રોકડ ભંડોળ કેટલું છે તેનો હિસાબ જાણવા બે નંબરનો ચોપડો ખોલવો પડે. દોસ્તો, ‘આઈ લવ યુ’ શબ્દે માણસને છેતરવામાં આડો આંક વાળી દીધો છે. દુનિયાભરના લુચ્ચા, લફંગા, બદમાશ ગુંડાઓએ માણસને નથી છેતર્યો એટલો આ ‘આઈ લવ યુ’ શબ્દએ છેતર્યો છે. માણસને પ્રેમના નામે છેતરાવાનુંય પરવડે છે (શુદ્ધ દારૂ ના હોય તો લઠ્ઠો ય ચાલે!) માણસને મન તો ઉજળું એટલું દૂધ! **દૂધની ફેટ માપવાનું યંત્ર હોય છે પણ પ્રેમની ફેટ માપવાનું યંત્ર હજી શોધાયું નથી. એથી ‘આઈ લવ યુ’ શબ્દમાં સાત્વિક પ્રેમની ફેટ કેટલી છે તે માણસ જાણી શકતો નથી.** પાણીવાળા દૂધને એ ચોખ્ખું સમજીને ગટગટાવ્યે જાય છે. એક રીતે એ સારું પણ છે. જીવનમાં માણસની ઘણીબધી ગેરસમજો અકબંધ રહી જાય છે તેથી સંસારમાં ઘણા અકસ્માતો થતા અટકી જાય છે. તાત્પર્ય એટલું જ કે માણસની જીભ ક્યારેક ગુંડાના હાથની તલવાર બની રહે છે તો ક્યારેક ઓપરેશન કરતા ડોક્ટરના હાથમાંની છરી!

બરકત વિરાણી સાહેબે એથી જ કહ્યું છે : ‘ખબર તો પડશે ચાલ જઈએ સૌ પાસે જખમ લઈને કોણ ઊભું છે દુનિયામાં નમક લઈને મલમ લઈને...!’

**ધૂપછાંવ**

*નિહાળવા માટે હંમેશાં આંખની જરૂર પડતી નથી*
*આવડે તો ખૂન કરવા ખંજરની જરૂર પડતી નથી.*
*એક શબ્દ પૂરતો હોય છે પ્રેમ અને નફરત માટે...*
*બળી મરવા હંમેશાં સ્મશાનની જરૂર પડતી નથી!*

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી, ગણદેવી રોડ, પો. કાલિયાવાડી, જમાલપોર, નવસારી-૩૯૬ ૪૨૭. મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

# પરિવાર સમાચાર

## અવસાન નોંધ

- **ગુરુવાર, તા. ૬-૭-૨૦૧૭**

ભરતભાઈ ભોગીલાલ શાહ (ઉં.વ. ૭૩)
(લીંબડી - અમદાવાદ)

સદ્‌ગત શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યાલયમાં પૂર્વ સ્ટાફ સભ્ય હતા.

***પ્રભુ સદ્‌ગતશ્રીના આત્માને શાંતિ બક્ષે તેવી પ્રાર્થના.***

***માન હોય કે અપમાન, સમાન માને તે મહાન.***

## "કચ્છશ્રુતિ" લવાજમ

★ **આજીવન (૧૫ વર્ષ): રૂા. ૧,૫૦૦/-**
★ **૫ વર્ષના : રૂા. ૧,૦૦૦/-**
★ **૨ વર્ષના : રૂા. ૫૦૦/-**

## અભિનંદન

### નાની વયમાં મોટી સિધ્ધિ હાંસલ કરતા કૃતાર્થ સ્વાદીઆ



અમદાવાદ સ્થિત શ્રી વિનેશ અને રીટા સ્વાદીઆના સુપુત્ર ચિ. કૃતાર્થ કે જેમણે અમેરિકામાં એન્જિનિયરિંગમાં સ્નાતક અને અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી, બે વર્ષથી ત્યાંની MNCમાં કાર્યરત છે. આ બે વર્ષની કારકિર્દીમાં જ તેમણે જે પ્રોજેક્ટ કર્યો તે બદલ કંપનીએ તેમને Best Performer Award એનાયત કર્યો છે. જેમાં પ્રમાણપત્ર અને વિશેષ નાણાંકીય પ્રોત્સાહન પ્રદાન કરવામાં આવ્યું છે. ચિ. કૃતાર્થને આ જ સંશોધન કાર્ય માટે યુ.એસ. કોન્ટીનેટલ ઉપરાંત જર્મની ફ્રેન્કફર્ટ તરફથી બીજો ગોલ્ડ ઍવોર્ડ પણ એનાયત કરવામાં આવેલ છે.

તેમનું આ કાર્ય Unique જણાતા કંપનીએ તે કાર્યની વૈશ્વિક પેટર્ન ફાઈલ કરેલ છે. આમ નાની વયમાં મોટી સિધ્ધિ હાંસલ કરી દેશનું ગૌરવ વધાર્યું છે.

આ પ્રસંગે ચિ. કૃતાર્થ સ્વાદીઆને શ્રી કચ્છી સમાજ - અમદાવાદ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## દીપક ચૌહાણની રશિયાની મુલાકાતને શુભેચ્છા

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સરસ્વતી સન્માન સમિતિ (શૈક્ષણિક સમિતિ)ના કન્વીનર શ્રી દીપકભાઈ નાનાલાલ ચૌહાણ તા. ૧૦-૭-૨૦૧૭થી તા. ૧૭-૭-૨૦૧૭ સુધી રશિયાની મુલાકાતે જઈ રહેલ છે. આ મુલાકાતનો હેતુ ત્યાંની યુનિવર્સિટી સાથે પોતાની ડી.એન. પોલીટેકનિકને ટાઈ-અપ કરાવવાનો રહેલ છે.

ડી.એન. પોલીટેકનિકની સ્થાપના વર્ષ ૧૯૭૫માં શ્રી નાનાલાલભાઈ ચૌહાણે કરેલ હતી. હાલે તેનો કારોબાર તેમના સુપુત્ર શ્રી દીપક ચૌહાણ સંભાળી રહ્યા છે. ડી.એન. પોલીટેકનિક શરૂઆતમાં અમદાવાદમાં રાયપુર ખાતે કાર્યરત રહેવા પામેલ હતી. હાલે તે અમદાવાદમાં ત્રણ સ્થળેથી કાર્યરત છે તેમજ સુરત, ભાવનગર વગેરે સ્થળે પણ તેવી ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી છે. તે અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગોના યુવાઓને વિવિધ ક્ષેત્રે તાલીમ આપી તેઓના જીવન નિર્વાહ માટે પોતાનું યોગદાન આપી રહેલ છે. શરૂઆતમાં અહીં વેલ્ડર, ફીટર, વાયરમેન, ઈલેક્ટ્રિશિયન વગેરે પ્રકારના ટેકનિકલ કોર્સીસ ચાલુ રહેલ હતા. હાલે તેમાં વધારો કરી ક્લોથ સ્ટીચિંગ, એમ્બ્રોઈડરી વગેરે પ્રકારના કોર્સીસ પણ ચલાવી રહેલ છે. અનેક યુવાનો-યુવતીઓ અહીં ટ્રેઈનિંગ મેળવી પોતાના જીવનમાં આર્થિક ઉપાર્જન મેળવી રહ્યા છે.

રશિયાના મોસ્કોમાં શ્રી દીપક ચૌહાણ રશિયન સ્ટેટ સોશિયલ યુનિવર્સિટી અને મોસ્કો ટેકનિકલ યુનિવર્સિટીની મુલાકાતે જઈ આ યુનિવર્સિટી ખાતે ડી.એન. પોલીટેકનિકને ટાઈ-અપ કરવાની સંભાવના અંગે ચર્ચા વિચારણા કરવાના છે.

શ્રી દીપકભાઈ ચૌહાણને શ્રી કચ્છી સમાજ - અમદાવાદ અને તેનું મુખપત્ર 'કચ્છશ્રુતિ' આ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવે છે અને તેઓ તેમના આયોજનમાં કામિયાબ નીવડે તેવી સફળતા ઈચ્છે છે. ■

## સવ્યાસાંચી એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ - રાજકોટ

### "યાદ શક્તિનો જાદુ" : ફ્રી (નિઃશુલ્ક) સેમિનાર

### *માત્ર કલાકોમાં સંપૂર્ણ પાઠ્યપુસ્તક પેજ નંબર સાથે યાદ રાખતા શીખો*

સવ્યા સાંચી એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ - રાજકોટ જે છેલ્લા ૧૪ વર્ષથી ભારતભરના ૮ રાજ્યોના ૧૩૦ શહેરોના ૧૨ લાખથી પણ વધુ લોકોના જીવનને સફળ બનાવવામાં પ્રયત્નશીલ છે.

સવ્યાસાંચી એજ્યુકેશનના પ્રણેતા અને લાઈફ કોચ શ્રી ધર્મેશ પીઠવા વિદ્યાર્થીના જીવનમાં આવતી દરેક સમસ્યાઓ જેવી કે ભણતરમાં રસ ના હોવો, ભણતરનો ડર લાગવો, પરીક્ષાનો ડર લાગવો, પરીક્ષા સમયે જ ભૂલી જવું, વાંચેલું ભૂલી જવું વગેરે તમામનું સમાધાન પોતાના ૧૪ વર્ષના બહોળા અનુભવ તથા રિસર્ચ દ્વારા કરતા આવ્યા છે.

આવા જ બે કલાકના લાઈફ ચેન્જિંગ ફ્રી સેમિનારનું આયોજન અમદાવાદ શહેરના વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે કરેલ છે, જે નીચે મુજબ છે.

| તારીખ | સ્થળ | સમય |
|---|---|---|
| • **૧૮ તથા ૨૧ ઓગસ્ટ** | ઠાકોરભાઈ દેસાઇ હોલ, લો ગાર્ડન | સાંજે ૭ થી ૯ |
| • **૧૯ ઓગસ્ટ** | પ્રકાશ સ્કૂલ ઓડિટોરિયમ, સંદેશ પ્રેસ સામે, બોડકદેવ | રાતે ૮ થી ૧૦ |
| • **૨૦ ઓગસ્ટ** | શેઠ મંગળદાસ ટાઉન હોલ | સાંજે ૪ થી ૬ |

*જાગૃત વાલીઓએ વિદ્યાર્થી સાથે ચારમાંથી કોઈ પણ એક સેમિનારનો લાભ લેવો.*

**રજિસ્ટ્રેશન જરૂરી : ૯૩૨૮૦ ૨૮૦૨૮**

*જ્ઞાતિ એ જ્ઞાતિ છે, સમાજ નથી. સમાજનું તો તે બિંદુ માત્ર છે.*
*પ્રત્યેક વ્યક્તિએ ધાર્મિક થવું જોઈએ પણ સાંપ્રદાયિક ન થવું જોઈએ.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

*કોઈપણ વ્યક્તિ, સુજ્ઞ વાચકવર્ગને શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યાલયમાં અગર કોઈપણ ખાતા અથવા વિષયની રકમ બેંક ખાતામાં જમા કરાવવી હોય તો સમાજના બેંક ખાતાની વિગત અત્રે જણાવેલ છે.*

| | |
|---|---|
| નામ / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kutchhi Samaj – Ahmedabad.** |
| બેંક | : **ભારતીય સ્ટેટ બેંક,** પાલડી બ્રાંચ, બોની ટ્રાવેલ્સની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૦૬. |
| **Bank** | : **State Bank of India,** Paldi Branch, B/s. Bony Travels, Ahmedabad-380006. |
| ખાતા નંબર | : **૧૦૦૧૧૩૧૫૦૩૯ - A/C No. : 10011315039 • Bank Phone : (079) 26577952** |
| આઈએફએસ કોડ | : **IFS Code : SBIN0005306** |

*ઉપર મુજબ કાર્યવાહી બાદ તે ટ્રાન્ઝેક્શનની વિગત આ સમાજને **SMS,** વોટસ-અપ, પત્ર અથવા ઈ-મેઈલ દ્વારા કરવી જરૂરી છે.*

**Tel : (079) 26576184, 40076184 • Email : Kutchhisamaj@gmail.com**

**કાર્યાલયનું સરનામું : શ્રી કચ્છી સમાજ-અમદાવાદ** : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. **વોટ્સએપ : ૯૬૦૧૨૭૫૦૭૮**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### ટ્રસ્ટ મંડળની મીટિંગની હાજરી

**વર્ષ : ૨૦૧૬-૨૦૧૭ (કુલ : ૬ મીટિંગ)**

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી |
|---|---|---|
| ૧. | શ્રી અશોકભાઈ મહેતા | ૬ |
| ૨. | શ્રી જગદીશભાઈ ઠક્કર | ૨ |
| ૩. | શ્રી મનુભાઈ શાહ | ૦ |
| ૪. | શ્રી મેઘજીભાઈ પટેલ | ૦ |
| ૫. | શ્રી હિમાંશુભાઈ ઠક્કર | ૨ |
| ૬. | શ્રી મનુભાઈ કોટડિયા | ૬ |
| ૭. | શ્રી કૈલાસદાન ગઢવી | ૧ |
| ૮. | શ્રી હરીશભાઈ રંગવાલા | ૦ |
| ૯. | શ્રી ભરતભાઈ ઓઝા | ૫ |
| ૧૦. | શ્રી મનસુખભાઈ પટેલ | ૧ |
| ૧૧. | શ્રી પ્રબોધભાઈ ઠક્કર | ૦ |
| ૧૨. | શ્રી કૃણાલ નરેન્દ્ર શાહ | ૦ |
| ૧૩. | શ્રી અશોક રઘુરામ ઠક્કર | ૧ |
| | *કો-ઓપ્ટ ટ્રસ્ટીઓ :* | |
| ૧૪. | શ્રી નરસિંહભાઈ પટેલ | ૩ |
| ૧૫. | શ્રી શાંતિલાલ સાવલા | ૧ |
| ૧૬. | શ્રી મહેશભાઈ ભાનુશાળી | ૦ |

### કારોબારી સમિતિની મીટિંગની હાજરી

**વર્ષ : ૨૦૧૬-૨૦૧૭ (કુલ : ૩ મીટિંગ)**

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી |
|---|---|---|
| ૧. | શ્રી અશોકભાઈ મહેતા | ૩ |
| ૨. | શ્રી જગદીશભાઈ ઠક્કર | ૦ |
| ૩. | શ્રી મનુભાઈ શાહ | ૦ |
| ૪. | શ્રી મેઘજીભાઈ પટેલ | ૦ |
| ૫. | શ્રી હિમાંશુભાઈ ઠક્કર | ૧ |
| ૬. | શ્રી મનુભાઈ કોટડિયા | ૩ |
| ૭. | શ્રી દિનેશભાઈ મહેતા | ૨ |
| ૮. | શ્રી રજનીકાંત પારેખ | ૧ |
| ૯. | શ્રી રઘુરામભાઈ ઠક્કર | ૨ |
| ૧૦. | શ્રી અતુલભાઈ સોની | ૦ |
| ૧૧. | શ્રી સંજયભાઈ રાઠોડ | ૩ |
| ૧૨. | શ્રી પરબતભાઈ પટેલ | ૦ |
| ૧૩. | શ્રીમતી શીલ્પિબેન શાહ | ૦ |
| ૧૪. | શ્રી દીપકભાઈ ચૌહાણ | ૨ |
| ૧૫. | શ્રી હીરેનભાઈ પલણ | ૧ |
| ૧૬. | શ્રી ભારતેન્દુ શુક્લ | ૦ |
| ૧૭. | શ્રી ચિત્રસેન શાહ | ૦ |
| ૧૮. | શ્રી જયમીનભાઈ સોની | ૦ |
| ૧૯. | શ્રી જયંતીભાઈ લાકડાવાલા | ૧ |
| ૨૦. | શ્રી અમિતભાઈ સુરાણી | ૨ |
| ૨૧. | રેખાબેન પટેલ | ૧ |
| ૨૨. | શ્રી પરાગભાઈ ઠક્કર | ૧ |

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ** *સંચાલિત*

## ઠાકોરભાઈ ગૂર્જર લાઈબ્રેરી

### સાભાર સ્વીકાર

વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટના વિવેકગ્રામ પ્રકાશન - માંડવી તરફથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સંચાલિત "ઠાકોરભાઈ ગૂર્જર લાઈબ્રેરી"ને ગુરૂવાર, તા. ૬-૭-૨૦૧૭ના રોજ રૂા. ૨૦,૦૦૦/-ની કિંમતના ૧૪૨ પુસ્તકો ભેટ સ્વરૂપે મળેલ છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ વિવેકગ્રામ પ્રકાશનનો ખૂબ ખૂબ આભાર માને છે.

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

# અષાઢી બીજ અંગે સમારંભ તથા સરસ્વતી સન્માન કાર્યક્રમ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો અષાઢી બીજ અંગે કાર્યક્રમ તથા સરસ્વતી સન્માનનો કાર્યક્રમ **મંગળવાર, તા. ૧૫-૮-૨૦૧૭ (જન્માષ્ટમી)**ના રોજ આશ્રમરોડ પરની એચ.કે. કૉલેજના શ્રી ચીનુભાઈ ચીમનભાઈ સભાગૃહમાં યોજવામાં આવેલ છે. કાર્યક્રમ બપોરના બરાબર ૩.૦૦ વાગે શરૂ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસવાટ કરતા દરેક કચ્છી પરિવારને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

આ કાર્યક્રમમાં સૌ પરિવારજનોને સમયસર પધારવા અપીલ કરવામાં આવે છે. દરેકે પોતાની બેઠક બપોરના ૨.૪૫ સુધી સંભાળી લેવા વિનંતી કરવામાં આવે છે.

આ સમારંભમાં નીચેના મહાનુભાવોએ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેવાનું સ્વીકારેલ છે.

૧. *શ્રી શાંતિલાલ મુરજી સાવલા – દીપ ઈન્ડસ્ટ્રીઝ લિ.*

૨. *શ્રી પ્રવીણભાઈ માણેકલાલ રૂડાણી – મે. આર.બી. પટેલ ગ્રુપ*

૩. *શ્રી ચીમનભાઈ વલ્લભજી પલણ – બોનાફાઈડ બ્રોકર*

***સરસ્વતી સન્માનની વિગત નીચે મુજબ રહેશે.***

| | | |
|---|---|---|
| ★ | ધોરણ-૧ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને. |
| ★ | ધોરણ-૨ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને. |
| ★ | ધોરણ-૩ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને. |
| ★ | ધોરણ-૪ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને. |
| ★ | ધોરણ-૫ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને. |
| ★ | ધોરણ-૬ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને. |
| ★ | ધોરણ-૭ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને. |
| ★ | ધોરણ-૮ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને. |
| ★ | ધોરણ-૯ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને. |
| ★ | ધોરણ-૧૦ | ગુજરાત બોર્ડ તથા CBSE – એમ દરેક વિભાગમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને |
| ★ | ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) | ગુજરાત બોર્ડ તથા CBSE – એમ દરેક વિભાગમાં ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને |
| ★ | ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) | ગુજરાત બોર્ડ તથા CBSE – એમ દરેક વિભાગમાં ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને |
| ★ | કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક | ધોરણ-૧૦, ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) અને ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં ગુજરાત બોર્ડ તથા CBSE બોર્ડમાં 'એ' ગ્રુપ તથા 'બી' ગ્રુપમાં પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થિનીને. |
| ★ | ઉચ્ચ શિક્ષણ પારિતોષિક | દરેક પ્રકારના અભ્યાસક્રમમાં ૮૦ ટકાથી ઉપર લાવનાર ૩ વિદ્યાર્થીને. |

| | | |
|---|---|---|
| ★ | વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક | યુનિવર્સિટી કક્ષાએ ગોલ્ડ મેડલ તેમજ કોઈપણ ફિલ્ડમાં રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કે રાજકીય કક્ષાએ વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરેલ હોય તેવી દરેક પ્રતિભાનું સન્માન કરવામાં આવશે. |
| ★ | ડિપ્લોમા શ્રેષ્ઠતા પારિતોષિક | કોઈ પણ ફેકલ્ટીના ડિપ્લોમા કોર્સીસમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક ફેકલ્ટીના પ્રથમ ૩ વિદ્યાર્થીને. |

જે વિદ્યાર્થીઓએ પોતાના ફોર્મ હજુ સુધી ભરેલ ના હોય એ વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓએ સરસ્વતી સન્માનના ફોર્મ ભરી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસે તા. ૩૦-૭-૨૦૧૭ સુધી પહોંચાડવા અપીલ કરવામાં આવે છે. ‘કચ્છશ્રુતિ’ના ચાલુ માસના અંકમાં પણ આ ફોર્મ પ્રસારિત કરવામાં આવેલ છે.

**દીપક ચૌહાણ**
**કન્વીનર, સરસ્વતી સન્માન સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## ગ્રીન ઓર્ગન ડોનર્સ ફાઉન્ડેશન – ગોડ ફાઉન્ડેશન

ગોડ ફાઉન્ડેશનના ટ્રસ્ટ મંડળ તથા આમંત્રિતોની એક મીટિંગ શનિવાર, તા. ૧૭-૬-૨૦૧૭ના રોજ મળેલ હતી કે જેમાં (૧) શ્રી અશોક મહેતા, (૨) શ્રી હિમાંશુ ઠક્કર, (૩) શ્રી હરસુખ પટેલ, (૪) શ્રી અશ્વિન સાવલા, (૫) ડૉ. હિતેન્દ્ર શાહ, (૫) ડૉ. કેતન શાહ, (૭) શ્રી પીયૂષ પારેખ, વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં નીચેના એજન્ડા અનુસાર ચર્ચા કરવામાં આવેલ હતી.

૧. ગોડ ફાઉન્ડેશનનું બંધારણ પાસ કરવામાં આવેલ હતું.

૨. ગોડ ફાઉન્ડેશનના હોદ્દેદારોની નીચે મુજબ નિમણૂંક કરવામાં આવેલ હતી.

- ✦ *પ્રમુખ / મેનેજિંગ ટ્રસ્ટી* : શ્રી અશોક મહેતા
- ✦ *ઉપપ્રમુખ-૧* : શ્રી હિમાંશુ ઠક્કર
- ✦ *ઉપપ્રમુખ-૨* : ડૉ. સૂચિબેન શાહ
- ✦ *માનદ્ મંત્રી* : ડૉ. કેતન શાહ
- ✦ *સહમંત્રી* : શ્રી પીયૂષ પારેખ
- ✦ *ખજાનચી* : સી.એ. હરસુખ પટેલ

૩. બ્રોચર છપાવવા, ફોર્મ છપાવવા તથા વેબસાઈટ બનાવવાની જવાબદારી શ્રી હિમાંશુભાઈ ઠક્કરને સુપ્રત કરવામાં આવેલ હતી.

૪. ૨૪ કલાક કાર્યરત રહે એ પ્રમાણેનો મોબાઈલ નંબર મેળવી તેને કાર્યરત કરવાની જવાબદારી ડૉ. કેતન શાહને સુપ્રત કરવામાં આવેલ હતી.

૫. ગોડ ફાઉન્ડેશનને ટ્રસ્ટ એક્ટ હેઠળ રજિસ્ટ્રેશન કરાવવાની જવાબદારી હાલે સી.એ. હરસુખ પટેલ સંભાળી રહેલ છે. શક્ય ત્વરાએ આ કાર્યવાહી પૂર્ણ કરાવવા તેઓશ્રીને અપીલ કરવામાં આવી હતી.

**ડૉ. કેતન શાહ**
**માનદ્ મંત્રી – ગોડ ફાઉન્ડેશન**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# બાકી રહેતી સરસ્વતી સન્માનની યોજનાઓ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે ચાલુ વર્ષથી સરસ્વતી સન્માનની યોજનાને વિસ્તૃત સ્વરૂપ આપી લગભગ દરેક ધોરણ તથા ડિગ્રી અને ડિપ્લોમા કોર્સ સહિત લગભગ દરેક ફેકલ્ટીને આવરી લેતી સન્માનની યોજના દાખલ કરેલ છે.

ઉપરોક્ત નિર્ણયના અનુસંધાને મોટાભાગના પરિવારોના બાળકો આ યોજના અંતર્ગત લાભ મેળવી શકશે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદને પણ અનેક વિદ્યાર્થીઓના સન્માનનો લાભ પ્રાપ્ત થઈ શકશે.

***સરસ્વતી સન્માનની અનેક યોજનાઓના સૌજન્યનો લાભ બાકી રહે છે. નીચે આપેલ વિગત પ્રમાણેના ધોરણોના સન્માનના સૌજન્યનો લાભ લેવા સમાજના ઉદારદિલ સભ્યોને હાર્દિક અપીલ કરવામાં આવે છે.***

| ક્રમ | ધોરણ | સૌજન્યની રકમ (૧૦ વર્ષની અવધિ) | વિગત |
|---|---|---|---|
| ૧. | ધોરણ – ૧ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૨. | ધોરણ – ૨ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૩. | ધોરણ – ૩ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૪. | ધોરણ – ૪ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૫. | ધોરણ – ૫ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૬. | ધોરણ – ૬ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૭. | ધોરણ – ૭ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૮. | ધોરણ – ૮ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૯. | ધોરણ – ૯ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૧૦. | ડિપ્લોમા અભ્યાસક્રમની વિવિધ શાખાઓ | રૂા. ૧.૫૧ લાખ | કોઈ પણ ફેકલ્ટીમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને દરેક ફેકલ્ટીમાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને. |

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે ચાલુ વર્ષથી સરસ્વતી સન્માનની યોજનાના ફલકને વિશાળ સ્વરૂપ આપેલ હોવાથી, આ યોજનામાં સહયોગ આપવા દરેક ઉદારદિલ પરિવારને અપીલ કરવામાં આવે છે.

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

***<u>નોંધ</u> : ધોરણ-૮ તથા ધોરણ-૯ના સૌજન્યના નામો આવી ગયેલ છે.***

*પ્રસિદ્ધિ એ સફેદ ચાદર જેવી છે. તેના પરનો એક દાગ પણ દેખાઈ આવે છે.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## મે / જૂન / જુલાઈ - ૨૦૧૭

★ **મંગળવાર, તા. ૩૦-૫-૨૦૧૭**

- નર્મદા નદીના કચ્છને ફાળવાયેલ નિયમિત પાણી અને વધારાના પાણી વિશે શ્રી કિરીટભાઈ સંઘવી સાથે ચર્ચા કરી.
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસમાં આજરોજ ઉધઈની ટ્રીટમેન્ટ કરાવેલ હતી. લાઈબ્રેરીની કેટલીક બુક્સ પર ઉધઈની અસર આવી ગયેલ હતી.

★ **બુધવાર, તા. ૩૧-૫-૨૦૧૭**

- સ્પાન નોન ટ્રેડિંગ એસોસિએશનના નવા બંધારણ સમિતિની આજે છેલ્લી અને ફાઈનલ મીટિંગ મળેલ હતી. બધા જ ૫ સભ્યો હાજર રહેલ હતા. નવા બંધારણની એક-એક કલમ વાંચી તેને ફાઈનલ સ્વરૂપ આપેલ હતું. આ ફાઈનલ બંધારણમાં બધા જ ૫ સભ્યોની સહી કરાવી સ્પાન એસોસિએશનના ચેરમેન પર મોકલી આપવાનો સર્વાનુમતે નિર્ણય લેવાયેલ હતો.

★ **શનિવાર, તા. ૩-૬-૨૦૧૭**

- શ્રી અશોક મહેતા તથા શ્રી નિમિષ ફડકેએ શ્રી સુરેશચંદ્ર મહેતાની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી ત્યારે તેમને કચ્છમિત્ર દ્વારા પ્રકાશિત 'રણભૂમિમાં રેવા' નામની બુક આપેલ હતી. આ બુકમાં કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના નિયમિત પાણી અને વધારાના પાણી વિશેના અનેક લેખોનો સમાવેશ કરવામાં આવેલ છે.

★ **ગુરૂવાર, તા. ૮-૬-૨૦૧૭**

- સંસ્થાના ખજાનચી શ્રી મનુભાઈ કોટડિયા તથા એકાઉન્ટન્ટ શ્રી રાજુભાઈ શાહે વર્ષ ૨૦૧૬-૨૦૧૭ના હિસાબો માટે ઓડિટરશ્રીએ રજૂ કરેલ પ્રશ્નોના જવાબ લઈને ઓડિટરશ્રીની ઓફિસમાં જઈ દરેક પ્રશ્નોની વિગતવાર માહિતી તેમને આપેલ હતી.

★ **શનિવાર, તા. ૧૦-૬-૨૦૧૭**

- શ્રી કચ્છી સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટીની સમિતિની એક મીટિંગ સ્પાન ખાતે મળેલ હતી કે જ્યારે શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી અતુલભાઈ સોની, શ્રી શશીકાંતભાઈ પીંડોરિયા તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. અત્યાર સુધીની કાર્યવાહીની વિગતો શ્રી મનુભાઈ કોટડિયાએ રજૂ કરેલ હતી. રજિસ્ટ્રારની ઓફિસમાંથી અવારનવાર ક્વેરીઝ આવ્યા કરે છે તેની રજૂઆત પણ તેઓશ્રીએ કરેલ હતી. રજિસ્ટ્રારશ્રીની ઓફિસમાંથી જે પ્રશ્નો ઉઠાવવામાં આવે છે તેના વ્યવસ્થિત જવાબો આપવાનું ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ **બુધવાર, તા. ૧૪-૬-૨૦૧૭**

- 'કચ્છશ્રુતિ'માં પ્રસારિત કરવામાં આવતી વિઝિટીંગ કાર્ડ સાઈઝ જાહેરાતના વર્ષ ૨૦૧૬-૧૭ના ૪૮ બીલ બનાવી ટાઈપમાં મૂક્યા.

## હિતેચ્છુ વિજ્ઞાપનકારોને નમ્ર અપીલ

*શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ'માં સમાજ હિતેચ્છુ વિજ્ઞાપનકારોની જે જાહેરાત ગત વર્ષ દરમિયાન પ્રકાશિત થઈ છે, તેમનાં બીલ સંબંધિત દરેક વિજ્ઞાપનકારોને મોકલાવી આપવામાં આવેલ છે.*

*એક સામાજિક સંસ્થાને ડોનેશન રૂપે, આપને મોકલાયેલ બીલની રકમ સમાજના કાર્યાલયમાં મોકલાવી આપવા નમ્ર અપીલ છે.*

*કોઈપણ સમાજના મુખપત્ર માટે વિજ્ઞાપન તેનાં પ્રાણવાયુ સમાન હોય છે. એટલે આ બાબતમાં આપશ્રીના સાથ-સહકારની સમાજ અપેક્ષા રાખે છે.*

*ઉપરોક્ત પૈકી કેટલાક વિજ્ઞાપનકારો તરફથી બીલની રકમ પ્રાપ્ત થઈ છે. દરેક વિજ્ઞાપન દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.*

**– વ્યવસ્થાપક**

★ **શનિવાર, તા. ૧૭-૬-૨૦૧૭**

- ગોડ ફાઉન્ડેશનના ટ્રસ્ટ મંડળ તથા આમંત્રિતોની એક સંયુક્ત મીટિંગ મળેલ હતી કે જેમાં ગોડ ફાઉન્ડેશનનું બંધારણ પાસ કરવામાં આવેલ હતું. સંસ્થાના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવેલ હતી. વેબસાઈટ લોન્ચ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. બ્રોચર વગેરે પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. લોકોને કોન્ટેક્ટ કરવા એક મોબાઈલ નંબર મેળવી લેવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ **રવિવાર, તા. ૧૮-૬-૨૦૧૭**

- અમદાવાદ મ્યુનિસિપાલિટીની કેટલીક સ્કૂલો દત્તક લેવા શું કાર્યવાહી કરવી પડે તે અંગે કોર્પોરેટર શ્રી આશિષ ધીરુભાઈ શાહ સાથે ચર્ચા કરવામાં આવેલ હતી. તેઓ આવતા દિવસોમાં મ્યુનિ.ની સ્કૂલ સમિતિના ચેરમેન સાથે મીટિંગ કરાવી આપશે તેવું તેમણે જણાવેલ હતું.

★ **સોમવાર, તા. ૧૯૬-૨૦૧૭**

- ગોડ ફાઉન્ડેશનને ટ્રસ્ટ એક્ટ હેઠળ રજિસ્ટ્રેશન કરાવવાની જવાબદારી જે ઍડવોકેટને સુપ્રત કરવામાં આવેલ છે તે ઍડવોકેટ હર્ષિદા વસઈકર આજે સમાજની ઓફિસ પર આવેલ હતા. તેમની સાથે કેટલાક ખુલાસા સહિત ચર્ચા કરવામાં આવેલ હતી. તેમને જોઈતા પેપર્સ સુપ્રત કરવામાં આવેલ હતા.

★ **રવિવાર, તા. ૨-૭-૨૦૧૭**

- શ્રી લેવા પટેલ સમાજ - અમદાવાદનો અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભ ખાનપુર ખાતેની ભવન કૉલેજના ઓડિટોરિયમ ખાતે ઉજવવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ બોર્ડને નિમંત્રણ હોઈ, શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશભાઈ મહેતા ઉપસ્થિત રહેલ હતા. સાંસ્કૃતિક કાર્યક્રમ સમાજના બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલ હતો અને તે ખૂબ જ ઉત્કૃષ્ટ પ્રકારનો હતો. સાથે સાથે સમાજના ઇન્ટરનેશનલ લેવલના ડાન્સના બે વિશારદનો શિવ-તાંડવ નામનું નૃત્ય રજૂ કરવામાં આવેલ હતું કે જેને ઉપસ્થિત જનસમુદાયે ઊભા થઈને સ્ટેન્ડિંગ ઑવેશન આપેલ હતું.

## બિલ ગેટ્સના વિચારો

'હાઉ ટુ થિંક લાઈક બિલ ગેટ્સ' પુસ્તકમાં લેખક ડેનિયલ સ્મિથ દ્વારા ગેટ્સના વિચારો અને એની જીવનકથા રજૂ કરાઈ છે. એકવીસ વર્ષની ઉંમરે માઈક્રોસોફ્ટ કંપનીની સ્થાપના કરી વિશ્વના સાવ નાની વયના સૌથી ધનાઢ્ય વ્યક્તિઓની પ્રથમ હરોળમાં એણે સ્થાન મેળવ્યું છે. સ્કૂલમાં હતો ત્યારથી જ કમ્પ્યૂટરનો ચસકો લાગી ગયો હતો અને એ ક્ષેત્ર જ એની કરિયર બની ગયું. એણે એ જ કામ ધગશથી કર્યું જે એને ગમ્યું. ગેટ્સનું વ્યક્તિત્વ ચમત્કારિક લીડર જેવું નથી, સામાન્ય વક્તા છે. પણ સખત મહેનત, લક્ષ્યની સ્પષ્ટતા અને સાથીઓને પ્રેરણા આપવાની આવડતે એને સફળતા અપાવી છે. એ માને છે કે એકલા હાથે કંઈ જ થઈ નથી શકતું. પોતાને એ નસીબદાર માને છે કે એને સારા સાથીઓ અને પડકાર આપે તેવા સ્પર્ધકો મળ્યા હતા. પુસ્તકમાં રજૂ કરેલા બિલ ગેટ્સના અમુક વિચારો જોઈએ.

★ કોઈ અન્ય વ્યક્તિ સાથે સરખામણી કરવાનું ટાળો, એમાં પોતાની ક્ષમતાનું અપમાન છે. હું ક્યારેય શિક્ષક નથી બન્યો, હંમેશાં વિદ્યાર્થી રહ્યો છું. નવું શીખવામાં ઉંમર ક્યારેય બાધારૂપ નથી હોતી. જો ટોચ પર પહોંચવું હોય તો કંપનીમાં હંમેશાં શ્રેષ્ઠ માણસોને જ રાખો. માણસો અને પ્રોડક્ટ બંનેમાં ગુણવત્તા સાથે ક્યારેય સમજુતી ન કરો. હું માત્ર ભવિષ્ય તરફ જોઉં છું અને ભૂતકાળ પર ધ્યાન નથી આપતો.

★ દરેક નવા વિચારની શરૂઆતમાં મજાક થતી હોય છે, માટે એની પરવા કર્યા વિના આગળ વધો. મારા વિચારોના વિરોધ કરી શકે તેવા કર્મચારીઓ મને ગમે છે. આરંભની સફળતા ક્યારેક વધારે પડતો આત્મવિશ્વાસ આપી દે છે અને ખોટું જોખમ લેવાઈ જાય છે.

★ બિઝનેસ એક એવી રમત છે, જેમાં સૌથી ઓછા નિયમો છે અને કમાણી તમારું સ્કોર બોર્ડ છે. તમારા ગ્રાહકો જ તમારા શ્રેષ્ઠ શિક્ષક છે માટે એમની ફરિયાદો ઉપર ખાસ ધ્યાન આપો. કોઈ કંપની અમર નથી હોતી, ક્યારેક તો એની પડતી નિશ્ચિત છે.

વોરન બફેટે પોતાની લગભગ બધી જ સંપત્તિ-ચેરિટીમાં આપી દીધી છે. આનાથી પ્રેરિત થઈ ગેટ્સે પણ પોતાની પંચાણુ ટકા સંપત્તિનું એક ટ્રસ્ટ બનાવ્યું છે. જે મેડિકલ અને ભણતરના ક્ષેત્રમાં મદદ કરે છે. એણે કહ્યું હતું, મારાં બાળકો માટે પાંચ ટકા સંપતિ પર્યાપ્ત છે, બાકી એ જાતમહેનતથી કમાશે. માતાએ એક પત્રમાં આપેલી સલાહ એણે યાદ રાખી છે **ઈશ્વર જ્યારે આપણને ઘણું આપે છે ત્યારે એને બીજાઓ સાથે વહેંચવું જોઈએ.**

બિલ ગેટ્સ કહે છે, મને લોકો કઈ રીતે યાદ રાખશે એની ચિંતા નથી કરતો, કારકિર્દીના આરંભમાં એની કંપનીનું એક જ લક્ષ્ય હતું - ઘેર ઘેર કમ્પ્યૂટર પહોંચાડવું. આ લક્ષ્ય પ્રત્યે વફાદાર રહી એ સિદ્ધિના શિખર પર પહોંચ્યો છે.

*બકુલ બક્ષી*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## સરસ્વતી સન્માન : ૨૦૧૬-૧૭

છાત્રની તસવીર

**Name of the Student :** **Father / Husband's Name** **Surname**
છાત્રનું પૂરું નામ : ______ પિતા / પતિનું નામ : ______ અટક : ______

**Address /** સરનામું : ______

______

**Mobile / Contact No. /** મોબાઈલ / સંપર્ક નંબર : ______

**E-mail /** ઈ-મેઈલ : ______

**Gnati & Samaj's Name**
જ્ઞાતિ અને સમાજનું નામ : ______

**Date of Birth :** જન્મ તારીખ : ______ **Age /** ઉંમર : ______

**Last Academic Degree :**
છેલ્લા અભ્યાસક્રમની / ડિગ્રીની વિગત : (૧) ધોરણ ૧ થી ૯ અથવા ધોરણ-૧૧ માંથી ______
(૨) ધોરણ ૧૦ અને ૧૨ માંથી ______
(૩) ડિગ્રીની વિગત ______
(૪) ડિપ્લોમાની વિગત ______

**Name of University / College / School**
યુનિવર્સિટી / કૉલેજ / શાળાનું નામ : ______

**Result :** **Year of Passing**
પરિણામ ______ ઉત્તીર્ણ થયાનું વર્ષ : ______

**Total Marks :** **Obtained Marks** **Percentage / Grade**
કુલ માર્કસ : ______ મેળવેલા માર્કસ : ______ ટકાવારી / ગ્રેડ : ______

**Details of other Professional Courses or any special achievement, if done.**
અન્ય કોઈ પ્રોફેશનલ કોર્સ કર્યો હોય અથવા કોઈ ક્ષેત્રમાં ખાસ ઍવોર્ડ / સન્માન / મેડલ પ્રાપ્ત કર્યા હોય તો તેની વિગત

______

______

______

- ઉપરોક્ત લાભ લેવા અર્થે પરિવારના કોઈ સભ્ય સમાજના નોંધાયેલા સભ્ય હોવા જરૂરી છે.
- આપના પરિવારમાંથી નોંધાયેલ સભ્યનું પૂરું નામ કચ્છમાં ગામ નોંધણીનું વર્ષ વગેરે વિગત આપવી.

  સભ્યનું પૂરું નામ : ______ કચ્છમાં ગામ : ______ નોંધણીનું વર્ષ : ______
- સમાજ દ્વારા પ્રકાશિત થતા માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"ના આપ સભ્ય છો? હા / ના.

***Applicant's Sign.*** / વિદ્યાર્થીની સહી ***Parent/Guardian's Sign.*** / પેરેન્ટ ગાર્ડિયનની સહી

# સૂચના

૧. એક ઘરમાં એકથી વધુ વિદ્યાર્થી હોય તો સૌપ્રથમ ફોર્મની ઝેરોક્ષ કરાવવી અને ત્યારબાદ દરેક વિદ્યાર્થીના અલગ અલગ ફોર્મ ભરવા.

૨. ફોર્મમાં જણાવેલ વિગત સંપૂર્ણ અને સારી રીતે લખવી.

૩. યોગ્ય કિસ્સામાં માર્કશીટ / રીઝલ્ટની ફોટો નકલ, ફોર્મ સાથે અવશ્ય મોકલાવવી.

૪. ફોર્મની વિગત બરાબર તપાસીને શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ના સરનામા સાથે સમાજના કાર્યાલય પર મોકલાવી આપશો.

૫. શૈક્ષણિક ક્ષેત્રે કોઈ ઉચ્ચત્તમ સ્થાન મેળવીને મેડલ / ઍવોર્ડ મેળવેલ હોય તો તેની વિગત અલગ પત્રમાં જણાવવી.

૬. શિક્ષણ સિવાય અન્ય કોઈ ક્ષેત્રમાં કોઈપણ સ્થળે માન, સન્માન, ઍવોર્ડ, મેડલ વગેરે મેળવેલા હોય તો તેની વિગત પણ અલગથી જણાવવી.

૭. સંપૂર્ણ વિગત અને જરૂરી બિડાણ સાથે ફોર્મ સમાજના કાર્યાલય પર **તા. ૩૦-૦૭-૨૦૧૭ સુધી** મોકલાવી આપવું.

૮. આપના પરિવારમાંથી કોઈપણ એક સદસ્ય આ સમાજમાં નોંધાયેલા સભ્ય હોવા જરૂરી છે.



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

**HOME DESIGN**
**FURNITURE**

Showroom & Mfg. of Wooden Furniture

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

**INDOTEX**
**PAINTS**

● DURABLE ● DECORATIVE ● PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

**જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)**

ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ

સુગર બ્રોકર :

મોમાઈ સુગર કોર્પોરેશન - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
મહાકાલ સુગર સપ્લાયર્સ - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

***H. Patel & Associates***
Chartered Accountant

*Contact:*
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584

80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta,
Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982

**આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે**
**ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,**
**ફલસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ**

**વિલમોર પ્લાય પ્રા.લિ.**

All Products ISI

ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ E-mail : willmoreply@yahoo.com

સંપર્ક :
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦




**AMBICA TIMBER MART**
logs. lumber. select veneers.

THE AARYAN (Construction Company)
FORESTRY PRODUCTS (Export and Import)
ALL NATURAL (Agro and Mineral Products)

Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in Website : www.ambicatimbermart.com

**Available on HIRE**
- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

**We Provide**
- Complete equipment
  Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
**Deep Industries Limited**
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
**Deep Industries Limited**
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

**MAHESHBHAI** M. : 92272 11715

**SWASTIK**
GUM INDUSTRIES (INDIA)

MANUFACTURERS & EXPORTERS OF
*Guar Gum Refined Splits,*
*Powder & All Types of Textile Thickners,*
*Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs*

328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062
Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017 ● R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH ● POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ
કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ
સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર
શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ ● ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

PRARAMBH
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

A WORLD OF PRECISION
The cage making business is all about precision engineering
Precisely what our customers need to set the ball rolling !
TAPER ROLLER BEARING CAGES ● SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES ● BALL BEARING CAGES
POLYAMIDE CAGES ● STAMPED AUTO COMPONENTS
HARSHA ENGINEERS
Harsha Engineers Limited
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com
ISO/TS 16949:2002 CERTIFIED

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RII
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર
કરી લો ઘર આપના પોકેટમાં
વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.
श्री विष्णुधारा @ Gota. HOMES
Happiness is here.
1 & 2 BHK Apartments
સાઈટ ઓફીસઃ
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસઃ બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ,
સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯
ઉપલબ્ધ સુવિધાઓઃ
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડસ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ
યાદગાર પ્રસંગોએ
સ્વજનો-મિત્રોને ભેટ
આપવા જેવાં પુસ્તકો



ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો રૂમ
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001
ફોન : 079-22144663, e-mail : goorjar@yahoo.com
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કોલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259
ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટર પાસે
સીમા હોલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252 68759
ઈમેલ : gurjarprakashan@gmail.com

फ्रूटी भी, ज्युसी भी और मिल्की भी
सब 'मस्त है!



MICHI'S
Candies & Toffees
Manufacturer & Marketer of Confectionery Products
JRJ FOODS PVT. LTD.
#314 / 315, G.I.D.C., Phase 1, Chhatral, Taluka Kalol, Dist. Gandhinagar - 382 729. Gujarat INDIA
Phone : +91-2764-234400 / 11 / 12 • Cell : +91 99090 23957/58 • Fax : +91-2764-234200
E-mail : salessupport@jrjfoods.com • Website : www.jrjfoods.com  facebook.com/MichisTreats

The Name Says its all
II Radha Vallabh Group



Bonafide Brokers
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719
Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849
Aryan Agency
Chamanbhai : 9925070719
Jaya Marketing
Hirenkumar : 9879997777
Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. ● Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta ● Price : Rs. 18.00 ● Lifetime Subscription : Rs. 1500/-